વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થી માટે અત્યંત ઉપયોગી સાપ્તાહિક

# વર્તમાન પ્રવાહો

**Part-2** **E-COPY**

**11/09/2022 to 20/09/2022**










ભારતીય નૌકાદળના નવા ચિહ્નનું અનાવરણ કરવામાં આવ્યું.

કુનો નેશનલ પાર્કમાં ચિત્તાને ફરીથી સ્થાપિત કરવામાં આવશે.

ફાલ્ગુ નદી પર ભારતનો સૌથી લાંબો રબર ડેમ 'ગયાજી ડેમ' નું ઉદ્ઘાટન.

ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગર ખાતે અગિયારમાં 'Agri Asia Exhibition' નું ઉદ્ઘાટન કર્યું.


પેજ નં. 06 — Scheduled Tribes (ST) કેટેગરીમાં 5 રાજયોના આદિવાસીઓનો સમાવેશ.

પેજ નં. 10 — ઉત્તરપ્રદેશ સરકારે સૌથી વધુ અમૃત સરોવરોનું નિર્માણ કર્યું.

પેજ નં. 26 — ભારતીય સેનાએ 'પર્વત પ્રહાર' અભ્યાસ હાથ ધર્યો


GPSC-I/II | GPSC-III | નાયબ મામલતદાર
PSI-ASI | CONSTABLE | તલાટી | બિન સચિવાલય
BANK | SBI | IBPS | SSC | RAILWAY


(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)

# INDEX



| ક્રમ | મુદ્દાઓ | પાના નંબર |
|---|---|---|
| | **મહિનાના મુખ્ય મુદ્દાઓ :** | |
| 1 | વડાપ્રધાને કર્તવ્ય પથ અને સુભાષચંદ્ર બોઝની પ્રતિમાનું અનાવરણ કર્યું. | 05 |
| 2 | રાજ્યોમાં ટૂંક સમયમાં નીતિ આયોગ જેવી સંસ્થાઓ સ્થાપના કરવામાં આવશે. | 05 |
| 3 | ચીન સાથે જોડાયેલી ‘શેલ કંપની’ પર કાર્યવાહી | 06 |
| 4 | Scheduled Tribes (ST) કેટેગરીમાં 5 રાજ્યોના આદિવાસીઓનો સમાવેશ. | 06 |
| 5 | નવી દિલ્હી Automotive (Automobile) Component Manufacturers Association (ACMA)ની 62મી વાર્ષિક સત્રનું આયોજન કરવામાં આવ્યું. | 07 |
| | **આંતરરાજ્ય** | |
| 6 | ફાલ્ગુ નદી પર ભારતનો સૌથી લાંબો રબર ડેમ ‘ગયાજી ડેમ’ નું ઉદ્‌ઘાટન. | 09 |
| 7 | Internation Dairy Federation's world Dairy Summit (IDFWDS) 2022 નું આયોજન. | 09 |
| 8 | ઉત્તરપ્રદેશ સરકારે સૌથી વધુ અમૃત સરોવરોનું નિર્માણ કર્યું. | 10 |
| 9 | IRCTC દ્વારા નવરાત્રી સ્પેશિયલ ટૂરિસ્ટ ટ્રેન શરૂ કરવામાં આવશે. | 10 |
| | **ગુજરાત** | |
| 10 | ગુજરાતના અમદાવાદ ખાતે ભારતમાં પ્રથમવાર ‘સેન્ટર સ્ટેટ સાયન્સ એન્ડ ટેકનોલોજી મિનિસ્ટર્સ કોન્કલેવ’ નું આયોજન કરવામાં આવ્યું. | 12 |
| 11 | ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગર ખાતે અગિયારમાં ‘Agri Asia Exhibition’ નું ઉદ્‌ઘાટન કર્યું. | 12 |
| 12 | ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે અમદાવાદ ખાતે ગુજરાતની પ્રથમ ‘Cinematic Tourism Policy 2022-2027’ લોન્ચ કરી. | 12 |
| 13 | આણંદની વલ્લભ વિદ્યાનગર સ્થિત ‘સરદાર પટેલ યુનિવર્સિટી’ને ‘નેશનલ હેપીનેસ યુનિકોર્ન એવોર્ડ’ થી સન્માનિત કરવામાં આવી. | 13 |
| 14 | કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના હસ્તે સોમનાથમાં હનુમાન દાદાની 16 ફૂટ ઉંચી પ્રતિમાનું અનાવરણ કર્યું. | 13 |
| 15 | કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતશાહે સુરતના હજીરામાં ક્રિભકો (KRIBHCO) ખાતે બાયો ઈથેનોલ પ્રોજેકટનો શિલાંન્યાસ કર્યો. | 13 |
| 16 | ગુજરાતમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની નવી સરકારના એક વર્ષ પૂર્ણ થતાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે ‘વિશ્વાસ થી વિકાસ યાત્રા’ ની રાજયકક્ષાની ઉજવણી થઈ. | 13 |
| 17 | કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહના અધ્યક્ષ સ્થાને સુરતમાં ‘હિન્દી દિવસ સમારોહ – 2022’ અને ‘દ્વિતીય અખિલ ભારતીય રાજભાષા સંમેલન’નું આયોજન કરવામાં આવ્યું. | 14 |
| 18 | ગુજરાતના ગાંધીનગર ખાતે ‘શિપ રિસાયકિલંગ એન્ડ વ્હીકલ સ્કેપ પોલીસી’ અંગેનો આંતરરાષ્ટ્રીય સેમિનાર યોજાયો. | 14 |
| 19 | દેશનું મુખ્ય સંરક્ષણ પ્રદર્શન – Defexpo-2022 ની 12મી આવૃત્તિ ગાંધીનગર ખાતે આયોજિત કરવામાં આવશે. | 14 |

| ક્રમ | મુદ્દાઓ | પાના નંબર |
|---|---|---|
| | **ગુજરાત** | |
| 20 | ગુજરાતમાં સેમી – કન્ડકટર અને ડિસ્પ્લે નિર્માણ માટે 1.54 લાખ કરોડના મૂડીરોકાણ માટેના સમજુતી કરાર (MOU) થયા. | 14 |
| 21 | ગુજરાત રાજયના કલાઈમેટ ચેન્જ વિભાગ દ્વારા 'વિશ્વ ઓઝોન દિવસ' નિમિત્તે 17 થી 30 સપ્ટેમ્બર દરમ્યાન રાજય કલાયમેટ ચેન્જ અંગેના પંચામૃત – યુવા જાગૃતિ પખવાડિયાનું આયોજન કરવામાં આવ્યું. | 15 |
| 22 | દેશનો પ્રથમ એર ટેકસી પ્રોજેકટનો અમલ અમદાવાદના હાસોલ નજીક કરાશે. | 15 |
| 23 | શ્રેષ્ઠ નાણાંકીય વ્યવસ્થાપન અને વધુ સારી વસુલાતનો પ્રથમ રાષ્ટ્રીય પુરસ્કાર 'નર્મદા સુગર ધારીખેડા ફેકટરી' ને મળ્યો. | 15 |
| | **રિપોર્ટ અને ઈન્ડેકસ** | |
| 24 | Human Devlopment Report (HDR) 2021-22 જાહેર | 17 |
| 25 | The Gender Snapshot - 2022 રિપોર્ટ જાહેર | 17 |
| 26 | Crop and Food Security Assessment Mission (CFSAM) રિપોર્ટ–2022 જાહેર | 18 |
| | **અર્થવ્યવસ્થા** | |
| 27 | ભારતમાં પ્રથમ ઈલેકટ્રોનિક બેંક ગેરન્ટી (e-Bank Guarantee) જાહેર | 20 |
| 28 | નેશનલ લોજિસ્ટિક પોલિસી 2022 | 20 |
| | **યોજના, પોર્ટલ અને એપ્લીકેશન** | |
| 29 | Production linked Incentive (PLI) યોજના હેઠળ ઈલેકટ્રોનિક્સ ઉત્પાદનના પ્રથમ વિતરણને મંજૂરી. | 21 |
| 30 | E-Baal Nidan પોર્ટલમાં સુધારો કરવામાં આવ્યો. | 21 |
| 31 | પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના (PMMSY) નો બે વર્ષ પૂર્ણ | 22 |
| | **પર્યાવરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી** | |
| 32 | ફાર્માસ્યુટિકલ્સ વિભાગે "પ્રમોશન ઓફ બલ્ક ડ્રગ પાર્ક"ને મંજૂરી આપી. | 24 |
| 33 | ભારતનું પ્રથમ સ્વદેશી નિર્મિત એરક્રાફટ કેરિયર INS વિક્રાંતનું લોકાર્પણ. | 24 |
| 34 | ભારતીય નૌકાદળના નવા ચિહ્નનું અનાવરણ કરવામાં આવ્યું. | 25 |
| 35 | Quick Reaction Surface to Air Missile (QRSAM)નું પરિક્ષણ કરવામાં આવ્યું. | 25 |
| 36 | મૈત્રી સુપર થર્મલ પાવર પ્રોજેકટનું અનાવરણ | 26 |
| 37 | ભારતની પ્રથમ ઈન્ટ્રાનાસલ કોરોના રસી (Intranasal Covid Vaccine) રજૂ કરવામાં આવી. | 26 |
| 38 | ભારતીય સેનાએ 'પર્વત પ્રહાર' અભ્યાસ હાથ ધર્યો | 26 |
| 39 | કુનો નેશનલ પાર્કમાં ચિત્તાને ફરીથી સ્થાપિત કરવામાં આવશે. | 27 |
| 40 | જાપાન–ભારત મેરીટાઈમ કવાયત JIMEX-2022 | 27 |
| 41 | ઓસ્ટ્રેલિયામાં કકડુ (KAKADU) – 2022 લશ્કરી અભ્યાસ | 28 |

| ક્રમ | મુદ્દાઓ | પાના નંબર |
|---|---|---|
| | **રમત–જગત, નિમણૂક, વ્યકિત, પુસ્તક અને નિધન** | |
| 42 | વિનોબા ભાવેની 127મી જન્મજયંતી | 30 |
| 43 | ભાલાફેંક ખેલાડી નીરજ ચોપરાએ "ઝ્યુરિચ ડાયમંડ લીગ" જીતી. | 30 |
| 44 | PMLA અપીલ ટ્રિબ્યુનલના અધ્યક્ષ જસ્ટિસ મુનીશ્વર નાથ ભંડારીની નિમણૂંક. | 31 |
| 45 | કિબિથુ મિલિટરી પોસ્ટનું નામ જનરલ બિપિન રાવતના નામ પર રાખવામાં આવ્યું. | 31 |
| 46 | વોલ્કર ટર્ક માનવ અધિકાર માટે સંયુકત રાષ્ટ્ર હાઈ કમિશ્નર તરીકે નિયુકત | 32 |
| 47 | FIFA U-17 મહિલા વિશ્વકપ 2022 ભારતમાં આયોજિત કરવામાં આવશે. | 32 |
| | **એવોર્ડ અને પુરસ્કાર** | |
| 48 | ડૉ. અસગર વજાહતને 31મો વ્યાસ સન્માન | 33 |
| | **મહત્વના દિવસો** | |
| 49 | 9 સપ્ટેમ્બર : હિમાલય દિવસ (Himalaya Day) | 34 |
| 50 | 10 સપ્ટેમ્બર – વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ (World Suicide Prevention Day) | 34 |
| 51 | 12 સપ્ટેમ્બર : દક્ષિણ – દક્ષિણ સહકાર માટે આંતરરાષ્ટ્રીય દિવસ (International Day for South South Co-operation) | 35 |
| 52 | 14 સપ્ટેમ્બર : રાષ્ટ્રીય હિન્દી દિવસ | 35 |
| 53 | 15 સપ્ટેમ્બર – દૂરદર્શન સ્થાપના દિવસ | 35 |
| 54 | 15 સપ્ટેમ્બર – આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસ (International Democracy Day) | 36 |
| 55 | 15 સપ્ટેમ્બર : રાષ્ટ્રીય ઈજનેર દિવસ (National Engineer Day) | 37 |
| 56 | 16 સપ્ટેમ્બર – વિશ્વ ઓઝોન દિવસ (World Ozone Day) | 37 |
| 57 | 17 સપ્ટેમ્બર : વિશ્વ દર્દી સલામતી દિવસ (World Patient Safety Day) | 38 |
| 58 | 18 સપ્ટેમ્બર : વિશ્વ વાંસ દિવસ (World Bamboo Day) | 38 |
| 59 | 18 સપ્ટેમ્બર : આંતરરાષ્ટ્રીય સમાન વેતન દિવસ (International Equal Pay Day) | 38 |
| | **Current Affairs Booster** | 39 |
| | **Facts.... Inshort** | 48 |

# 1 મહત્વના મુખ્ય મુદ્દાઓ

## વડાપ્રધાને કર્તવ્ય પથ અને સુભાષચંદ્ર બોઝની પ્રતિમાનું અનાવરણ કર્યું.




- તાજેતરમાં ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા 'કર્તવ્ય પથ' અને ઈન્ડિયા ગેટ પર નેતાજી સુભાષચંદ્ર બોઝની, પ્રતિમાંનું અનાવરણ કરવામાં આવ્યું છે.
- આ પ્રતિમા કેન્દ્રના 13,450 કરોડ રૂપિયાના સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેકટનો એક ભાગ છે જેમાં સંસદની નવી ઈમારત પણ છે.
- રાજપથથી કર્તવ્ય પથ સુધી આ રોડની બંને બાજુએ 15.5 કિલોમીટર લાંબો વોકવે (Walk Way) લાલ ગ્રેનાઈટથી બનાવવામાં આવ્યો છે.
- કુલ કેનાલ વિસ્તારની લગભગ 19 એકર જમીનનું નવીનીકરણ કરવામાં આવ્યું છે. અને આ વિસ્તારોમાં 16 પુલ બાધવામાં આવ્યો છે.
- કર્તવ્ય પથનો 3.90 લાખ ચોરસ મીટરના વિસ્તારને ચારેબાજુથી હરિયાળી સાથે વિકસાવવામાં આવ્યો છે.

### Rajpath વિશે....

- રાજપથ એ બ્રિટિશ શાસન દરમિયાન ત્રણ કિલોમીટરનો વિસ્તાર 100 કરતા વધુ વર્ષ પહેલા નવી દિલ્હીના આર્કિટેક એડવિન લ્યુટિયન્સ અને હર્બર્ટ બેકર દ્વારા બાંધવામાં આવ્યો હતો, જે 'કિંગસવે' તરીકે પણ જાણીતો હતો, જેનું નામ આઝાદી પછી બદલીને 'રાજપથ' કરવામાં આવ્યું હતું.
- વર્ષ 1911 માં બ્રિટિશ રાજે તેની રાજધાની કલકત્તાથી નવી દિલ્હીને બનાવ્યા બાદ રાજપથ બાધવામાં આવ્યો હતો.
- આ રાજપથનું નામ હાલમાં 'કર્તવ્ય પથ' કરવામાં આવ્યું છે.

## રાજયોમાં ટૂંક સમયમાં નીતિ આયોગ જેવી સંસ્થાઓ સ્થાપના કરવામાં આવશે.




- તાજેતરમાં National Institution for Transforming India (NITI) Ayog દ્વારા દરેક રાજયને વર્ષ 2047 સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનવાના વિઝન સાથે ઝડપી અને સમાવેશી આર્થિક વૃદ્ધિ માટે તેમના આયોજન બોર્ડને બદલીને તેની સમાન સંસ્થાઓ (State Institute for Transformation) ની સ્થાપના કરવામાં આવશે.
- નીતિ આયોગ અનુસાર માર્ચ 2023 સુધીમાં 8 થી 10 રાજયોમાં નીતિ આયોગ જેવી સંસ્થાની સ્થાપના કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.
- નીતિ આયોગ મુજબ કર્ણાટક, ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ અને આસામ એ 4 રાજયોમાં નીતિ આયોગની સંસ્થા સ્થાપવાનું કામ શરૂ થઈ ગયું છે, તથા મહારાષ્ટ્ર, ઓડિશા, આંધપ્રદેશ અને ગુજરાતમાં ટૂંક સમયમાં કામ શરૂ થશે.

### Niti Ayog (National Institution for Tranforming India) વિશે....

**રચના** : 1લી જાન્યુઆરી, 2015
**વડુમથક** : નવી દિલ્હી
**અધ્યક્ષ** : નરેન્દ્ર મોદી (હોદ્દાની રૂએ વડાપ્રધાન)
**ઉપાધ્યક્ષ** : સુમન બેરી
**CEO** : પરમેશ્વરન અયર

## ચીન સાથે જોડાયેલી 'શેલ કંપની' પર કાર્યવાહી

- તાજેતરમાં Serious Fraud Investigation office (SFIO) દ્વારા ચીન સાથે જોડાયેલી શેલ કંપનીઓ (Shell Companies) ના સ્થાપક અને ડમી ડિરેક્ટરોના સપ્લાય સાથે વ્યાપક રેકેટના માસ્ટરમાઈન્ડની ધરપકડ કરવામાં આવી છે.
- SFIO ને સરકાર દ્વારા Jillian Consultants India Pvt. Ltd. સાથે અન્ય 32 કંપનીઓની તપાસ સોપવામાં આવી છે.
- SFIO એજન્સી દ્વારા ડોર્ટસે નામના વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે, જે Jillian Consultants India Pvt. Ltd., ના બોર્ડમાનો સભ્ય છે.

❖ **SHELL COMPANIES વિશે....**

- શેલ કંપની એક એવી પેઢી (Firm) છે, જે અર્થતંત્રમાં કોઈ કામગીરી કરતી નથી, પરંતુ તે અર્થતત્રમાં ઔપચારિક રીતે નોંધાયેલ, સમાવિષ્ઠ અથવા કાયદેસર રીતે સંગઠિત કંપની છે.
- આ કંપનીઓનો ઉપયોગ કેટલીવાર ગેરકાયેદેસર રીતે કરવામાં આવે છે જેમ કે કાયદાનું અમલીકરણ અથવા વ્યવસાયની માલિકી છુપાવવા માટે ઉપયોગ કરવામાં આવે છે.

### Serious Fraud Investigation Office (SFIO) વિશે....

| | | |
|---|---|---|
| **સ્થાપના** | : | 2 જુલાઈ 2003 (એક ઠરાવ દ્વારા સ્થાપના) |
| **મંત્રાલય** | : | કોર્પોરેટ બાબતોના મંત્રાલય હેઠળની એક સંસ્થા છે. |
| **મુખ્ય કાર્યાલય** | : | નવી દિલ્હી |
| **નેતૃત્વ** | : | ભારત સરકારના જોઈન્ટ સેક્રેટરી રેન્કના અધિકારી વિભાગના વડા તરીકે ડિરેક્ટર કરે છે. |
| **વૈધાનિક દરરજો** | : | કંપની એકટ 2013 ની કલમ 211 મુજબ SFIO ને વૈધાનિક દરજ્જો આપવામાં આવ્યો હતો. |

## Scheduled Tribes (ST) કેટેગરીમાં 5 રાજયોના આદિવાસીઓનો સમાવેશ.

- તાજેતરમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટ દ્વારા 5 રાજયોના આદિવાસીઓને અનુસૂચિત જનજાતિ (Scheduled Tribes) માં સમાવેશ કરવા માટે મંજૂરી આપવામાં આવી છે.
- આ પાંચ રાજયોમાં છત્તીસગઢ, તમિલનાડું, કર્ણાટક, હિમાચલ પ્રદેશ અને ઉત્તર પ્રદેશ છે જેમાંથી 12 સમુદાયોને ST યાદીમાં સામેલ કરવામાં આવ્યા છે.
- આ પહેલા અન્ય સમુદાયો કે જેમને ST નો દરજ્જો આપવામાં આવ્યો છે જેમાં ઉત્તર પ્રદેશના ભદોહી જિલ્લામાં તેમની પાંચ પેટા જાતિઓ સાથે ગોંડ, કર્ણાટક બેટ્ટા કુરુબા સમુદાય, છત્તીસગઢમાં બિંઝિયા અને તામિલનાડુમાં નારીકુરાવન અને કુરુવિકરણ સમુદાયનો સમાવેશ થાય છે.



- આ આદિજાતિ સમુદાય હિમાચલ પ્રદેશના કુરુવિકરણ જોવા મળે છે, જેમનું નામ બજારોમાં ધરેલું શાકભાજી, પાક, માંસ અને ઉન વેચવાની પરપરાંથી રાખવામાં આવ્યું છે, જેને હાટ પણ કહેવાય છે.
- આ સમુદાયો વર્ષ 1967 થી ST યાદીમાં અનુસૂચિત જનજાતિના દરજ્જાની માંગ કરી રહ્યા હતા, ત્યારે ઉત્તરાખંડના જૌનસર બાવર વિસ્તારમાં રહેતા આદિવાસી લોકોને ST યાદીમાં દરજ્જો આપવામાં આવ્યો હતો, જે હિમાચલ પ્રદેશના સિરમૌર જિલ્લા સાથે સરહદ ધરાવે છે.
- લોકુર પેનલની ભલામણોના આધારે તામિલનાડુંમાં નારીકુરાવન અને કુરુવિકરણ વર્ષ 1965 થી ST દરજ્જોની માંગ કરી રહ્યા હતા.
- ST યાદીમાં નવા લિસ્ટેડ સમુદાયોને દેશમાં અનુસૂચિત જનજાતિને લક્ષિત કરતી વર્તમાન યોજનાઓનો લાભ મળશે.
- આ સમુદાયોના સભ્યોને સેવાઓમાં અનામત અને શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશનો લાભ પણ મળશે.

❖ **ST યાદીમાં સામેલ કરવાની પ્રક્રિયા**

- ST યાદીમાં આદિવાસીઓને સામેલ કરવાની પ્રક્રિયા સંબંધિત રાજય સરકારોની ભલામણો સાથે શરૂ થાય છે, જે પછી આદિજાતિ બાબતોના મંત્રાલયને મોકલવામાં આવે છે, જે સમીક્ષા કરે છે. અને મંજૂરી માટે ભારતના રજિસ્ટ્રાર જનરલને મોકલે છે.
- આ યાદીને અંતિમ નિર્ણય માટે કેબિનેટને મોકલવામાં આવે તે પહેલા અનુસૂચિત જનજાતિ માટે રાષ્ટ્રીય આયોગની (National Commission for scheduled Tribe) મંજૂરી લેવામાં આવે છે.

### વિશેષ....

% ભારતની વસતી ગણતરી 2011 મુજબ કુલ અનુસૂચિત જાતિ (SC) 16.6% છે, જ્યારે ગુજરાતમાં 6.74% છે.
% ભારતની વસતી ગણતરી 2011 મુજબ કુલ અનુસૂચિત જનજાતિ (ST) 8.6% છે, જ્યારે ગુજરાતમાં 14.75% છે.
% ભારતની વસતી ગણતરી 2011 મુજબ કુલ અનુસૂચિત જનજાતિના કુલ 705 જૂથો છે, જ્યારે ગુજરાતમાં કુલ 32 જૂથો છે.
% ભારતમાં સૌથી વધુ અનુસૂચિત જાતિ (SC) ઉત્તરપ્રદેશ રાજ્યમાં છે, જ્યારે સૌથી ઓછી વસતી મિઝોરમ રાજ્યમાં છે.
% ભારતમાં સૌથી વધુ અનુસૂચિત જનજાતિ (ST) મધ્યપ્રદેશ રાજ્યમાં છે, જ્યારે સૌથી ઓછી વસતી ગોવા રાજ્યમાં છે.
% ગુજરાતમાં સૌથી વધુ અનુસૂચિત જનજાતિ (ST) ડાંગ જિલ્લામાં છે, જ્યારે સૌથી ઓછી વસતી ભાવનગર જિલ્લામાં છે.

## નવી દિલ્હી Automotive (Automobile) Component Manufacturers Association (ACMA)ની 62મી વાર્ષિક સત્રનું આયોજન કરવામાં આવ્યું.

- તાજેતરમાં કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ, ખાદ્ય અને જાહેર વિતરણ તથા કાપડ મંત્રી પીયૂષ ગોયલ દ્વારા Automotive Component Manufacturers Association (ACMA) ના 62 માં વાર્ષિક સંત્રમાં જણાવ્યું કે Automobill (Automotive) Industry પરિવર્તનાના તબક્કે છે અને ઝડપી વિકાસ માટે તૈયાર છે.
- આ સત્રની થીમ 'Future for Mobility – Transforming to be ahead of opportunity' છે.
- આ સત્રમાં ઓટોમોબાઈલ ઉદ્યોગ માટે 5 પોઈટનો એકશન એજન્ડા આપવામાં આવ્યો છે, જે નીચે મુજબ છે.

**Automotive Components Manufacturers Association (ACMA) વિશે....**

**શરૂઆત :** વર્ષ 1959
**સભ્યો :** 800 થી વધુ ઉત્પાદકોની સદસ્યતા
**વડુમથક :** નવી દિલ્હી
- આ દેશના રાષ્ટ્રીય GDP માં 2.3% યોગદાન આપે છે.

(1) વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનવા અને આયાત પર નિર્ભરતા ઘટાડવા માટે ગુણવત્તા પર ધ્યાન કેન્દ્રીત કરવું.
(2) મૂલ્ય વર્ધન (Value Addition) પર ભાર મૂકવો.
(3) બિન સ્પર્ધાત્મક બજારમાંથી બહાર નીકળો અને એવા ક્ષેત્રોમાં નવી બજાર તકો શોધો જયાં આપણે સ્પર્ધાત્મક બની શકીએ.
(4) ઉદ્યોગ માટે વ્યાપક ઉદ્દેશ, આક્રમક લક્ષ્યો અને મહત્વાકાક્ષાંઓ સેટ કરો.

❖ **વિશેષ :**
- ઓટોમોબાઈલ (Automotive) ઉદ્યોગમાં પેસેન્જર વાહનો, વાણિજ્યિક વાહનો, 3 વ્હીલર્સ, 2 વ્હીલર અને તમામ ઓટોમોબાઈલ વાહનોનો સમાવેશ થાય છે.
- ભારતમાં ઓટોમોટિવ બજારનું મુલ્ય વર્ષ 2021 માં USD 100 બિલિયન હતુ, જે વર્ષ 2027 સુધીમાં વધીને USD 160 બિલિયન થવાની ધારણા છે.
- 40 લાખથી વધુ મોટર વાહનોના સરેરાશ વાર્ષિક ઉત્પાદન સાથે ભારત વિશ્વમાં 4 ક્રમે છે.
- ઓટોમોબાઈલ ઉદ્યોગનો Gross Domestic Product (GDP)માં હિસ્સો 7.1% અને ભારતની નિકાસમાં 4.7 % છે.

GPSC દ્વારા 16th October, 2022 ના રોજ લેવાનાર

# Dy.SO

# નાયબ મામલતદાર

## Prelims માટે MOCK TESTS

સંસ્થાના જુના તેમજ વર્તમાન વિદ્યાર્થીઓ માટે ફ્રી રહેશે.

વર્તમાન પરીક્ષા પદ્ધતિને આધારે અનુભવી ટીમ દ્વારા તૈયાર કરવામાં આવેલ આદર્શ

**Model Papers**

**Mock Test Time Table**

200 Marks — 2 Hours

| Date | Test |
|---|---|
| Mock Test - 1 | 25th Sept |
| Mock Test - 2 | 27th Sept |
| Mock Test - 3 | 30th Sept |
| Mock Test - 4 | 02nd Oct |
| Mock Test - 5 | 04th Oct |
| Mock Test - 6 | 06th Oct |
| Mock Test - 7 | 07th Oct |
| Mock Test - 8 | 09th Oct |

માત્ર RS. 400 / -

Mock Test આપવા માટે આપનું નામ નોંધાવવું જરૂરી છે

(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)

આ Mock Tests સંસ્થાની દરેક શાખાઓ પર આપી શકાશે

Surat (HO) Ph. : 70466 33255

Varachha (Surat) Ph. : 70464 16555

Navsari Ph. : 70466 41555

Vyara Ph. : 90998 64658

# 2 આંતરરાજ્ય

## ફાલ્ગુ નદી પર ભારતનો સૌથી લાંબો રબર ડેમ 'ગયાજી ડેમ' નું ઉદ્‌ઘાટન.

- તાજેતરમાં બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર દ્વારા બિહારમાં વિષ્ણુપદ મંદિર પાસે ફાલ્ગુ નદી પર દેશના સૌથી મોટા રબર ડેમ 'ગયાજીડેમ' અને સ્ટીલ બ્રિજનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે.
- આ રબર ડેમ અને સ્ટીલ બ્રિજનો શિલાન્યાસ 22 સપ્ટેમ્બર 2020 ના રોજ બિહારના મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવ્યો હતો.
- આ ડેમ (ગયાજી ડેમ) નું નિર્માણ IIT રૂરકીના નિષ્ણાતોની સલાહ પર હૈદરાબાદની નાગાર્જુન કન્સ્ટ્રક્શન કંપનીના અને ઓસ્ટ્રિયા (યુરોપનું એક દેશ) ની રૂબીના કંપની દ્વારા કરવામાં આવ્યું છે.
- તીર્થયાત્રીઓ માટે સીતા કુંડની મુલાકાત લેવા સ્ટીલ બ્રિજ પણ બનાવવામાં આવ્યો છે.
- આ રબરડેમ 17 મી.મી. જાડા રબરનો બનેલો છે અને તેની લંબાઈ 60 થી 65 મીટર, પહોળાઈ 411 મીટર અને ઉંચાઈ 3 મીટર છે. અને ડેમમાં પાણી લગભગ 2.5 કિલોમીટર સુધી સંગ્રહિત થશે.
- આ ડેમ નિષ્ણાતો મુજબ બૂલેટપ્રુફ છે, જે 100 વર્ષ સુધી સંરક્ષિત રહેશે અને આ ડેમ ફાલ્ગુ નદીમાં આખું વર્ષ પાણી સંગ્રહ કરવામાં મદદ કરશે.
- આ ડેમ પર લગભગ 1000 મીટરની લંબાઈમાં નદીની નીચે રબર શીટ લગાવવામાં આવી છે.




### Falgu River વિશે....

- ફાલ્ગુ નદી ઝારખંડના પલામું જિલ્લામાંથી ઉદ્‌ભવે છે અને તે બિહારના ગયા શહેરમાંથી પસાર થાય છે.
- આ નદીનું મહત્વ હિન્દુ અને બૌદ્ધ ધર્મમાં છે.
- આ નદીની લંબાઈ લગભગ 135 કિલોમીટર છે, જે ગયા શહેરની નજીક લીલાજન નદી અને મોહના નદીના સંગમ પર શરૂ થાય છે, ત્યારબાદ પુન પુન નદીમાં જોડાય છે.

### Bihar વિશે....

**રાજધાની** : પટના
**મુખ્યમંત્રી** : નીતિશ કુમાર
**રાજયપાલ** : ફાગુ ચૌહાન

## Internation Dairy Federation's world Dairy Summit (IDFWDS) 2022 નું આયોજન.




- તાજેતરમાં ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ગ્રેટર નોઈડામાં એક્સ્પો સેન્ટર એન્ડ માર્ટ ખાતે 'International Dairy Federations world dairy summit (IDFWDS) 2022 નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે.
- આ સમિટમાં વડાપ્રધાનના જણાવ્યાં મુજબ ડેરી ઉદ્યોગ ક્ષમતા માત્ર ગ્રામીણ અર્થતંત્રને પ્રોત્સાહન આપતું નથી, પરંતુ વિશ્વભરના લોકો માટે આજીવિકાનો એક મહત્વપૂર્ણ સ્ત્રોત બનશે.
- આ ચાર દિવસીય સમિટ 12 થી 15 સપ્ટેમ્બર દરમિયાન યોજાશે.
- International Dairy Federation's World dairy summit વૈશ્વિક ડેરી સેકટરની વાર્ષિક બેઠક છે, જેમાં સમગ્ર વિશ્વમાં દેશોમાંથી લગભગ 1500 સહભાગીઓ હાજરી આપશે. આ પ્રકારની છેલ્લી સમિટ વર્ષ 1947 માં થઈ હતી.
- આ મિટિંગ મુજબ વર્ષ 2025 સુધીમાં 100% પ્રાણીઓના રોગો પગ, મોઢાના રોગ અને બ્રુસેલોસિસ સામે રસી આપવામાં આવશે.
- આ સમિટ માટે વર્ષ 2022 ની થીમ 'Dairy for nutrition and livelihood' છે.
- આ સમિટ ડેરી ઉદ્યોગના નિષ્ણાતોને સલામત અને ટકાઉ ડેરી સાથે વિશ્વને પોષણ આપવા માટે કેવી રીતે યોગદાન આપી શકે તેના પર જ્ઞાન અને વિચારોની માહિતી પૂરી પાડવા માટે એક મંચ આપશે.
- આ સમિટ તેના સહભાગીઓને વ્યાપક પ્રમાણમાં વૈશ્વિક ડેરી ક્ષેત્ર સાથે સંબંધિત નવીનતમ સંશોધન તારણો અને અનુભવો પર જ્ઞાન મેળવવાની તક મળશે.

❖ **ભારતમાં ડેરી ઉદ્યોગની સ્થિતિ**

- દૂધ ઉત્પાદનમાં ભારત વિશ્વમાં પ્રથમ ક્રમે છે, જે વૈશ્વિક દૂધ ઉત્પાદનમાં 23% નું યોગદાન આપે છે ત્યાર બાદ યુનાઈટેડ સ્ટેટ્સ, ચીન, પાકિસ્તાન અને બ્રાઝિલ આવે છે.
- ભારતમાં વધારે પ્રમાણમાં દૂધનું ઉત્પાદન કરતા 5 રાજયો છે જેમા પ્રથમ ક્રમે ઉત્તરપ્રદેશ (14.9%), બીજા ક્રમે રાજસ્થાન (14.6%), ત્રીજા ક્રમ મધ્યપ્રદેશ (8.6%), ચોથાક્રમે ગુજરાત (7.6%) અને પાચમાં ક્રમે આંધ્રપ્રદેશ (7.0%) છે.
- ભારતમાં વર્ષ 2021 માં 210 મિલિયન ટન દુધનું ઉત્પાદન થયું છે જે વર્ષ 2014 માં ફકત 146 મિલિયન ટન હતું.
- ભારત સરકારે ડેરી ઉદ્યોગના સુધારણ માટે અનેક પગલાં લીધા છે, જેના પરિણામે છેલ્લા 8 વર્ષમાં દૂધ ઉત્પાદનમાં 44% થી વધુનો વધારો થયો છે.
- ભારતમાં ડેરી સેકટર 8 કરોડથી વધુ પરિવારોને રોજગારી પ્રદાન કરે છે.

## ઉત્તરપ્રદેશ સરકારે સૌથી વધુ અમૃત સરોવરોનું નિર્માણ કર્યું.

- તાજેતરમાં ભારત સરકારના મહત્વાકાંક્ષી મિશન અમૃત સરોવર હેઠળ ઉત્તરપ્રદેશ દ્વારા સૌથી વધુ સરોવરોનું નિર્માણ કરવામાં આવ્યું છે, અને ઉત્તરપ્રદેશ સરકાર 1.20 લાખ અમૃત સરોવર બાંધવાનું આયોજન કરી રહયું છે.



- ઉત્તરપ્રદેશ સરકાર દ્વારા 8,462 અમૃત સરોવરોનું નિમાર્ણ કરવામાં આવ્યું છે, જેનો ઉદ્દેશ ભાવિ પેઢી માટે પાણીનું સંરક્ષણ કરવાનો છે.
- અમૃત સરોવર મિશન હેઠળ મધ્યપ્રદેશ (1668 સરોવર), જમ્મુ અને કાશ્મીર (1458 સરોવર), રાજસ્થાન (898 સરોવર) અને તમિલનાડુ (818 સરોવર) બાંધવામાં આવ્યા છે.
- આ મિશન હેઠળ ઉત્તરપ્રદેશમાં લખીમપુર ખેરીમાં સૌથી વધુ 256 અમૃત સરોવરોનું નિમાર્ણ કરવામાં આવ્યું છે, ત્યારબાદ ગોરખપુર (245) અને પ્રતાપગઢ (231) ક્રમશઃ બીજા અને ત્રીજા ક્રમે છે.
- અમૃત સરોવરોનું મોટા પાયે નિમાર્ણ રાજયમાં ગ્રામીણ વસ્તીના મોટા વર્ગને રોજગારી પ્રદાન અને તેમની આવકમાં વધારો કરે છે.
- આ અમૃત સરોવરોના નિર્માણના લીધે રાજયમાં ખેડૂતોને સિંચાઈમાં મદદ મળે છે.
- આ મિશન હેઠળ સમ્પૂર્ણ રીતે થયેલ અમૃત સરોવરનો ઉપયોગ ખેડૂતો દ્વારા આવકના વધારાના સ્ત્રોત તરીકે માછલી ઉછેર માટે પણ કરવામાં આવે છે.

### Amrut Sarovar Mission વિશે....

**શરૂઆત :** 24 એપ્રિલ 2022 (રાષ્ટ્રીય પંચાયતની રાજ દિવસ પર)
**હેતું :** સમગ્ર ભારતમાં તમામ જિલ્લાઓમાં જળાશયો (Water bodies) ના વિકાસને પુર્નજીવિત કરીને જળ સંરક્ષણને પ્રોત્સાહન આપવું.
**મંત્રાલય :** કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રાલય (મંત્રી ગિરિરાજ સિંહ)

- આ મિશન 15 ઓગસ્ટ 2023 સુધી પૂર્ણ થવાની સંભાવના છે.
- ભારતમાં આ મિશન હેઠળ 50,000 જળાશયો (Water bodies ) ને 1 એકર જમીનની અંદર બનાવવામાં આવ્યા છે.
- આ મિશન હેઠળ દરેક અમૃત સરોવર 10,000 ઘન મીટર પાણીની ક્ષમતા સાથે લગભગ 1 એકરનું રહેશે.

## IRCTC દ્વારા નવરાત્રી સ્પેશિયલ ટૂરિસ્ટ ટ્રેન શરૂ કરવામાં આવશે.




- તાજેતરમાં ભારત સરકારના રેલવે મંત્રાલય હેઠળ જાહેર ક્ષેત્રના ઉપક્રમ Indian railway catering and tourism corporation (IRCTC) દ્વારા કટરા (જમ્મુ અને કાશ્મીર) થી વૈષ્ણો દેવી જવા માટે નવરાત્રી સ્પેશિયલ ટૂરિસ્ટ ટ્રેન (Navaratri Special Tourist Train) 30 સપ્ટેમ્બરના રોજ ભારત ગૌરવ પ્રવાસી ટ્રેન સાથે શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે.
- આ સ્પેશિયલ ટૂરિસ્ટ ટ્રેનની પ્રથમ યાત્રા 30 સપ્ટેમ્બર 2022 ના રોજ કટરા માટે શરૂ થશે, જે જમ્મુ અને કાશ્મીરમાં ત્રિકુટ પર્વતની નીચે સ્થિત એક શહેર છે, જ્યાં વૈષ્ણો દેવીનું પવિત્ર મંદિર આવેલું છે.
- આ ટ્રેનની મુસાફરી 4 રાત અને 5 દિવસ સુધી ચાલશે તથા આ ટ્રેન દિલ્હીના સફદરગંજ રેલવે સ્ટેશનની કટરા સુધીની મુસાફરી કરશે.
- આ ટૂર પેકેજ ગાઝિયાબાદ, મેરઠ, મુઝફ્ફરનગર, સહારનપુર, અંબાલા, સરહિંદ અને લુધિયાણાના પ્રવાસીઓને વૈષ્ણો દેવીની મુસાફરી કરાવવાનો લક્ષ્ય રાખે છે.
- આ ટૂર પેકેજની કિંમતમાં ટ્રેનની મુસાફરી, AC હોટલમાં રાત્રી રોકાણ ; ભોજન, બસમા તમામ ટ્રાન્સફર અને જોવાલાયક સ્થળો, ટ્રાવેલ ઈન્શ્યોરન્સ અને ગાઈડની સેવાઓની સમાવેશ થાય છે.

## Bharat Gaurav Tourist Train વિશે....

**શરૂઆત :** જુન 2022
**હેતું :** પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે
**મંત્રાલય :** ભારત સરકારના રેલવે મંત્રાલય (મંત્રી અશ્વિની વૈષ્ણવ)

- રામાયણ યાત્રા સર્કિટને પ્રોત્સાહન આપવા માટે ભારત ગૌરવ ટ્રેનની પ્રથમ યાત્રા શરૂ કરવામાં આવી હતી.



# 3 ગુજરાત

## ગુજરાતના અમદાવાદ ખાતે ભારતમાં પ્રથમવાર 'સેન્ટર સ્ટેટ સાયન્સ એન્ડ ટેકનોલોજી મિનિસ્ટર્સ કોન્કલેવ' નું આયોજન કરવામાં આવ્યું.




- દેશમાં વિજ્ઞાન & ટેકનોલોજી ક્ષેત્રના પડકારો અને રાજયોની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને અમદાવાદના સાયન્સ સિટી ખાતે 'સેન્ટર સ્ટેટ સાયન્સ એન્ડ ટેકનોલોજી મિનિસ્ટર્સ કોન્કલેવ' નું આયોજન કરવામાં આવ્યું. જેનું વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા વર્ચ્યુઅલી રીતે ઉદ્ઘાટન કરવામાં આવ્યું.
- ભારત સરકાર અને ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ દ્વારા આ કોન્કલેવમાં સાયન્સ, ટેકનોલોજી & ઈનોવેશન (STI) વિઝન 2047 સાથે 'અનુસંધાન સે સમાપાન' ની ટેગલાઈન સાથે વિવિધ રાજય અને કેન્દ્રશાસિત પ્રદેશો સંબંધિત નવી ટેકનોલોજી અને 'જીવનની સરળતા' પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.
- આ કોન્કલેવમાં તમામ 28 રાજયોના વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રીઓ અને 8 કે.શા. પ્રદેશોના પ્રશાસકોએ હાજરી આપી હતી.

## ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગર ખાતે અગિયારમાં 'Agri Asia Exhibition' નું ઉદ્ઘાટન કર્યું.




- આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે ખેતીમાં હવામાનુકુલન અદ્યતન ટેકનોલોજીના ઉપયોગથી પાકવૃદ્ધિ અને કિસાન સમૃદ્ધિની બાબતમાં ગુજરાત અગ્રેસર રહ્યું છે.
- આ પ્રદર્શનમાં કૃષિ ખેડુત કલ્યાણ અને સરકાર વિભાગ અંતર્ગત પ્રાકુતિક કૃષિ થીમના આધારિત પેવેલિયનની સાથે સાથે અમુલ ઓર્ગેનીક ફર્ટિલાઈઝર્સ, ઈફકો, ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની સહિત કૃષિ અને પશુપાલન સંબંધિત ટેકનોલોજી આધારિત વિવિધ કંપનીના સ્ટોલ્સનો આ પ્રદર્શનમાં સમાવેશ થાય છે.

❖ **એગ્રી એશિયા પ્રદર્શન વિશે :**

- આ પ્રદર્શનની શરૂઆત વર્ષ 2011 માં થઈ હતી.
- આ એક આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ છે જે ભારતમાં દર વર્ષે સપ્ટેમ્બર મહિનામાં કૃષિ ટેકનોલોજી અંગે ગાંધીનગર ખાતે પ્રદર્શનનું આયોજન કરવામાં આવે છે.

## ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે અમદાવાદ ખાતે ગુજરાતની પ્રથમ 'Cinematic Tourism Policy 2022-2027' લોન્ચ કરી.




- ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે બોલીવુડ અભિનેતા અજયદેવગણ, રાજયમંત્રી પુર્ણેશ મોદી અને અરવિંદ રૈયાણીની ઉપસ્થિતિમાં ગુજરાતની સૌપ્રથમ 'સીનેમેટિક ટુરિઝમ પોલિસી – 2022-27' લોન્ચ કરી હતી.
- આ નીતીથી આવનારા સમયમાં ગુજરાતમાં ફિલ્મ ઈન્ફ્રાસ્ટ્રકચરનો વિકાસ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. જેનાથી રોજગારીની તકો વધશે.
- ફિલ્મો, ટી.વી. શો અને વેબસિરીઝ દ્વારા પ્રવાસન વિભાગને પણ પ્રોત્સાહન મળશે.
- આ પોલિસીના પ્રારંભ સમયે કુલ 1022 કરોડના મૂડીરોકાણ માટે ચાર કરાર થયા છે. જેમાં અજય દેવગણે ફિલ્મ મેકિંગ અને સ્ટુડિયો ઈન્ફ્રાસ્ટ્રકચર કરારનો સમાવેશ થાય છે. તેમજ ગુજરાતમાં ફિલ્મ મેકીગ , સ્ટુડીયો ઈન્ફ્રાસ્ટ્રકચર એકટીંગ સ્કૂલ સહિતના વિવિધ વિષયોમાં રોકાણો માટે પ્રવાસન વિભાગ સાથે કેટલાક રોકાણકારો દ્વારા સમજુતી કરાર કરવામાં આવ્યાં છે.

❖ **ગુજરાત સીનેમેટિક ટૂરિઝમ પોલિસી – 2022 – 27 વિશે....**

- આ નીતિનો લાભ લેવા માંગતા ફિલ્મ નિર્માતાઓ માટે સિંગલ વિન્ડો સીસ્ટમ પદ્ધતિ અમલમાં મૂકી છે.
- ઈન્ફ્રાસ્ટ્રકચરમાં 500 કરોડ રૂપિયા સુધીનું રોકાણ થાય તો 15% અને 500 કરોડથી વધુ હોય તો 20% સુધીનું પ્રોત્સાહન મળશે.
- આ નીતિમાં ફિલ્મ ઉપરાંત વેબસીરીઝ, ટી.વી. સીરીયલ, ડોકયુમેન્ટરીને પણ પ્રોત્સાહન મળશે.
- શુટીંગ લોકેશનથી લઈને પોલીસ પરમીશન અને સંસાધનોનો ઉપયોગ માટે પણ સહાય અને સરળ પધ્ધતિનો લાભ મળશે.
- રાજયના સાંસ્કૃતિક અને હેરીટેજ સ્થળોને ફિલ્મમાં દર્શાવવા સરકાર તરફથી આર્થિક પ્રોત્સાહન મળશે.
- વિદેશી ફિલ્મ મેકર, ફિલ્મ ઈવેન્ટને આકર્ષવા આર્થિક પ્રોત્સાહન આપવામાં આવશે.

## આણંદની વલ્લભ વિદ્યાનગર સ્થિત 'સરદાર પટેલ યુનિવર્સિટી'ને 'નેશનલ હેપીનેસ યુનિકોર્ન એવોર્ડ' થી સન્માનિત કરવામાં આવી.

- હાર્ટફુલનેસ એજયુકેશન ટ્રસ્ટ (HET) અને યુનિક એપ–યોર વન લાઈફ (YOL) ના સહયોગથી ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ ટેકનિકલ એજયુકેશન (AICTE) દ્વારા હેદરાબાદમાં યોજાયેલ એવોર્ડ સંભારંભમાં સરદાર પટેલ યુનિવર્સિટીને નેશનલ હેપીનેસ યુનિકોર્ન એવોર્ડ' થી સન્માનિત કરવામાં આવી.
- આ પુરસ્કાર HET, AICTE અને YOL દ્વારા સંસ્થાગત રાષ્ટ્રીય સ્તરે સૌથી Happiness Organisation માન્યતા આપવા આ એવોર્ડ આપવામાં આવે છે.

## કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના હસ્તે સોમનાથમાં હનુમાન દાદાની 16 ફૂટ ઉંચી પ્રતિમાનું અનાવરણ કર્યું.

- કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતશાહે સોમનાથ મંદિરની નજીક સમુદ્ર દર્શનપથ પાસે હનુમાનજીની 16 ફુટ ઉંચી પ્રતિમાનું અનાવરણ તેમજ સમુદ્ર દર્શન પથ પર 202 મારૂતિ હાટની દુકાનોનું ઉદ્ઘાટન કર્યું હતું.
- સમુદ્ર દર્શન પથની બાજુમાં સોમનાથ ટ્રસ્ટ દ્વારા સ્થાનિક લોકોને રોજગારી મળી રહે, તે માટે રૂા.1.80 કરોડના ખર્ચે શ્રી મારૂતિ હાટનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- આ ઉપરાંત સોમનાથ મહાદેવને અર્પણ કરાતું ગંગાજળ ફિલ્ટર કરી ભકતોને પ્રસાદ રૂપે આપવાના સોમગંગા વિતરણ સુવિધાના પવિત્ર પ્રોજેકટનો પ્રારંભ કરાવ્યો હતો.
- સોમનાથ મંદિરના રોજ લાઈવ દર્શન, આરતી, હેરિટેજ વોક અને ટેમ્પલ વોક વગેરે જેવી માહિતી મેળવવા માટે અમિત શાહે નવું વેબપોર્ટલ પણ લોન્ચ કર્યુ હતું.

**સોમનાથ મંદિર વિશે...**

- ભગવાન શિવના 12 પવિત્ર જ્યોર્તિલિંગમાનું પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથમાં આવેલું છે.
- આ સોમનાથ મંદિર ગુજરાતના ગીર સોમનાથ જિલ્લામાં આવેલું છે.
- આ મંદિરનો ઘણી વાર વિદશી આક્રમણો દ્વારા વિનાશ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. પરંતુ તેને ફરી બાંધવામાં આવ્યું છે.
- સોમનાથ મંદિરના પુનઃ નિર્માણની જવાબદારી ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલે લીધી.
- ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે આ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા કરી હતી.

## કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતશાહે સુરતના હજીરામાં ક્રિભકો (KRIBHCO) ખાતે બાયો ઈથેનોલ પ્રોજેકટનો શિલાંન્યાસ કર્યો.

- ખેડુતોનું પ્રતિનિધિત્વ કરતી સહકારી સંસ્થા ક્રિભકોના હજીરા ખાતે રૂા. 350 કરોડના ખર્ચે તૈયાર થનાર બાયો – ઈથેનોલ પ્લાન્ટનું ખાધમુહર્ત કરવામાં આવ્યું.
- જેમાં દૈનિક 2.50 લાખ લીટર ઈથેનોલનું ઉત્પાદન કરવામાં આવશે.
- આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે આ ઈથેનોલના ઉત્પાદનથી વિદેશી હુંડિયામણની બચત થશે અને આ પ્રોજેકટમાંથી ઈથેનોલ બાદ બાયો પ્રોડેકટ તરીકે 36 હજાર મેટ્રિક ટન પુરક પશુઆહાર પણ મળશે, જે ગ્રામીણ અંર્થતંત્રને મજબૂત કરશે.
- નોંધનીય છે કે ભારત સરકારે વર્ષ 2025 સુધીમાં પેટ્રોલમાં 20% ઈથેનોલ મિશ્રિત કરવાનુ લક્ષ્ય રાખ્યું છે. તેમજ સપ્ટેમ્બર, 2022 સુધીમાં ભારત સરકારે પેટ્રોલમાં 10% ઈથેનોલ મિશ્રિત કરવાનો લક્ષ્ય હાંસલ કરી લીધો છે.

## ગુજરાતમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની નવી સરકારના એક વર્ષ પૂર્ણ થતાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે 'વિશ્વાસ થી વિકાસ યાત્રા' ની રાજયકક્ષાની ઉજવણી થઈ.

- ગુજરાતમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની નવી સરકાર 13 સપ્ટેમ્બર, 2022 ના રોજ એક વર્ષ પૂર્ણ કર્યા : જેના માટે ગુજરાત સરકારે 'વિશ્વાસ થી વિકાસ યાત્રા' નામની થીમ હેઠળ બે દાયકાના વિકાસ કામો, ઉપલબ્ધીઓના પ્રચાર પ્રકાશનો જાહેર કર્યા હતા.
- આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતશાહે વચર્યુઅલી કુલ રૂા. 1179 કરોડના ખર્ચે કુલ 519 જનહિતલક્ષી વિકાસકામોનું લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કરવામાં આવ્યું.
- આ ઉત્સવ અંતર્ગત મહાત્મા મંદિર ખાતે '20 વર્ષનો વિશ્વાસ, 20 વર્ષનો વિકાસ' કાર્યક્રમ યોજાયો હતો.
- 'વિશ્વાસથી વિકાસ યાત્રા' નું આયોજન રાજયના દરેક જીલ્લામાં પણ કરવામાં આવશે.



## કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહના અધ્યક્ષ સ્થાને સુરતમાં 'હિન્દી દિવસ સમારોહ – 2022' અને 'દ્વિતીય અખિલ ભારતીય રાજભાષા સંમેલન'નું આયોજન કરવામાં આવ્યું.

- સુરત શહેરના ઈન્ડોર સ્ટેડિયમ ખાતે 14 સપ્ટેમ્બર 2022 ના રોજ હિન્દી દિવસ ની ઉજવણી કરવામાં આવી.
- આ પ્રસંગે ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહયા હતાં.
- આ પ્રસંગે ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું કે દેશના યુવાનો ભાષાકીય લઘુતા ગ્રંથિથી બહાર નીકળે તેમજ દેશના યુવાનોને માતૃભાષા અને રાજભાષાનો સ્વીકાર કરવા અનુરોધ કર્યો હતો.
- આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેનદ્રભાઈ પટેલે જણાવ્યું કે વિવિધ ભાષાઓ ધરાવતાં દેશોમાં હિન્દી દિવસની ઉજવણી એ એકતાના પ્રતીક સમાન છે, વિશ્વમાં સૌથી વધારે બોલાતી ભાષાઓમાં હિન્દી ત્રીજા સ્થાને છે.





❖ **આ હિન્દી દિવસના અવસરે વિવિધ લોકાપર્ણો કરવામાં આવ્યા જે નીચે મુજબ છે :**

(1) હિન્દી શબ્દ સિંધુ (સંસ્કરણ–1) શબ્દકોષનું વિમોચન.
(2) વિશ્વસ્તરીય સ્વદેશી અનુવાદ સોફ્ટવેર : કંઠસ્થ 2.0 નું લોકાર્પણ
(3) ઈસરો દ્વારા વૈજ્ઞાનિકોની કાવ્યગાથા સ્વરૂપે તૈયાર થયેલા પુસ્તકનું વિમોચન.
(4) દ્વિતીય અખિલ ભારતીય રાજભાષા સ્મારિકાનું વિમોચન કરાયું.
(5) રાજભાષા ક્ષેત્રે ઉત્કૃષ્ટ કાર્ય પ્રદાન માટે રાજભાષા કિર્તિ અને ગૌરવ પુરસ્કાર એનાયત કરાયા.

## ગુજરાતના ગાંધીનગર ખાતે 'શિપ રિસાયકિલંગ એન્ડ વ્હીકલ સ્ક્રેપ પોલીસી' અંગેનો આંતરરાષ્ટ્રીય સેમિનાર યોજાયો.

- કેન્દ્ર સરકારના શિપીંગ, પોર્ટસ, વોટર વેગ મંત્રાલય તેમજ ગુજરાત મેરીટાઈમ બોર્ડ અને ફિક્કી (FICCI) દ્વારા સહ આયોજીત ઈન્ટરનેશનલ સેમિનાર ઓન શિપ રિસાયકિલંગ એન્ડ વ્હીકલ સ્ક્રેપ પોલિસીનો ગાંધીનગર ખાતે રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે પ્રારંભ કરાવ્યો હતો.
- આ પ્રસંગે મુખ્યમંત્રી એ જણાવ્યુ કે ગ્રીન શિપ રિસાયકિલંગનું હબ બનવા માટે ગુજરાત પાસે પૂરતું પોટેન્શિયલ છે.
- નોંધનીય છે કે વિશ્વમાં શિપ બ્રેકિંગના 30% હિસ્સો ગુજરાત ધરાવે છે. જે માટે ભાવનગરની અલગ ઓળખ છે.

## દેશનું મુખ્ય સરંક્ષણ પ્રદર્શન – Defexpo-2022 ની 12મી આવૃત્તિ ગાંધીનગર ખાતે આયોજિત કરવામાં આવશે.




- ભારતનું મુખ્ય સરંક્ષણ પ્રદર્શન Defexpo-2022ની 12મી આવૃત્તિ ગાંધીનગર ખાતે 18 થી 22 ઓકટોબર દરમિયાન યોજાનાર છે. જે અત્યાર સુધીનું સૌથી મોટું પ્રદર્શન બની રહેવાની સંભાવના છે.
- આ પ્રદર્શન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આત્મનિર્ભર ભરતાના સૂત્ર પર આધારિત ફકત ભારતીય કંપનીઓ માટે પ્રથમ વખત યોજાય રહયું છે.
- આ ડિફેન્સ– એકસ્પો – 2022 ની થીમ 'Path to Pride' રાખવામાં આવી છે.
- આ ડિફેન્સ એકસ્પો નો ઉદ્દેશ 2811 ક્ષેત્રમાં આત્મનિર્ભરતા હાંસલ કરવા અને 2025 સુધી 5 અરબ ડોલરની નિકાસ હાંસલ કરવાનો છે.

❖ **Defexpo વિશે :**

- ભારત રક્ષા ક્ષેત્રમાં આત્મનિર્ભર બને તે માટે ડિફેન્સ એકસ્પોનું આયોજન કરવામાં આવે છે.
- વર્ષ 2020 માં 11 માં ડિફેન્સ એકસ્પોનું આયોજન લખનઉ ખાતે થયું હતું. ત્યાર બાદ કોરોના મહામારીના કારણે તેનું આયોજન થઈ શકયું નહીં.

## ગુજરાતમાં સેમી – કન્ડકટર અને ડિસ્પ્લે નિર્માણ માટે 1.54 લાખ કરોડના મૂડીરોકાણ માટેના સમજુતી કરાર (MOU) થયાં.

- ગાંધીનગર ખાતે રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને કેન્દ્રીય રેલ તેમજ વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવની ઉપસ્થિતિમાં સેમીકન્ડકટર અને ડિસ્પ્લે નિર્માણ માટે 1.54 લાખ કરોડના નિવેશ માટે MOU કરવામાં આવ્યો.
- આ MOU ગુજરાત સરકાર અને વેદાંતા ફોકસકોન ગ્રુપ વચ્ચે સેમિકન્ડકટર ઉત્પાદન ક્ષેત્ર માટે કરવામાં આવ્યાં છે.
- ફોકસકોન અને વેદાંતા ગ્રુપ દ્વારા ભારતના કોઈ એક રાજયમાં કરવામાં આવેલું અત્યાર સુધીનું આ સૌથી મોટું મૂડીરોકાણ ગુજરાતમાં કરવામાં આવશે.
- આ કરારથી રાજયના 1 લાખ જેટલા યુવાનોને રોજગારી મળશે.
- નોંધનીય છે કે ગુજરાત સરકાર થોડા સમય અગાઉ જ સેમી કન્ડકટર નીતી 2022-27 જાહેર કરી હતી અને આ નીતી બનાવનાર દેશનું પ્રથમ રાજય ગુજરાત બન્યું છે.

## ગુજરાત રાજયના કલાઈમેટ ચેન્જ વિભાગ દ્વારા ‘વિશ્વ ઓઝોન દિવસ’ નિમિત્તે 17 થી 30 સપ્ટેમ્બર દરમ્યાન રાજય કલાયમેટ ચેન્જ અંગેના પંચામૃત – યુવા જાગૃતિ પખવાડિયાનું આયોજન કરવામાં આવ્યું.

- આ પખવાડિયાનું ઉદ્‌ઘાટન પંડિત દિનદયાળ એનર્જી યુનિવર્સિટી (PDEU) – ગાંધીનગર ખાતેથી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું.
- 16 સપ્ટેમ્બર ‘વિશ્વ ઓઝોન દિવસ’ નિમિત્તે ગુજરાત યુનિવર્સિટી ખાતે એક વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું.
  - **ગુજરાત કલાઈમેટ ચેન્જ વિભાગ :**
  - ગુજરાત રાજય સરકારે સપ્ટેમ્બર, 2009 માં અલગ કલાઈમેટ ચેન્જ વિભાગની રચના કરી.
  - આ વિભાગ શરૂ કરનારું એશિયાનું પ્રથમ રાજય ગુજરાત બન્યું હતું.

## દેશનો પ્રથમ એર ટેકસી પ્રોજેકટનો અમલ અમદાવાદના હાસોલ નજીક કરાશે.

- અમદાવાદના હાસોલ નજીક દેશનો પ્રથમ એર ટેકસી પ્રોજેકટનો અમલ કરાશે.
- વર્ટી પોર્ટ પરથી ડ્રોન અને હેલિકોપ્ટરનું ટેક ઓફ અને લેન્ડિંગ થઈ શકશે. ઈમરજન્સીમાં વર્ટી પોર્ટ ઉપયોગ થઈ શકશે.
  - **વર્ટી પોર્ટ વિશે :**
  - વર્ટી પોર્ટ એવિએશન સેકટરનું ફયુચર છે, જયાં નાના હેલિકોપ્ટર અને ડ્રોન ટેક ઓફ લેડીંગ થઈ શકશે.

## શ્રેષ્ઠ નાણાંકીય વ્યવસ્થાપન અને વધુ સારી વસુલાતનો પ્રથમ રાષ્ટ્રીય પુરસ્કાર ‘નર્મદા સુગર ધારીખેડા ફેકટરી’ ને મળ્યો.

- નેશનલ ફેડરેશન ઓફ કો – ઓપરેટીવ સુગર ફેકટરી (NFCSC) નવી દિલ્હી દ્વારા શ્રેષ્ઠ નાણાંકીય વ્યવસ્થાપન અને વધુ સારી વસૂલાતનો પ્રથમ રાષ્ટ્રીય પુરસ્કાર નર્મદા સુગર ધારીખેડા ફેકટરીને મળ્યો છે.
- જયારે બીજા ક્રમનો એવોર્ડ બારડોલી સુગરને મળ્યો છે.

# NABARD
NABARD

## RECRUITMENT - 2022

# Development Assistant

Total Vacancy **173**

Approx Salary **32,000/-*** Per month

### Educational Qualification

*Bachelor's Degree with 50%*
*(Pass class for SC/ST/PWBD/Ex. Servicemen)*

### Age Limit

*21 to 35 years (As on 1-09-2022)*
*(SC/ST : +5 yrs; OBC : +3 yrs)*

### Online Form

*15th Sept. to 10th Oct. - 2022*

### Exam Schedule

*Phase - I - 06th Nov. - 2022*
*Phase - II - Dec/Jan - 2022/23*

### : Exam Pattern :

**Phase -1 : Objective (Online)**

| Subject | Questions | Marks | Time |
|---|---|---|---|
| English Language | 40 | 40 | Composite time of 60 minutes |
| Numerical Ability | 30 | 30 | |
| Reasoning Ability | 30 | 30 | |
| Total | 100 | 100 | |

**Phase -2 : Main Exam (Online)**

| Subject | Questions | Marks | Time |
|---|---|---|---|
| Reasoning | 30 | 30 | Composite time of 90 minutes for Objective Test and 30 minutes for Descriptive Test |
| Quantitative Aptitude | 30 | 30 | |
| General Awareness (With Special Reference to Agriculture, Rural Development and Banking) | 50 | 50 | |
| Computer Knowledge | 40 | 40 | |
| English Language (Descriptive) | Essay, Precis writing, Report/ Letter Writing | 50 | |
| Total | | 200 | |

**New Demo Class Start from Every MONDAY**

### :: Batch Time ::

8 to 10 | 10 to 12 | 4 to 6 | 6 to 8


For Latest Vacancies & Updates Kindly visit @ **www.bankingacademy.co.in**

(Creating A Way For Govt. Jobs)

**Banking Academy**

(Preparation for All Types of Competitive Exams)

### Our Branches

**Surat (Head Office)** Ph. : 96629 00564

**Varachha (Surat)** Ph. : 70464 16555

**Navsari** Ph. : 70466 41555

**Vyara** Ph. : 90998 64658

Join our Telegram Channel
t.me/bankingacademy

Follow us on

Banking Academy

# 4 રિપોર્ટ અને ઈન્ડેક્સ

## Human Devlopment Report (HDR) 2021-22 જાહેર

- તાજેતરમાં સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (United Nations Development Programme) દ્વારા માનવ વિકાસ અહેવાલ (Human Development Report) જાહેર કરવામાં આવ્યો છે.
- આ રિપોર્ટ અનુસાર માનવ વિકાસ સૂચંકઆંક (Human Development Index) માં ભારતનો ક્રમ 2020 માં 130 થી ઘટીને 2021 માં 132 થયો છે, જે કોવિડ – 19 રોગચાળાના લીધે વૈશ્વિક સ્તરે ઘટાડો થયો છે.
- આ રિપોર્ટની થીમ uncertain Times, unsettled lives : shaping our future in a world in Transformation છે.




**(1) વૈશ્વિક સ્તરે**

- આ રિપોર્ટ અનુસાર વિશ્વમાં 90% દેશોમાં વર્ષ 2020 અને 2021 માં તેમના માનવ વિકાસ સૂચકઆંકના મૂલ્યમાં ઘટાડો થયો છે, જે ટકાઉ વિકાસ લક્ષ્યો (Sustainable development goals) તરફની મોટાભાગની પ્રગતિને અટકાવે છે.
- આ રિપોર્ટ મુજબ માનવ વિકાસ સૂચકઆંકના તાજેતરના ઘટાડાનો મોટો ફાળો એ આયુષ્યમાં વૈશ્વિક ઘટાડો છે, જે વર્ષ 2019 માં 72.8 થી ઘટીને વર્ષ 2021 માં 71.4 થયો છે.

**(2) ભારત**

- આ રિપોર્ટ મુજબ ભારતનું HDI મૂલ્ય વર્ષ 2021 માં 0.633 છે, જે વિશ્વની સરેરાશ (0.732) કરતા ઓછું છે.
- આ રિપોર્ટ અનુસાર ભારતનું HDI મૂલ્ય વર્ષ 2020 માં (0.642) ઘટાડો નોંધાયો હતો, જે કોવિડ – 19 પહેલા વર્ષ 2019 માં 0.645 હતો.
- આ રિપોર્ટ મુજબ ભારતમાં જન્મ સમયે અપેક્ષિત આયુષ્ય 67.2 વર્ષ નોંધાયું છે.
- આ રિપોર્ટ અનુસાર ભારત લિંગ અસમાનતા સૂચકઆંક (Gender inequarity index) માં 122 માં ક્રમે છે.

### Human Development Report (HDI) વિશે....

- આ રિપોર્ટ વર્ષ 1990 થી દર વર્ષે બહાર પાડવામાં આવે છે.
- આ રિપોર્ટ United Nations Developmen Programme (UNDP) દ્વારા બહાર પાડવામાં આવે છે.
- ધ્યેય – Contribute toward the expansion of oppoities choice and freedom.
- HDI (Human Development index) માં 4 સૂચકાંકોને ધ્યાનમાં લઈને માનવ વિકાસમાં સરેરાશ સિદ્ધિને માપે છે, જે નીચે મુજબ છે.
  - (1) જન્મ સમયે અપેક્ષિત આયુષ્ય (SDG – 3)
  - (2) શાળાના અપેક્ષિત વર્ષો (SDG – 4.3)
  - (3) શાળાકીય શિક્ષણના સરેરાશ વર્ષો (SDG – 4.4)
  - (4) કુલ રાષ્ટ્રીય આવક (SDG – 8.5)

## The Gender Snapshot - 2022 રિપોર્ટ જાહેર




- તાજેતરમાં યુનાઈટેડ નેશન્સ વુમેન (United Nations Woman) અને યુનાઈટેડ નેશન્સ ડિપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમિક એન્ડ સોશિયલ અફેર્સ (United Nations – Department of Economic and Social affair) દ્વારા Progress on the sustainable Development Goals (SDG) : The gender Snapshot 2022 રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે.

**❖ The Gender Snapshot 2022 રિપોર્ટના મુખ્ય મુદ્દાઓ :–**

- આ રિપોર્ટ અનુસાર વિશ્વમાં વર્તમાન પ્રગતિના દરે સંપૂર્ણ લિંગ સમાનતા (Gender equality) હાંસલ કરવામાં લગભગ 300 વર્ષ લાગશે.
- આ રિપોર્ટ મુજબ વિશ્વમાં SDG-5 લિંગ સમાનતા વર્ષ 2030 સુધીમાં પૂર્ણ થશે નહી.
- આ રિપોર્ટ અનુસાર વિશ્વમાં વર્તમાન પ્રગતિના દરે કાર્ય સ્થળમાં સત્તા અને નેતૃત્વના હોદ્દા પર મહિલાઓને સમાન રીતે પ્રતિનિધિત્વ કરવામાં 140 વર્ષનો સમય લાગશે.
- આ રિપોર્ટ મુજબ વિશ્વમાં રાષ્ટ્રીય સસંદોમાં સમાન પ્રતિનિધિત્વ પ્રાપ્ત કરવામાં ઓછામાં

ઓછા 40 વર્ષનો સમય લાગશે.

- આ રિપોર્ટ અનુસાર વિશ્વમાં વર્ષ 2030 સુધીમાં બાળવિવાહને નાબૂદ કરવા માટે છેલ્લા દાયકાની પ્રગતિ કરતા 17 ગણી ઝડપી પ્રગતિ કરવી પડશે.
- આ રિપોર્ટ મુજબ વિશ્વમાં વર્ષ 2022ના અંત સુધીમાં 368 મિલિયન પુરુષો અને છોકરાઓની તુલનામાં લગભગ 383 મિલિયન સ્ત્રીઓ અને છોકરીઓ અત્યંત ગરીબીમાં (દિવસના 1.90 ડોલર કરતા ઓછી કિંમતે ) જીવતા હશે.
- આ રિપોર્ટ અનુસાર વિશ્વમાં વર્ષ 2021 માં યુદ્ધના લીધે અસર ગ્રસ્ત વિસ્તારોમાં લગભગ 38% સ્ત્રી મુખ્ય પરિવારો અને 20% પુરુષ મુખ્ય પરિવારો કરતા મધ્યમ અથવા ગંભીર ખાદ્ય અસુરક્ષાનો સામનો કર્યો છે.
- આ રિપોર્ટ અનુસાર વૈશ્વિક સ્તરે કોવિડ – 19 ના કારણે મહિલાઓએ વર્ષ 2020 માં લગભગ 800 બિલયન ડોલરની આવક ગુમાવી છે, પરંતુ શ્રમ બજારોમાં મહિલાઓની પુનઃપ્રાપ્તિ હોવા છતા તેમની ભાગીદારી 50.8 ટકા છે, જે પૂર્વ રોગચાળા વર્ષ 2019 (51.8) ની સરખામણીમાં ઓછી છે.
- આ રિપોર્ટ મુજબ વૈશ્વિક સ્તરે વર્ષ 2022માં વર્ષ 2021 (44 મિલિયન સ્ત્રીઓ અને છોકરીઓ) કરતા વધુ સ્ત્રીઓ અને છોકરીઓને બળજબરીથી વિસ્થાપિત કરવામાં આવ્યા છે.
- આ રિપોર્ટ અનુસાર વિશ્વમાં 1.2 બિલિયન કરતા વધુ પ્રજનનક્ષમ વય (15-49) જૂથની સ્ત્રીઓ અને છોકરીઓ એવા દેશો અને વિસ્તારમાં રહે છે જયાં સુરક્ષિત ગર્ભપાતની એકસેસ (Access to safe abortion) પર પ્રતિબંધ છે.

### United Nation Department of Economic and Social Affairs (UN-DESA) વિશે....

**સ્થાપના :** વર્ષ 1948
**વડુમથક :** ન્યુયોર્ક (યુનાઈટેડ સ્ટેટ્સ)
**અધ્યક્ષ :** LIU Zhenmin

- આ સંસ્થા સંયુકત રાષ્ટ્ર સંઘ (United nations) ની સંલગ્ન સંસ્થા છે.

### United Nation વિશે....

**સ્થાપના :** 24 ઓકટોબર, 1945
**વડુમથક :** ન્યૂયોર્ક (અમેરિકા)
**સેક્રેટરી જનરલ :** એન્તોનિયો ગુટેરસ (પોર્ટુગલ)
**સભ્ય દેશ :** 193

- આ એક આંતર સરકારી સંસ્થા છે. જેની સ્થાપના બીજા વિશ્વ યુદ્ધ પછી વર્ષ 1945માં કરવામાં આવી હતી. આ સંસ્થાનો હેતુ આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી જાળવવા, રાષ્ટ્રો વચ્ચે મૈત્રીપૂર્ણ સંબંધો વિકસાવવા અને આંતરરાષ્ટ્રીય સહકાર પ્રાપ્ત કરવાનો છે.
- બીજા વિશ્વ યુદ્ધ સમયે 26 જૂન, 1945 ના રોજ સાન ફ્રાન્સિસ્કોમા 50 દેશોના પ્રતિનિધિઓની હાજરીમાં એક કોન્ફરન્સ યોજાઈ, જેમાં યુનાઈટેડ નેશન્સ ચાર્ટડ બનાવવામાં આવ્યું. આ ચાર્ટડ પર હાજર દરેક દેશના પ્રતિનિધિઓના હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ ચાર્ટડના આધારે 24 ઓકટોબર, 1945ના રોજ યુનાઈટેડ નેશન્સ અસ્તિત્વમાં આવ્યું હતું.

## Crop and Food Security Assessment Mission (CFSAM) રિપોર્ટ–2022 જાહેર

- તાજેતરમાં Food and Agriculture organization (FAO) અને world Food programme (WFP) દ્વારા સંયુકત રીતે Crop and Food Security Assessment Mission (CFSAM) રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો છે.
- આ રિપોર્ટ મુજબ શ્રીલંકામાં લગભગ 6.3 મિલિયન લોકો મધ્યમથી ગભીર ખાદ્ય અસુરક્ષાનો સામનો કરી રહયા છે, જો જરૂરી સામાજિક સહાય અને નોકરીની તકો પૂરી પાડવામાં ન આવે તો શ્રીલંકાની સ્થિતિ વધુ ખરાબ થવાની સંભાવના છે.
- આ રિપોર્ટ મુજબ ગંભીર વ્યાપક આર્થિક કટોકટીના પરિણામે ખોરાક, કૃષિ ઉત્પાદન સામગ્રીઓ, ઈંધણ અને દવા જેવી આવશ્યક ચીજ વસ્તુઓની તીવ્ર અછત અને ભાવમાં વધારો થયો છે, જેના લીધે ઓગસ્ટ 2022 માં વાર્ષિક ધોરણે ખાદ્ય ફુગાવાનો દર 94% નોંધાયો છે.
- આ રિપોર્ટ અનુસાર ચોખા (ડાંગર)નું ઉત્પાદન (મુખ્ય ખોરાક) વર્ષ 2022 માં 3 મિલિયન મેટ્રિક થવાનો અંદાજ છે, જે વર્ષ 2017 ના દુષ્કાળથી અસરગ્રસ્ત લણણી પછીનું સૌથી ઓછું ઉત્પાદન હશે. આ ઓછું ઉત્પાદન મુખ્યત્વે ખાતરનો ઉપયોગ ઓછો થવાને કારણે છે.
- આ રિપોર્ટ અનુસાર મકાઈનું ઉત્પાદન (પશુ આહાર તરીકે વપરાય) છેલ્લા 5 વર્ષની સરેરાશ કરતા લગભગ 40% ઓછું છે, જેના કારણે મરઘા અને પશુધન ઉછેર પર પ્રતિકુળ અસર થાય છે.
- આ રિપોર્ટ મુજબ મુખ્ય ખાદ્યપદાર્થોની નબળી લણણી અને ચાલુ આર્થિક કટોકટીને કારણે ખાસ કરીને ઓકટોબર 2022 થી ફેબ્રુઆરી 2023 નબળા મૌસમમાં ખાદ્ય અસુરક્ષા વધુ ખરાબ થવાની ધારણા છે.
- આ રિપોર્ટ અનુસાર સગર્ભા અને સ્તનપાન કરાવતી માતાઓ અને વિકલાંગ વ્યકિતઓને તાત્કાલિક રોકડ આધારિત અથવા ખોરાક સહાયતા પૂરી પાડવા માટે ભલામણ કરવામાં આવી છે.

❖ **વિશેષ :**

- શ્રીલંકા પર વર્તમાન USD 51 બિલિયનનું વિદેશી દેવુ છે, જેમાંથી અડધાથી વધુ વર્ષ 2027 સુધીમાં ચૂકવવા પડશે.
- વિદેશી અનામતની તીવ્ર અછતને કારણે બળતણ, રાંધણ ગેસ અને અન્ય આવશ્યક ચીજ વસ્તુઓના ભાવમાં વધારો થયો છે.

## Food and Agriculture Organization (FAO) વિશે....

**સ્થાપના :** વર્ષ 1945 (Quebec City, Canada)
**વડુમથક :** રોમ, ઈટાલી
**સભ્યો :** 193 દેશો (194 દેશો અને યુરોપિયન સંઘ(EU))
**ધ્યેય :** વિશ્વના લોકો માટે ખાદ્ય સુરક્ષા હાંસલ કરવાનો છે.

- FAO એ United Nations (UN) ની એક વિશિષ્ટ એજન્સી છે, જે ભૂખમરાને હરાવવા માટે આંતરરાષ્ટ્રીય પ્રયત્નોનું નેતૃત્વ કરે છે.

## World Food Programme (WFP) વિશે....

**શરૂઆત :** વર્ષ 1961
**વડુમથક :** રોમ, ઈટાલી

- વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ (WFP) વિશ્વની સૌથી મોટી માનવતાવાદી સંસ્થા છે જે જરૂરિયાતના સમયે લોકોને કુદરતી આફતોમાંથી પુનઃ સ્થાપિત કરવામાં મદદ પૂરી પાડે છે.
- પ્રથમ કાર્યક્રમ વર્ષ 1963માં સુદાનમાં શરૂ કરવામાં આવ્યો હતો.
- WFP ને વર્ષ 2020માં નોબેલ શાંતિ પુરસ્કાર આપવામાં આવ્યો હતો. તે સંયુક્ત રાષ્ટ્ર (UN) નો એક ભાગ છે.



# 5 અર્થવ્યવસ્થા

## ભારતમાં પ્રથમ ઈલેક્ટ્રોનિક બેંક ગેરન્ટી (e-Bank Guarantee) જાહેર

- તાજેતરમાં ભારતમાં ખાનગી ક્ષેત્રની સૌથી મોટી બેંક HDFC દ્વારા ઈલેક્ટ્રોનિક બેંક ગેરન્ટી (e-BG) જાહેર કરવામાં આવી છે અને આ ઈલેક્ટ્રોનિક બેંક ગેરન્ટી જાહેર કરનાર HDFC બેંક પ્રથમ બેન્ક બની છે.




- આ ગેરન્ટી HDFC બેંકે National e-governance service સાથે મળીને શરૂ કરવામાં આવી છે.
- આ ઈલકેટ્રોનિક બેંક ગેરન્ટી (e-Bank guarantee) કાગળ આધારિત સમય લેતી પ્રક્રિયાની જરૂરિયાતને દૂર કરશે.
- આ બેંક ગેરન્ટી કાર્યક્ષમતા અને સુરક્ષામાં વધારો કરશે અને લાભાર્થીને NeSL પોર્ટલ પર બેંક ગેરન્ટીને તાત્કાલિક જોવા માટે સક્ષમ બનાવશે.
- આ બેંક ગેરન્ટીને NeSL પોર્ટલ પર જાહેર કરવા માટે API (Application Programming Interface) આધારિત ડિજિટલ અભિગમોનો ઉપયોગ કરવામાં આવશે.
- આ બેંક ગેરન્ટીને CVC – CBI સમિતિ, NeSL અને IBA સાથે મળીને વિકસાવવામાં આવ્યું છે.
- આ બેંક ગેરન્ટી બેંકમાંથી પેપરને ફિઝિકલી લેવામાં, લાભાર્થીને કુરિયર દ્વારા મોકલવામા, સ્ટેમ્પ લગાવવામાં અને પછી તેની ફરીથી ચકાસણી કરવામાં 3 થી 5 દિવસની પ્રક્રિયાને ઝડપી બનાવશે.

**National e – governance Service limited (NeSL) વિશે....**

**સ્થાપના :** 25 જૂન 2016 (સરકારની કંપની તરીકે)
**ઉદ્દેશ :** નાણાકીય લેણદાર દ્વારા સબમિટ કરાયેલ દેવા વિશેની માહિતી ધરાવતા કાનૂની પુરાવાના ભંડાર તરીકે સેવા આપે છે.

## નેશનલ લોજિસ્ટિક પોલિસી 2022.

- તાજેતરમાં ભારતા વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા વિજ્ઞાન ભવન, નવી દિલ્હી ખાતે 'National logistics Policy 2022' લોન્ચ કરવામાં આવી છે, જેની જાહેરાત, પહેલીવાર વર્ષ 2020 ના યુનિયન બજેટમાં કરવામાં આવી હતી.
- આ પોલિસીનો હેતુ સમ્રગ ભારતમાં માલસામાનની સરળ અવર જવરને પ્રોત્સાહન આપવા અને સ્થાનિક તથા આંતરરાષ્ટ્રીય બજારોમાં માલસામાનની સ્પર્ધાત્મકતા વધારવાનો છે.
- આ પોલિસીનો ઉદ્દેશ લોજિસ્ટિક ખર્ચમાં ઘટાડો કરવાનો છે જેથી અર્થતંત્રના વિવિધ ક્ષેત્રોની કાર્યક્ષમતામાં સુધારો થશે અને આર્થિક વૃદ્ધિને પ્રોત્સાહન મળશે.
- આ પોલિસી ફોકસ ક્ષેત્રો Integration of digital system (IDS), unified Logistics Interface Platform (ULIP), Ease of Logistics (ELOG) અને System Imporvement group (SIG) વગેરે નીચે મુજબ છે.
  (1) IDS એ રોડ ટ્રાન્સપોર્ટ, રેલવે, કસ્ટમ, ફ્યન, વિદેશી વેપાર અને વાણિજ્ય મંત્રાલય સાત અલગ – અલગ વિભાગોની 30 વિવિધ સિસ્ટમોને એકીકૃત કરશે, તેમજ ટૂંકા કાર્ગો (માલ) ની અવર– જવાર માં સુધારો કરશે.
  (2) ULIP નો હેતુ કાર્ગોની અવર – જવર પર સતત દેખરેખ રાખવાનો છે.
  (3) ELOG એ પ્રક્રિયાઓને સરળ બનાવવા અને વ્યવસાય કરવામાં સરળતા હાંસલ કરવાનો પ્રયાસ કરશે.
  (4) IG એ નિયમિત ધોરણે લોજિસ્ટિક્સ સંબંધિત તમામ પ્રોજેક્ટ્સ પર દેખરેખ રાખશે અને ક્ષેત્રમાં આવતા અવરોધોને દૂર કરશે.
- આ નીતિનો ઉદ્દેશ યુવાનોમાં કૌશલ્ય વિકસાવવા અને રોજગારીની તકોનું સર્જન કરવાનો છે.


❖ **ભારતમાં લોજિસ્ટિક્સ ક્ષેત્રની સ્થિતિ**

- ભારતનું લોજિસ્ટિક્સ ક્ષેત્ર 22 મિલિયનથી વધુ લોકોને રોજગાર પૂરૂ પાડે છે.
- આ ક્ષેત્ર જટિલ છે કારણકે આ ક્ષેત્રમાં 20 થી વધુ સરકારી એજન્સીઓ, 40 ભાગીદાર સરકારી એજન્સીઓ, 37 નિકાસ પ્રમોશન કાઉન્સિલ, 10000 થી વધુ કોમોડિટિઝ અને USD 160 બિલિયન માર્કેટ સાઈઝનો સમાવેશ થાય છે.
- ભારતની વર્તમાન લોજિસ્ટિક કિંમત GDP નાં 13 થી 14 ટકા છે, જેને ભારત સરકાર સિંગલ ડિજિટ (10% થી ઓછુ) સુધી ઘટાડવાની યોજના બનાવી રહી છે.
- આ ક્ષેત્રમાં સુધારાથી પરોક્ષ લોજિસ્ટિક્સ ખર્ચમાં 10% નો ઘટાડો સુનિશ્ચિત કરી શકાશે અને નિકાસની વૃદ્ધિમાં 5 થી 8% નો વધારો કરી શકાશે.

# 6 યોજના,પોર્ટલ અને એપ્લીકેશન

## Production linked Incentive (PLI) યોજના હેઠળ ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદનના પ્રથમ વિતરણને મંજૂરી.

- તાજેતરમાં મોટા પાયાના ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ માટે Production linked incentive (PLI) યોજના હેઠળ અધિકાર પ્રાપ્ત સમિતિ (Empowered Committiee) દ્વારા ઈલેક્ટ્રોનિકસ ઉત્પાદનના પ્રથમ વિતરણને મંજૂરી આપવામાં આવી છે.
- આ સમિતિ નીતિ આયોગના CEO પરમેશ્વરન અય્યરની આગેવાની હેઠળની સમિતિ છે.



- PLI સ્કીમના મોટા પાયે ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન માટે કેન્દ્રીય ઈલેક્ટ્રોનિકસ અને ઈનફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય દ્વારા નિર્ધારિત કરવામાં આવી છે, જે ભારતને ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન માટે સ્પર્ધાત્મક સ્થળ બનાવશે.
- પેજેટ ઈલેક્ટ્રોનિક્સ પ્રાઈવેટ લિમિટેડ (સ્થાનિક કંપની) એ નાણાકીય વર્ષ 2021 -22 માટે તેના વધતા રોકાણ અને વેચાણના તબક્કાઓના આધારે મોબાઈલ ઉત્પાદન હેઠળ પ્રોત્સાહનો મેળવવા માટે સત્તા પ્રાપ્ત સમિતિ (Empowered Committiee) દ્વારા મંજૂર કરાયેલ પ્રથમ લાભાર્થી છે.
- પેજેટ ઈલેક્ટ્રોનિક્સ પ્રાઈવેટ લિમિટેડ (Padget Electronics Private Limited) એ Dixon Technologies Pvt. Ltd. ની 100% પેટા કંપની છે.
- PLI Scheme for large scale electronics manufacturing હેઠળ 32 લાભાર્થીઓને મંજૂરી આપવામાં આવી છે, જેમાંથી 10 લાભાર્થીઓ (5 વૈશ્વિક અને 5 સ્થાનિક કંપની) ને મોબાઈલ ઉત્પાદન માટે મંજૂરી આપવામાં આવી છે.
- આ PLI યોજના હેઠળ અરજદારોએ જૂન 2022 ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળા દરમિયાન રૂ. 1,67,770 કરોડનું વેચાણ કર્યુ છે, જેમાં રૂા.65,240 કરોડની નિકાસ પણ સામેલ છે.
- આ યોજનાથી 28,636 લોકોને રોજગાર પણ મળી છે અને છેલ્લા 3 વર્ષમાં નિકાસમાં 139% ની વૃદ્ધિ નોંધાઈ છે.
- આ યોજના અંર્તગત પ્રોત્સાહનો મેળવવા માટે અન્ય લાભાર્થીઓ અથવા કંપનીઓ દ્વારા કરવામાં આવેલી અરજીઓને પણ ટૂંક સમયમાં મંજૂરી માટે ધ્યાનમાં લેવામાં આવશે.
- PLI Scheme for large scale Electronic Manufacturing માં મોબાઈલ ફોનનું ઉત્પાદન અને વિશિષ્ઠ ઈલેક્ટ્રોનિક ઘટકોના ઉત્પાદનનો સમાવેશ થાય છે, આ ઉત્પાદનને માર્ચ 2020 માં 38,645 કરોડ રૂપિયાના ખર્ચ સાથે મંજૂર કરવામાં આવી હતી.
- આ યોજનાથી 10,69,432 કરોડ રૂપિયાનું વધારાનું ઉત્પાદન અને 7,00,000 લોકો માટે રોજગારીનું સર્જન થવાની અપેક્ષા છે.

### Producation Linked Scheme વિશે....

**શરૂઆત :** એપ્રિલ 2020 (આત્મનિર્ભર ભારત અભિયાનને અનુરૂપ શરૂઆત કરવામાં આવી છે.)
**મંત્રાલય :** કેન્દ્રિય ઈલેક્ટ્રોનિક્સ એ ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય (અશ્વિની વૈષ્ણવ)
**હેતુ :** કંપનીઓને સ્થાનિક એકમોમાં ઉત્પાદિત ઉત્પાદનોમાંથી વધતા વેચાણ પર પ્રોત્સાહન આપવાનો છે.

- આ યોજના ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય (Meity) દ્વારા ઈલેક્ટ્રોનિક્સ પરની રાષ્ટ્રીય નીતિના ભાગરૂપે ઈલેક્ટ્રોનિક કંપનીઓ, મોબાઈલ ફોન, Transistor, Diodes વગેરે જેવા ઈલેક્ટ્રોનિક ઘટકોનું ઉત્પાદન કરતી કંપનીઓને 4 થી 6% પ્રોત્સાહન (Incentive) આપવા માટે રજૂ કરવામાં આવ્યું હતું.

## E-Baal Nidan પોર્ટલમાં સુધારો કરવામાં આવ્યો.


- તાજેતરમાં મહિલા અને બાળ વિકાસ મંત્રાલય હેઠળ National Commission for Protection of Child Rights (NCPCR) દ્વારા E – Baal Nidan પોર્ટલમાં સુધારો કરવામાં આવ્યો છે, જે ફરિયાદો તેમજ NCPCR અને SCPCR (State Commission for protection of child rights) ના કાર્યોને સરળ બનાવશે.
- 'E-Baal Nidan' પોર્ટલ એ વર્ષ 2015 માં શરૂ કરાયેલ એક ઓનલાઈન ફરિયાદ પદ્ધિત છે, જે વ્યકિતઓને બાળક વિરુદ્ધ કરવામાં આવેલા ગુનાઓમાં જાણ અને કમિશનમાં ફરિયાદ નિવારણની પરિણામોને ટ્રેક કરવા સક્ષમ બનાવવા માટે છે.
- E – Baal Nidan પોર્ટલ NCPCR ને ફરિયાદ કરવાની પ્રક્રિયાને સરળ બનાવે છે અને નિવારણની પ્રક્રિયામાં પારદર્શિતા (Transperancy) સુનિશ્ચિત કરે છે. તથા NCPCR દ્વારા કેસોના સમયસર નિકાલની ખાતરી આપે છે.
- આ પોર્ટલ નોધાયેલ ફરિયાદો જોવા અને કાયદા દ્વારા ફરજિયાત જરૂરી પગલા લેવા માટે SCPCR માટે 'user 10 password' આપે છે.
- આ પોર્ટલ NCPCR તરફથી નોંધાયેલ ફરિયાદોને સંબંધિત રાજય આયોગને ટ્રાન્સફર કરવાનો વિકલ્પ આપે છે અને SCPCR જો NCPCR ને સામેલ કરવા માગે તો સંયુકત તપાસનો વિકત્વ પણ આવે છે.
- આ પોર્ટલ ફરિયાદોને તેમના વિષયોની બાબતો જેમ કે કિશોર ન્યાય, બાળ મજૂરી, શિક્ષકો વગેરેને અલગ કરે છે.

## National Commission for Child protection rights (NCPCR) વિશે....

**સ્થાપના** : વર્ષ 2007 (Commission of Child Protection right Act 2005 હેઠળ)
**સંસ્થાનો પ્રકાર** : વૈધાનિક સંસ્થા
**મંત્રાલય** : મહિલા અને બાળ વિકાસ મંત્રાલય
**વડુમથક** : નવી દિલ્હી
**ઉદ્દેશ** : તમાત કાયદાઓ, કાર્યક્રમો, નિતિઓ અને વહીવટી તંત્રમાં બાળ અધિકારી કેન્દ્રિત અભિગમ હાંસલ કરવાનો ઉદ્દેશ છે.

## પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના (PMMSY) નો બે વર્ષ પૂર્ણ

- તાજેતરમાં ભારત સરકારના કેન્દ્રીય મત્સ્યોદ્યોગો; પશુપાલન અને ડેરી મંત્રી પુરુષોતમ રૂપાલા દ્વારા પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના 2 વર્ષ પૂર્ણ થવાના અવસરે એક કાર્યક્રમ નવી દિલ્હીખાતે આયોજિત કરવામાં આવ્યો છે.
- આ યોજના મુજબ છેલ્લા 2 વર્ષમાં મત્સ્ય ઉદ્યોગનો વૃદ્ધિ દર વર્ષ 2019 – 20ની સરખામણીમાં વર્ષ 2021-22 માં 14.3% થયો છે.
- આ યોજના અનુસાર માછલી ઉત્પાદન વર્ષ 2019-20 માં 141.64 લાખ ટન હતું તે વધીને વર્ષ 2021 – 22 માં 161.87 લાખ ટન થયું છે.
- આ યોજના મુજબ માછલી અને ઝીંગાનું નિકાસ વર્તમાનમાં ચીન, થાઈલેન્ડ, જાપાન, તાઈવાન, ટ્યુનિશિયા, યુનાઈટેડ સ્ટેટ્સ, હોંગકોંગ, કુવેત વગેરે સહિત 123 દેશોમાં નિકાસ થઈ રહી છે.
- આ યોજના અનુસાર મત્સ્યોદ્યોગના વિકાસ માટે 276 Deep Sea Vessels (જહાજ)ની ખરીદી શરૂ કરવામાં આવી છે.
- આ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં 22 રાજયો અને 7 કેન્દ્રશાસિત પ્રદેશોમાં 31.47 લાખ માછલી ખેડૂતોને વીમા કવરેજ આપવામાં આવ્યું છે.
- આ યોજના મુજબ મત્સ્ય ઉદ્યોગમાં અત્યાર સુધીની સૌથી વધુ નિકાસ 13.64 લાખ ટન છે, જેનું મૂલ્ય રૂ. 57,587 કરોડ છે. જેમા ઝીંગા માછલીનો નિકાસ સૌથી વધુ છે.
- આ યોજના વર્ષ 2024-25 ના અંત સુધીમાં 68 લાખ રોજગારીનું સર્જન કરવાનો લક્ષ્ય ધરાવે છે.




## Pradhanmantri Matasya Sampada Yojna (PMMSY) વિશે....

**શરૂઆત** : વર્ષ 2020-21
**મંત્રાલય** : મત્સ્ય ઉદ્યોગ, પશુપાલન અને ડેરી
**ઉદ્દેશ** : માછલી ખેડૂતો અને માછીમારોને સામાજિક, આર્થિક અને શારીરિક સુરક્ષા પ્રદાન કરવી.

GOVT. JOBS

"શું થયું તેના પર હું કદી નજર રાખતો નથી,
પરંતુ શું કરવાનું બાકી છે તેનું જ ધ્યાન રાખું છું"

ટુંક સમય(સંભવિત)માં જાહેર થનાર

# TET
# TAT

શૈક્ષણિક મનોવિજ્ઞાન તેમજ અભિયોગીતા માટે ખાસ વર્ગો

# Special Batch

950 થી વધુ વિદ્યાર્થીઓની ગુજરાત સરકારની વિવિધ ભરતીઓમાં પસંદગી

Then Why Wait?

ADMISSION OPEN

આજે જ આપની નજીકની શાખાનો સંપર્ક કરો...

(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)

NEW CLASS START FROM EVERY MONDAY

| સુરત (ઉધના) | સુરત (વરાછા) | નવસારી | વ્યારા |
|---|---|---|---|
| Ph. : 70461 40555 | Ph. : 70464 16555 | Ph. : 70466 41555 | Ph. : 90998 64658 |


# 7 પર્યાવરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી

## ફાર્માસ્યુટિકલ્સ વિભાગે "પ્રમોશન ઓફ બલ્ક ડ્રગ પાર્ક"ને મંજૂરી આપી.

- તાજેતરમાં કેન્દ્ર સરકારના ફાર્માસ્યુટિકલ્સ વિભાગે બલ્ક ડ્રગ પાર્કસને પ્રોત્સાહન યોજના હેઠળ ત્રણ રાજ્યો ગુજરાત, હિમાચલ પ્રદેશ અને આંધ્રપ્રદેશમાં બલ્ક ડ્રગ પાર્ક સ્થાપવાની દરખાસ્તોને સૈદ્ધાંતિક મંજૂરી આપી. દેશમાં બલ્ક ડ્રગ મેન્યુફેકચરિંગને ટેકો આપવા માટે આ એક મોટી પહેલ છે.
- ગુજરાતમાં ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકામાં 2015.02 એકર જમીનમાં બલ્ક ડ્રગ પાર્ક સ્થાપવામાં આવશે.
- આ યોજના હેઠળ 13 રાજ્યોમાંથી બલ્ક ડ્રગ પાર્ક બનાવવાની દરખાસ્તો મળી હતી. જેમાંથી ગુજરાત, હિમાચલ પ્રદેશ અને આંધ્રપ્રદેશની પસંદગી કરવામાં આવી છે.
- કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાત અને આંધ્રપ્રદેશમાં બલ્ક ડ્રગ પાર્ક માટે નાણાકીય સહાય વહેંચાયેલ ઈન્ફ્રાસ્ટ્રકચરના પ્રોજેકટ ખર્ચના 70 ટકા ખર્ચ આપવામાં આવશે. તેમજ હિમાચલ પ્રદેશ માટે કુલ પ્રોજેકટ ખર્ચના 90 ટકા ખર્ચ આપવામાં આવશે.
- આ યોજના બલ્ક દવાઓના સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહિત કરીને આયાત પર નિર્ભરતા ઘટાડશે. આ યોજના હેઠળ વિકસાવવામાં આવનાર બલ્ક ડ્રગ પાર્ક એક જગ્યાએ સામાન્ય માળખાકીય સુવિધાઓ પુરી પાડશે, જેનાથી દેશમાં જથ્થાબંધ દવાના ઉત્પાદન માટે એક મજબૂત ઈકોસિસ્ટમનું નિર્માણ થશે અને ઉત્પાદન ખર્ચમાં પણ નોંધપાત્ર ઘટાડો થશે.




## ભારતનું પ્રથમ સ્વદેશી નિર્મિત એરક્રાફ્ટ કેરિયર INS વિક્રાંતનું લોકાર્પણ.




- વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા 02 સપ્ટેમ્બર, 2022 ના રોજ કોચીન શિપયાર્ડ ખાતે સ્વદેશી એરક્રાફ્ટ કેરિયર 'INS વિક્રાંત'નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.
- આ લોકાર્પણ કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતીય નૌકાદળ માટે નવું ચિન્હ આધારીત ધ્વજનું પણ અનાવરણ કર્યું હતું.
- આ INS વિક્રાંત પર એરક્રાફ્ટ લેન્ડિંગ ટ્રાયલ નવેમ્બરમાં શરૂ થશે અને વર્ષ 2023ના મધ્યકાળ સુધીમાં પૂર્ણ થશે. આ INS વિક્રાંત કેરિયર 2023ના અંત સુધીમાં સંપૂર્ણ રીતે કાર્યરત થઈ જશે.
- INS વિક્રાંત હિંદ મહાસાગર ક્ષેત્રમાં યુદ્ધ અને દરિયાઈ નિયંત્રણ ક્ષમતાઓને મજબૂત બનાવે છે.
- નૌકાદળમાં INS વિક્રાંતના સમાવેશ સાથે આ એરક્રાફ્ટ કેરિયર ભારતીય નૌકાદળને એક મુખ્ય મેરિટાઈમ મિલેટ્રી ફોર્સ તરીકે સ્થાપિત કરશે જે દૂરના દરિયામાં તેની શકિત દર્શાવવાની ક્ષમતા ધરાવે છે.

### INS VIKRANT વિશે....

- INS વિક્રાંતને 'સ્વદેશી વિમાન વાહક–1'(IAC-1 : Indigenous Aircraft Carrier-1) તરીકે પણ ઓળખાય છે.
- આ જહાજનું નિર્માણ ભારતીય નૌકાદળ માટે કેરળના કોચીન શિપયાર્ડ દ્વારા કરવામાં આવ્યું છે. આ જહાજના નિર્માણમાં કુલ સ્વદેશી સામગ્રી 76% છે.
- આ યુદ્ધ જહાજ 262 મીટર લાંબુ, 62 મીટર પહોળું અને તેની ઊંચાઈ 59 મીટર છે. આ જહાજને બનાવવાની શરૂઆત વર્ષ 2009માં થઈ હતી. INS વિક્રાંત પાસે 2200 થી વધુ કોચ છે, જે લગભગ 1600 લોકોના ક્રૂ માટે રચાયેલ છે, જેમાં મહિલા અધિકારીઓને સમાવવા માટે વિશેષ કેબિનનો સમાવેશ થાય છે.
- આ એરક્રાફ્ટ કેરિયર પર 'મિગ–29K ફાઈટર જેટ' અને હેલિકોપ્ટર સહિત 30 એરક્રાફ્ટોનો એક સાથે સમાવેશ કરી શકાય છે.
- વિક્રાંતની ક્રૂઝિંગ સ્પીડ 18 નોટ્સ છે, જેની ટોપ સ્પીડ લગભગ 28 નોટ્સ છે. INS વિક્રાંત 4 જનરલ ઈલેકિટ્રક ગેસ ટર્બાઈન દ્વારા સંચાલિત છે.
- INS વિક્રાંતનું સૂત્ર "જયમા સમ યુધિ સ્પર્શહ" છે. તે ઋગ્વેદમાંથી લેવામાં આવ્યું છે. તેનો અર્થ છે "જેઓ મારી સામે લડે છે તેઓને હું હરાવીશ."
- 45000 ટનની સંપૂર્ણ વિસ્થાપન ક્ષમતા સાથે INS વિક્રાંત ભારતમાં ડિઝાઈન અને નિર્માણ પામેલુ નૌકાદળનું સૌથી મોટું જહાજ છે અને આ સિદ્ધિ સાથે ભારત દેશ અમેરિકા, યુનાઈટેડ કિંગ્ડમ, ફ્રાન્સ, રશિયા, ઈટાલી અને ચીન જેવા રાષ્ટ્રોના જૂથમાં સામેલ થઈ ગયું છે, જેની પાસે આવી ક્ષમતા છે.

## ભારતીય નૌકાદળના નવા ચિહ્નનું અનાવરણ કરવામાં આવ્યું.



- તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોચીન શિપયાર્ડ લિમિટેડમાં INS વિક્રાંતને ભારતીય નૌકાદળને સોંપતી વખતે ભારતીય નૌકાદળના નવા ધ્વજનું અનાવરણ કર્યું હતું જે મહાન ભારતીય સમ્રાટ છત્રપતિ શિવાજી મહારાજની મુદ્રામાંથી લીધેલ છે.
- આ નવા ધ્વજમાં બે મુખ્ય ઘટકો છે : (i) ઉપલા ડાબી બાજુએ કેન્ટન રાષ્ટ્રીય ચિહ્ન, (ii) ફ્લાય સાઈડની મધ્યમાં નેવી બ્લુ–ગોલ્ડ અષ્ટકોણ.
- આ નવા ધ્વજમાંથી સેન્ટ જ્યોર્જ ક્રોસ દૂર કરવામાં આવ્યો છે અને તેના સ્થાને શ્રી છત્રપતિ શિવાજી મહારાજની શાહી મુદ્રા મૂકવામાં આવી છે. નવા ધ્વજમાં ઉપર ડાબી બાજુએ ત્રિરંગો બનાવવામાં આવ્યો છે. તેની બાજુમાં વાદળી પૃષ્ઠભૂમિ પર સોનેરી રંગમાં અશોકનું પ્રતિક છે. તેની નીચે સંસ્કૃત ભાષામાં 'શમ નો વરુણ' લખેલું છે. તેનો અર્થ એ છે કે પાણીના દેવતા વરુણ આપણા માટે શુભ છે.
- આ ધ્વજમાં વાદળી અષ્ટકોણ આકાર આઠ દિશાઓનું પ્રતિનિધિત્વ કરે છે, જે ભારતીય નૌકાદળની બહુપક્ષીય પહોંચ અને બહુવિધ કાર્યકારી ક્ષમતાનું પ્રતિક છે.

### ભારતીય નૌકાદળના ધ્વજનો ઈતિહાસ....

- ભારત બ્રિટિશ સત્તામાંથી આઝાદ થયું, પરંતુ ભારતીય નૌકાદળનો ધ્વજ બ્રિટિશ કાળની ઓળખ બનીને રહી ગયો હતો.
- આ નૌકાદળનો ધ્વજ પર દેખાતો લાલ ક્રોસ એ 'સેન્ટ જ્યોર્જ ક્રોસ' છે, જે એક સમયે અંગ્રેજી ધ્વજનો ભાગ હતો.
- વર્ષ 2001માં આ ધ્વજને બદલીને તેમાંથી રેડ ક્રોસને દૂર કરવામાં આવ્યો હતો અને તેની જગ્યાએ અશોક સ્તંભનું પ્રતિક વાદળી રંગમાં બનાવવામાં આવ્યું હતું. જો કે વાદળી રંગ સમુદ્ર અને આકાશના રંગ સાથે ભળી જાય છે જેના કારણે તે દેખાતું નથી તેવી ફરિયાદ હતી.
- આ પછી વર્ષ 2004માં તેને ફરીથી બદલવામાં આવ્યો અને રેડ ક્રોસની સ્થાપના કરવામાં આવી પરંતુ આ વખતે અશોકનું પ્રતિક રેડ ક્રોસની મધ્યમાં મૂકવામાં આવ્યું હતું.
- વર્ષ 2014માં તેમાં ફરીથી ફેરફાર કરવામાં આવ્યો અને અશોક પ્રતિકની નીચે 'સત્યમેવ જયતે' લખવામાં આવ્યું.
- હવે આ નવા ધ્વજમાં ઉપર ડાબી બાજુએ ત્રિરંગો મૂકવામાં આવ્યો છે.

## Quick Reaction Surface to Air Missile (QRSAM)નું પરિક્ષણ કરવામાં આવ્યું.




- તાજેતરમાં ભારતે ઓડિશાના દરિયાકાંઠે ઈન્ટીગ્રેટેડ ટેસ્ટ રેન્જ (ITR) ચાંદીપુરથી 'ક્વિક રિએક્શન સરફેસ ટુ એર મિસાઈલ' (QRSAM) સિસ્ટમના છ સફળ ફ્લાઈટ પરીક્ષણો કર્યા.
- આ પરીક્ષણ Defence Research and Development Organisation (DRDO) અને ભારતીય સેના દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું.

### Quick Reaction Surface to Air Missile (QRSAM) વિશે...

- QRSAM એ કેનિસ્ટર આધારીત સિસ્ટમ છે, જેનો અર્થ છે કે તે ખાસ ડિઝાઈન કરેલા કમ્પાર્ટમેન્ટ્સમાંથી સંગ્રહિત અને સંચાલિત થાય છે.
- કેનિસ્ટર, આંતરિક નિયંત્રણ પ્રણાલી છે, જેનાથી મિસાઈલ પરિવહન અને મિસાઈલ એસેમ્બલ સિસ્ટમને સરળ બનાવે છે, તેમજ મિસાઈલની સેલ્ફ લાઈફમાં ઘણો સુધારો કરે છે.
- આ મિસાઈલ ટૂંકા અંતરની સપાટીથી હવામાં (Surface to Air) મિસાઈલ સિસ્ટમ છે, જે મુખ્યત્વે DRDO દ્વારા દુશ્મનના હવાઈ હુમલાઓથી સૈન્યના સશસ્ત્ર વિસ્તારોને રક્ષણ પૂરું પાડવા માટે વિકસાવવામાં આવી છે.
- આ સંપૂર્ણ શસ્ત્ર પ્રણાલી (Wapon System) મોબાઈલ અને મૂવેબલ પ્લેટફોર્મ પર ગોઠવવામાં આવી છે અને પરિવહન વખતે હવાઈ હુમલા સામે સંરક્ષણ પ્રદાન કરવામાં સક્ષમ છે.
- QRSAM હથિયાર સાથે ચાલતી સ્થિતિમાં કામ કરે છે જેની રેન્જ 25 થી 30 કિમી છે, જેમાં સંપૂર્ણ સ્વચાલિત કમાન્ડ અને કંટ્રોલ સિસ્ટમનો સમાવેશ થાય છે.
- તેમાં લોન્ચર સાથે બે રડાર – એક્ટિવ એરે બેટરી સર્વેલન્સ રડાર અને એક્ટિવ એરે બેટરી મલ્ટીફંક્શન રડાર પણ સામેલ છે.
- બંને રડાર "સર્ચ ઓન મૂવ" અને "ટ્રેક ઓન મૂવ" ક્ષમતાઓ સાથે 360 ડિગ્રી કવરેજ ધરાવે છે.
- આ સિસ્ટમ કોમ્પેક્ટ છે, સિંગલ સ્ટેજ સોલિડ પ્રોપેલ્ડ મિસાઈલનો ઉપયોગ કરે છે અને તેમાં દ્વિ–માર્ગી ડેટા લિંક અને ટર્મિનલ એક્ટિવ સીકર સાથે મિડ–કોર્સ ઈનર્શિયલ નેવિગેશન સિસ્ટમ છે, જે DRDO દ્વારા સ્વદેશી રીતે વિકસાવવામાં આવી છે.

## મૈત્રી સુપર થર્મલ પાવર પ્રોજેકટનું અનાવરણ

- વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીનાએ તાજેતરમાં મૈત્રી સુપર થર્મલ પાવર પ્રોજેકટના યુનિટ–1નું અનાવરણ કર્યું હતું.
- આ થર્મલ પાવર પ્રોજેકટ બાંગ્લાદેશના ખુલના વિભાગના બાગેરહાટ જિલ્લામાં રામપાલ ખાતે આવેલું છે.
- 1320 (2´660) મેગાવોટનો કોલસા આધારિત પાવર પ્લાન્ટ લગભગ 2 બિલિયન ડોલરના ખર્ચે સ્થાપવામાં આવી રહ્યો છે.
- આ પ્રોજેકટ ભારતની રાહત ધિરાણ યોજના હેઠળ વિકસાવવામાં આવી રહ્યો છે અને તે બાંગ્લાદેશના રાષ્ટ્રીય ગ્રીડમાં 1320 મેગાવોટ ક્ષમતા ઉમેરશે.
- તે બાંગ્લાદેશ–ભારત ફ્રેન્ડશીપ પાવર કંપની પ્રાઈવેટ લિમિટેડ (BIFPCL) માટે ભારત હેવી ઈલેકિટ્રકલ્સ લિમિટેડ (BHEL) દ્વારા બનાવવામાં આવી રહ્યું છે.
- આ સુપર થર્મલ પાવર પ્લાન્ટનું પ્રથમ યુનિટ ઓકટોબરની શરૂઆતમાં કોમર્શિયલ ઓપરેશનમાં જશે અને બાંગ્લાદેશ–ભારત પાવર સેકટરમાં વધતા સહકારમાં એક મોટી સફળતા હશે.




- પાવર પ્લાન્ટનું યુનિટ–2, જેને રામપાલ કોલસા આધારિત પાવર પ્રોજેકટ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે આવતા વર્ષની શરૂઆતમાં કાર્યરત થવાની અપેક્ષા છે.
- એકવાર આ મેગા પાવર પ્લાન્ટના બંને એકમો કાર્યરત થઈ ગયા પછી, મૈત્રી સુપર થર્મલ પાવર પ્રોજેકટ બાંગ્લાદેશના સૌથી મોટા પાવર પ્લાન્ટ્સમાંનો એક હશે.

## ભારતની પ્રથમ ઈન્ટ્રાનાસલ કોરોના રસી (Intranasal Covid Vaccine) રજૂ કરવામાં આવી.




- ભારત બાયોટેક દ્વારા દેશની પ્રથમ ઈન્ટ્રાનાસલ કોવિડ રસીને તાજેતરમાં 18 વર્ષથી વધુ ઉંમરના લોકો માટે ચેપ સામે પ્રાથમિક રસીકરણ માટે DCGI મંજૂરી મળી છે. આ રસીને ChAd36-SARS-CoV-S COVID-19 નામ આપવામાં આવ્યું છે.
- ChAd36-SARS-CoV-S કોવિડ–19 (ચિમ્પાન્ઝી એડેનોવાયરસ વેકટરેડ) ભારત બાયોટેક દ્વારા કોવિડ–19 માટે રિકોમ્બિનન્ટ નેસલ વેકિસન તેની પ્રકારની સોય–મુકત રસીમાંથી પ્રથમ છે.
- આ રસીની મંજૂરી પહેલા, હૈદરાબાદ સ્થિત ભારત બાયોટેક ઈન્ટરનેશનલ લિમિટેડ લગભગ 4,000 સ્વયંસેવકો પર આ રસીના ત્રીજા તબક્કાના ટ્રાયલ હાથ ધર્યા હતા. આ ટ્રાયલમાં રસી અસરકારક સાબિત થઈ છે. જે પછી આ રસી 18 વર્ષ અને તેની વધુ વયના લોકો માટે કટોકટીની પરિસ્થિતિઓમાં પ્રતિબંધિત ઉપયોગ હેઠળ મંજૂર કરવામાં આવી છે.

### ChAd36-SARS-CoV-S COVID-19 વિશે...

- આ એક નવી ઈન્ટ્રાનાસલ રસી છે જે સોય (ઈન્જેકશન)ની મદદ વગર આપવામાં આવે છે. અને આવનારા દિવસોમાં તે વધુ સુરક્ષિત અને વધુ અસરકારક વિકલ્પ સાબિત થશે. આ રસી વ્યાપક રોગપ્રતિકારક પ્રતિભાવને વધારે છે.

## ભારતીય સેનાએ 'પર્વત પ્રહાર' અભ્યાસ હાથ ધર્યો

- તાજેતરમાં આર્મી ચીફ જનરલ મનોજ પાંડેએ 'પર્વત પ્રહાર' અભ્યાસની સમીક્ષા કરવા લદાખ સેકટરની મુલાકાત લીધી હતી અને કમાન્ડરો દ્વારા તેમને જમીન પર ઓપરેશનલ તૈયારીઓ વિશે માહિતી આપવામાં આવી હતી. આ અભ્યાસમાં સેનાના તમામ વડાઓને સામેલ કરવામાં આવ્યા હતા.
- 'પર્વત પ્રહાર' નામનો આ અભ્યાસ ભારતીય સેનાની વન સ્ટ્રાઈક કોર્પ્સ દ્વારા કરવામાં આવી રહ્યો છે. 'પર્વત પ્રહાર' એ ભારતીય સેનાની 20 દિવસનો લાંબો અભ્યાસ છે.
- આ અભ્યાસ ત્યારે કરવામાં આવ્યો છે જ્યારે ભારત અને ચીન પૂર્વી લદાખમાં ગોગરા–હોટ સ્પ્રિંગ્સ (PP-15) થી અલગ થઈ રહ્યા છે, જે 8 સપ્ટેમ્બરે જાહેરાત કરવામાં આવી હતી. આ અલગ થવાની પ્રક્રિયા 17મી જુલાઈ, 2022ના રોજ ચુશુલ મોલ્ડો મીટિંગ પોઈન્ટ ખાતે યોજાયેલી ભારત અને ચીનના કોર્પ્સ કમાન્ડરો વચ્ચેની 16મી મંત્રણાને અનુસરે છે.




- આ અભ્યાસમાં ઉચ્ચ ઊંચાઈવાળા પાયદળ કર્મચારીઓ, T-90S અને T-72 ટેન્ક, યાંત્રિક પાયદળ, K-9 વજ, બોફોર્સ અને M-777 હોવિત્ઝર્સ, હેલિકોપ્ટર અને વિમાન સામેલ હતા.
- અભ્યાસમાં ચિનૂક હેવી લિફ્ટ હેલિકોપ્ટર અને K9-વજ હોવિત્ઝર્સ દ્વારા વહન કરવામાં આવેલા ઓલ–ટેરેન વાહનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**ભારતીય થલ સેના (Army) વિશે....**

**રચના** : 1 એપ્રિલ, 1895
**વડુમથક** : નવી દિલ્હી
**મુદ્રા (Motto)** : सेवा परमो धर्म
**ભારતીય સેના વડા :** જનરલ મનોજ પાંડે

- ભારતીય થલ સેના એ ભારતીય સશસ્ત્ર દળોનું સૌથી મોટું સૈન્ય છે. ભારતના રાષ્ટ્રપતિ ભારતીય સેનાના સર્વોચ્ચ કમાન્ડર છે અને સેના સ્ટાફના વડા 4 સ્ટાર ધરાવે છે.

## કુનો નેશનલ પાર્કમાં ચિત્તાને ફરીથી સ્થાપિત કરવામાં આવશે.

- તાજેતરમાં નામીબીયાથી લાવવામાં આવેલ ચિત્તાઓની પ્રથમ બેચ મધ્યપ્રદેશના કુનો નેશનલ પાર્કમાં વડાપ્રધાન મોદી દ્વારા 17 સપ્ટેમ્બરે રાષ્ટ્રીય ઉદ્યાનમાં 8 ચિત્તા છોડવામાં આવ્યા.

વડાપ્રધાન મોદીએ મધ્ય પ્રદેશના કુનો રાષ્ટ્રીય ઉદ્યાનમાં જંગલી ચિત્તાનું વિમોચન કર્યું



- સરકાર 1952માં ભારતમાંથી લુપ્ત થઈ ગયેલા ચિત્તાઓને ફરીથી લાવવાની યોજના બનાવી રહી છે. વસવાટની ખોટ, સંકોચાઈ રહેલા શિકારનો આધાર, આબોહવા પરિવર્તન અને વધતી જતી માનવ વસતીને કારણે ભારતમાં એશિયાટિક ચિત્તા લુપ્ત થઈ ગયા છે.
- હાલમાં ઈરાન વિશ્વનો એકમાત્ર એવો દેશ છે જ્યાં એશિયાટિક ચિત્તાઓની વસતી છે. ભારત 1960 અને 1970ના દાયકાથી ચિત્તા રજૂ કરવાની યોજના બનાવી રહ્યું છે. જો કે, આ યોજના કયારેય ફળીભૂત થઈ ન હતી કારણ કે તેહરાને એશિયાટિક ચિત્તાઓની વિવેચનાત્મક રીતે ઓછી વસ્તી સાથે ભાગ લેવાનો ઈનકાર કર્યો હતો.
- આફ્રિકન ચિત્તા તેમના એશિયન પિતા કરતા સહેજ મોટા હોય છે. તેઓ સમગ્ર આફ્રિકામાં જોવા મળે છે અને IUCN રેડ લિસ્ટ દ્વારા તેમને સંવેદનશીલ તરીકે સૂચિબદ્ધ કરવામાં આવ્યા છે.આફ્રિકન ચિત્તાઓની પ્રથમ બેચમાં પાંચ માદા અને ત્રણ નર હશે. ઈલેકિટ્રક ફેન્સીંગથી ઘેરાયેલી 500 હેકટર જમીનમાં ચિત્તાઓને છોડવામાં આવશે અને તેનું નિરીક્ષણ કરવામાં આવશે.

**KUNO NATIONAL PARK વિશે....**

- મધ્યપ્રદેશમાં કુનો રાષ્ટ્રીય ઉદ્યાનની સ્થાપના 1981માં વન્યજીવ અભયારણ્ય તરીકે કરવામાં આવી હતી અને બાદમાં તેને 2018માં રાષ્ટ્રીય ઉદ્યાનનો દરજ્જો આપવામાં આવ્યો હતો.
- આ પાર્કનું નામ કુનો નદીના નામ પરથી રાખવામાં આવ્યું હત, જે ચંબલ નદીની મુખ્ય ઉપનદીઓમાંની એક છે. આ નદી રાષ્ટ્રીય ઉદ્યાનને વિભાજિત કરીને તેની સમગ્ર લંબાઈ માટે વહે છે.


## જાપાન–ભારત મેરીટાઈમ કવાયત JIMEX-2022




- તાજેતરમાં જાપાન–ભારત મેરીટાઈમ એકસરસાઈઝ (JIMEX-2022)ની છઠ્ઠી આવૃત્તિ 11 સપ્ટેમ્બર, 2022ના રોજ શરૂ કરવામાં આવી હતી.
- JIMEX-2022 હાલમાં બંગાળની ખાડીમાં ભારતીય નૌકાદળ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.
- ભારતનું પ્રતિનિધિત્વ ત્રણ સ્વદેશી ડિઝાઈન અને નિર્મિત યુદ્ધ જહાજો દ્વારા કરવામાં આવે છે.
- આ સહ્યાદ્રી (મલ્ટિ–રોલ સ્ટીલ્થ ફ્રિગેટ) અને બે સબમરીન વિરોધી યુદ્ધ જહાજો કદમત્ત અને કાવારત્તી છે.
- ગાઈડેડ મિસાઈલ ડિસ્ટ્રોયર રણવિજય, ફલીટ ટેન્કર જ્યોતિ, ઓફશોર પેટ્રોલ વેસલ સુકન્યા, સબમરીન, MIG 29K ફાઈટર એરક્રાફટ, લોંગ રેન્જ મેરીટાઈમ પેટ્રોલ એરક્રાફટ અને હેલિકોપ્ટર પણ કવાયતમાં ભાગ લઈ રહ્યા છે.
- જાપાની પક્ષનું પ્રતિનિધિત્વ હેલિકોપ્ટર કેરિયર ઈઝુમો અને ગાઈડેડ મિસાઈલ ડિસ્ટ્રોયર ટાકાનામી દ્વારા કરવામાં આવી રહ્યું છે.
- ભારતીય નૌકાદળ અને JMSDF વચ્ચેની સંયુકત નૌકા કવાયતમાં બે તબક્કાઓનો સમાવેશ થાય છે : (i) સમુદ્ર તબક્કો, (ii) બંદર તબક્કો.
- આ આવૃત્તિ JIMEXની 10મી વર્ષગાંઠને ચિહ્નિત કરે છે, જે પ્રથમ વખત 2012માં જાપાનમાં થઈ હતી. તે ભારત અને જાપાન વચ્ચે રાજદ્વારી સંબંધોની સ્થાપનાની 70મી વર્ષગાંઠ સાથે પણ એકરૂપ છે. આ દ્વિપક્ષીય કવાયતનો ઉદ્દેશ્ય સપાટી, ઉપ–સપાટી અને હવાઈ ક્ષેત્રોમાં કવાયત દ્વારા બંને દેશોના દરિયાઈ દળો વચ્ચે આંતર–કાર્યક્ષમતા સુધારવાનો છે.

## ઓસ્ટ્રેલિયામાં કકડુ (KAKADU) – 2022 લશ્કરી અભ્યાસ

- લશ્કરી કવાયત 'કકડુ 2022' 12 સપ્ટેમ્બર, 2022ના રોજ ડાર્વિન, ઓસ્ટ્રેલિયામાં શરૂ થયો.
- KAKADU 2022 (KA22) એ ઓસ્ટ્રેલિયન નૌકાદળ દ્વારા ઓસ્ટ્રેલિયાના ઉત્તરીય પ્રદેશની રાજધાની ડાર્વિનમાં કરવામાં આવતી બહુરાષ્ટ્રીય કવાયત છે.
- આ વર્ષે 12 થી 24 સપ્ટેમ્બર સુધી રોયલ ઓસ્ટ્રેલિયન એરફોર્સના સમર્થન સાથે રોયલ ઓસ્ટ્રેલિયન નેવી દ્વારા તેનું આયોજન કરવામાં આવશે.




- દ્વિવાર્ષિક દરિયાઈ કવાયત, જે બે અઠવાડિયા સુધી ચાલે છે, તેમાં 22 દેશોના લગભગ 3000 કર્મચારીઓ, 15 યુદ્ધ જહાજો અને 30થી વધુ વિમાનો એકસાથે લાવે છે.
- ભારતીય નૌકાદળનું પ્રતિનિધિત્વ INS સતપુરા અને P8I મેરીટાઈમ પેટ્રોલ એરક્રાફ્ટ દ્વારા કરવામાં આવે છે. આ દરિયાઈ તબક્કો અને બંદર તબક્કા બંનેને આવરી લેશે.
- અભ્યાસ KAKADUની પ્રારંભિક આવૃત્તિ 1993માં હાથ ધરવામાં આવી હતી.
- સિંગાપોર, ન્યુઝીલેન્ડ, થાઈલેન્ડ, મલેશિયા, ઈન્ડોનેશિયા, પાપુઆ ન્યુ ગિની, ફિલિપાઈન્સ, જાપાન, દક્ષિણ કોરિયા, ફ્રાન્સ, ભારત, પાકિસ્તાન, બ્રુનેઈ, તિમોર–લેસ્ટ, ટોંગા, કેનેડા, બાંગ્લાદેશ, કમ્બોડિયા, વિયેટનામ, ફિજી, યુએસ, યુએઈ, કૂક આઈલેન્ડ્સ, શ્રીલંકા, ચિલી, ચીન અને વાનુઆતુ છેલ્લા 3 દાયકામાં આ કવાયતમાં ભાગ લેનારા દેશો છે.
- રોયલ ઓસ્ટ્રેલિયન એર ફોર્સ (RAAF) દ્વારા આયોજિત દ્વિવાર્ષિક કવાયત – વ્યાયામ પિચ બ્લેકના સમાપનના એક અઠવાડિયા કરતા ઓછા સમયમાં KA22 લોન્ચ કરવામાં આવ્યું છે.
- કેનેડા, ફ્રાન્સ, જર્મની, ભારત, ઈન્ડોનેશિયા, જાપાન, મલેશિયા, નેધરલેન્ડ, ન્યુઝીલેન્ડ, ફિલિપાઈન્સ, કોરિયા રિપબ્લિક, સિંગાપોર, થાઈલેન્ડ, યુનાઈટેડ આરબ અમીરાત, યુકે અને યુએસએ આ એકસરસાઈઝ પિચ બ્લેક 2022માં ભાગ લીધો હતો.

**INS સતપુરા વિશે....**

- INS સતપુરા એ તલવાર–કલાસ ફ્રિગેટ કરતાં વધુ સારી સ્ટીલ્થ અને જમીન પર હુમલો કરવાની ક્ષમતા સાથે શિવાલિક–કલાસ સ્ટીલ્થ મલ્ટિ–રોલ ફ્રિગેટ છે. આ સ્ટીલ્થ ફ્રિગેટ મઝાગોન ડોક લિમિટેડ, મુંબઈ ખાતે બનાવવામાં આવ્યું હતું. તેને આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ ખાતેના મુખ્ય મથક પૂર્વીય નૌકા કમાન્ડમાં સામેલ કરવામાં આવ્યું હતું.

# Food Corporation of India (FCI) Recruitment - 2022

**Online Form : 6th Sept To. 5th Oct 2022**

## TOTAL VACANCY (ZONE - WISE)

| | |
|---|---|
| North | 2388 |
| South | 989 |
| East | 768 |
| West | 713 |
| North - East | 185 |

**Total Vacancy 5043**


Join Gujarat Top Ranked Institute....

ADMISSION OPEN

Don't Wait..! Join Now Your Nearest Branch


(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)

NEW CLASS START FROM EVERY MONDAY

સુરત (ઉધના) Ph. : 70461 40555
સુરત (વરાછા) Ph. : 70464 16555
નવસારી Ph. : 70466 41555
વ્યારા Ph. : 90998 64658

# 8 રમત-જગત, નિમણૂક, વ્યક્તિ, પુસ્તક અને નિધન

## વિનોબા ભાવેની 127મી જન્મજયંતી




- ભૂદાન આંદોલનના પ્રણેતા અને સમાજસુધારક આચાર્ય વિનોબા ભાવેનો જન્મ 11 સપ્ટેમ્બર, 1895ના રોજ મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લાના ગાગોદ ખાતે એક બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. તેમનું મૂળનામ વિનાયક હતું. આ વર્ષે તેમની 127મી જન્મજયંતી છે.
- તેમણે દસ વર્ષની ઉંમરે આજીવન બ્રહ્મચર્ય પાળવાની અને લગ્ન નહી કરવાની પ્રતિજ્ઞા કરી હતી અને નાની ઉંમરમાં રામાયણ, મહાભારત અને ભગવદ્ગીતાનો અભ્યાસ કરી લીધો હતો.
- વર્ષ 1916માં વડોદરામાં સ્નાતક થયા બાદ 21 વર્ષની વયે તેમણે ગૃહત્યાગ કર્યો હતો અને સાધુ થવા કાશી તરફ પ્રયાણ કર્યું હતું.
- તેમના પર ગાંધીજીના વિચારોનો ઘણો જ પ્રભાવ હતો. તેમણે બનારસમાં ગાંધીજીના ક્રાંતિકારી ભાષણો સાંભળ્યા પછી હિમાલયમાં તપ કરવા જવાનું માંડી વાળ્યું હતું. ગાંધીજીએ તેમનું નામ 'વિનોબા' પાડયું હતું.
- તેમને ભારતના 'રાષ્ટ્રીય અધ્યાપક' અને 'મહાત્મા ગાંધીના આધ્યાત્મિક ઉત્તરાધિકારી' માનવામાં આવે છે.
- તેમણે 8 એપ્રિલ, 1921માં વર્ધા પાસે પવનાર આશ્રમની સ્થાપના કરી હતી.
- તેમણે વર્ષ 1923માં મરાઠીમાં 'મહારાષ્ટ્ર ધર્મ' નામની માસિક પત્રિકા શરૂ કરી હતી. આ પત્રિકામાં મુખ્યત્વે ઉપનિષદો પરના નિબંધો હતા.
- 17 ઓક્ટોબર, 1940ના રોજ ગાંધીજીએ 'વ્યકિતગત સત્યાગ્રહ'નો પ્રારંભ કર્યો હતો અને મહાત્મા ગાંધીએ વિનોબા ભાવેને પ્રથમ વ્યકિતગત સત્યાગ્રહી તરીકે પસંદ કર્યા હતા. જ્યારે જવાહરલાલ નેહરુ બીજા વ્યકિતગત સત્યાગ્રહી હતા.
- તેમણે વર્ષ 1948માં 'સર્વોદય સમાજ'ની સ્થાપના કરી હતી.
- તેમણે વર્ષ 1951માં 'ભૂદાન આંદોલન'નો પાયો નાખ્યો હતો અને 13 વર્ષ સુધી અવિરત પગપાળા યાત્રા કરી હતી.
- આ યાત્રા દરમિયાન તેમણે 42 લાખ એકર જમીન દાનમાં મળી હતી. દાનમાં મળેલી જમીનનું ખેતમજૂરોને અને ભૂમિવિહીન શ્રમજીવીઓને દાન કર્યું હતું, આ રીતે તેમણે જમીનની અસમાન વહેંચણીને સમાન વહેંચણી કરવાનો પ્રયાસ કર્યો હતો.
- વર્ષ 1959માં બ્રહ્મ વિદ્યા મંદિરની સ્થાપના કરી, જે મહિલાઓ માટેનો એક નાનો સમુદાય છે, જેનો ઉદ્દેશ્ય મહાત્મા ગાંધીના ઉપદેશોની તર્જ પર આત્મનિર્ભરતાનો છે.
- તેમની જાણીતી કૃતિ 'શિક્ષણ વિચાર' છે આ ઉપરાંત તેમણે ગીતા–પ્રવચન, વિચારપોથી, સ્વરાજ્ય શસ્ત્ર, સ્થિતપ્રજ્ઞ દર્શન, અષ્ટાદશી, ભાગવત–ધર્મસાર અને જીવનદ્રષ્ટિ જેવા પુસ્તકો લખ્યા હતા.
- તેમણે 'શ્રીમદ્ ભગવદ્ગીતા'નો મરાઠી ભાષામાં કાવ્યાનુવાદ કર્યો હતો.
- તેમનું 'જય જગત' સૂત્ર સમગ્ર વિશ્વ વિશેના તેમના મંતવ્યો દર્શાવે છે.
- તેઓ વર્ષ 1958માં કમ્યુનિટી લીડરશિપ માટે એશિયાનો નોબેલ ગણાતા 'રેમન મેગ્સેસે એવોર્ડ' મેળવનાર પ્રથમ ભારતીય હતા. આ ઉપરાંત તેમને ભારત સરકાર તરફથી વર્ષ 1983માં 'ભારતરત્ન' (મરણોત્તર) થી સન્માનિત કરવામાં આવ્યા હતા.
- તેમની સ્મૃતિમાં વિનોબા ભાવે યુનિવર્સિટી ઝારખંડ રાજ્યના હજારીબાગ ખાતે આવેલ છે.
- તેમનું નિધન 15 નવેમ્બર, 1982ના રોજ મહારાષ્ટ્રના પવનાર ખાતે થયું હતું.

## ભાલાફેંક ખેલાડી નીરજ ચોપરાએ "ઝ્યુરિચ ડાયમંડ લીગ" જીતી.




- તાજેતરમાં ટોકયો ઓલિમ્પિકમાં સુવર્ણ ચંદ્રક વિજેતા જેવેલીન થ્રોઅર નીરજ ચોપરાએ સ્વિટ્ઝર્લેન્ડમાં 'ઝ્યુરિચ ડાયમંડ લીગ ફાઈનલ 2022' જીતનાર પ્રથમ ભારતીય બન્યા છે.
- નીરજ ચોપરાએ ઝ્યુરિચ ડાયમંડ લીગમાં 88.44 મીટર ભાલો ફેંકીને ડાયમંડ લીગ ટ્રોફી જીતી હતી. ડાયમંડ લીગને ઓલિમ્પિક્સ અને વર્લ્ડ ચેમ્પિયનશીપ પછી સૌથી પ્રતિષ્ઠિત ટ્રેક અને ફિલ્ડ સ્પર્ધા ગણવામાં આવે છે. વર્ષ 2010માં શરૂ થયેલી આ લીગની 13મી આવૃત્તિ સ્વિત્ઝર્લેન્ડના ઝ્યુરિચમાં યોજાઈ હતી.
- નીરજ અગાઉ 2017 અને 2018માં પણ ફાઈનલમાં ક્વોલિફાય થયો હતો, જ્યાં તે અનુક્રમે સાતમા અને ચોથા સ્થાને રહ્યા હતા, નીરજ ચોપરાએ તેના શાનદાર પ્રદર્શનથી ભારતીય રમતગમતને નવી ઊંચાઈઓ પર પહોંચાડી છે.
- 2022ની શરૂઆતમાં નીરજ ચોપરાએ સ્ટોકહોમ ડાયમંડ લીગમાં 94 મીટરના વ્યકિતગત સર્વશ્રેષ્ઠ ભાલા ફેંક સાથે બીજું સ્થાન મેળવ્યું હતું.


- તાજેતરમાં નીરજે વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપની ફાઈનલ મેચમાં 88.13 મીટરના થ્રો સાથે સિલ્વર મેડલ જીત્યો હતો. અંજુ બોબી જ્યોર્જ (2003) પછી આવું કરનાર તે બીજા એથ્લેટ છે.

**ડાયમંડ લીગ (Daimond League) વિશે...**

- ડાયમંડ લીગ એ ટોચની એથ્લેટિક ચેમ્પિયનશીપમાની એક છે. જે અગાઉ વર્લ્ડ એથ્લેટિક્સ તરીકે જાણીતી હતી.
- ડાયમંડ લીગની શરૂઆત World Athletics સંસ્થા દ્વારા વર્ષ 2010માં કરવામાં આવી હતી અને તેની સાથે 32 ઈવેન્ટ્સ સંકળાયેલા છે.
- આ લીગ શરૂ કરવા પાછળનો હેતુ ગોલ્ડન લીગને સ્થાને ડાયમંડ લીગ લાવવાનો હતો.

## PMLA અપીલ ટ્રિબ્યુનલના અધ્યક્ષ જસ્ટિસ મુનીશ્વર નાથ ભંડારીની નિમણૂંક.

- કેન્દ્ર સરકારે મદ્રાસ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ મુનીશ્વર નાથ ભંડારીને PMLA – Prevention of Money Loundering Act હેઠળ અપીલ ટ્રિબ્યુનલના અધ્યક્ષ તરીકે નિયુકત કર્યા.
- આ આદેશ નાણાં મંત્રાલય હેઠળના મહેસૂલ વિભાગ દ્વારા જાહેર કરવામાં આવ્યો હતો.
- SAFEMA હેઠળ મિલકત જપ્ત કરવા માટેની ટ્રિબ્યુનલ અને PMLA એપેલેટ ટ્રિબ્યુનલને 2016માં ફાઈનાન્સ એકટ, 2016 દ્વારા મર્જ કરવામાં આવી હતી.
- ટ્રિબ્યુનલના અધ્યક્ષનું પદ સપ્ટેમ્બર 2019થી ખાલી હતું.




**Prevention of Money Loundering Act - 2002 વિશે...**

- મની લોન્ડરિંગ એ નાણાના રૂપાંતરણનો ઉલ્લેખ કરે છે જે ગેરકાયદેસર સ્ત્રોતો અને પદ્ધતિઓ દ્વારા ગેરકાયદેસર રીતે મેળવવામાં આવ્યા છે.
- ભારતમાં આ એક ગુનાહિત કૃત્ય છે અને આ કેસના આરોપો પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ, 2002ની વૈધાનિક જોગવાઈઓનો સંદર્ભ આપે છે.
- મની લોન્ડરિંગની સમસ્યાનો સામનો કરવા માટે ભારતની વૈશ્વિક પ્રતિબદ્ધતા (વિયેના કન્વેન્શન)ના જવાબમાં PMLA ઘડવામાં આવ્યું હતું. જે આ મુજબ છે :
  - નાર્કોટિક્સ ડ્રગ્સ અને સાયકોટ્રોપિક પદાર્થોમાં ગેરકાયદેસર હેરફેર સામે સંયુકત રાષ્ટ્રનું સંમેલન, 1988
  - બેઝલ સ્ટેટમેન્ટ ઓફ પ્રિન્સિપાલ, 1989
  - મની લોન્ડરિંગ પર ફાઈનાન્શિયલ એકશન ટાસ્ક ફોર્સની ચાલીસ ભલામણો, 1990
- PMLAએ વ્યકિતઓ, કંપનીઓ, પેઢીઓ, ભાગીદારી પેઢીઓ, એસોસિએશનો અથવા વ્યકિતઓના નિગમ અને ઉપરોકત કોઈપણની માલિકીની અથવા તેના દ્વારા નિયંત્રિત કોઈપણ એજન્સી, ઓફિસ અથવા શાખા સહિત તમામને લાગુ પડે છે.

## કિબિથુ મિલિટરી પોસ્ટનું નામ જનરલ બિપિન રાવતના નામ પર રાખવામાં આવ્યું.



- ચીન સાથેની વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પર લોહિત ખીણ નજીક એક લશ્કરી સ્ટેશન અને મુખ્ય માર્ગનું નામ દેશના પ્રથમ CDS જનરલ બિપિન રાવના નામ પરથી રાખવામાં આવ્યું છે.
- કિબિથુ એ ભારતના પૂર્વ ભાગમાં લોહિત ખીણના કિનારે એક નાનકડું ગામ છે. સૈન્ય અને વ્યૂહાત્મક દૃષ્ટિકોણથી કિબિથુ એક મહત્વપૂર્ણ સ્થળ માનવામાં આવે છે.
- જનરલ બિપિન રાવતે 1999-2000 સુધી કર્નલ તરીકે કિબિથુ ખાતે તેમની બટાલિયન 5/11 ગોરખા રાઈફલ્સને કમાન્ડ કરી હતી અને પ્રદેશના સુરક્ષા માળખાને મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.
- અરૂણાચલ પ્રદેશના મુખ્યમંત્રી પેમા ખાંડુએ વાલોંગથી કિબિથુ સુધીના 22 કિલોમીટર લાંબા રસ્તાને 'જનરલ બિપિન રાવત માર્ગ' નામ આપ્યું છે. આ પ્રસંગે જનરલ રાવતની લાઈફ સાઈઝ ભીંતચિત્રનું પણ અનાવરણ કરવામાં આવ્યું હતું.

**જનરલ બિપિન રાવત વિશે...**

- તેઓ ઉત્તરાખંડના વતની હતા અને 1978માં જ્યારે તેઓ ઈન્ડિયન મિલિટરી એકેડમીમાંથી પાસ આઉટ થયા ત્યારે તેમને 'સ્વોર્ડ ઓફ ઓનર' મળ્યો હતો.
- જનરલ રાવતને છેલ્લા ત્રણ દાયકામાં ભારતીય સેનામાં યુદ્ધ ક્ષેત્રો અને વિવિધ કાર્યાત્મક સ્તરે સેવા આપવાનો જબરદસ્ત અનુભવ હતો.
- તેમણે પાકિસ્તાન સાથેની નિયંત્રણ રેખા (LOC), ચીન સાથે એલએસી (વાસ્તવિક નિયંત્રણ રેખા) અને ઉત્તર–પૂર્વના કેટલાક વિસ્તારોમાં વિવિધ ઓપરેશનલ જવાબદારીઓ સંભાળી હતી.
- તેઓ ભારતના CDS બનનાર પ્રથમ વ્યકિત હતા. ગયા વર્ષે હેલિકોપ્ટર દુર્ઘટનામાં તેમનું મૃત્યુ થયું હતું.

## વોલ્કર ટર્ક માનવ અધિકાર માટે સંયુકત રાષ્ટ્ર હાઈ કમિશનર તરીકે નિયુકત




- તાજેતરમાં સંયુકત રાષ્ટ્ર (UN)ના સેક્રેટરી જનરલ એન્ટોનિયો ગુટેરેસ આfસ્ટ્રિયાના વોલ્કર ટર્કની માનવાધિકારના સંયુકત રાષ્ટ્રના હાઈ કમિશનર તરીકે નિમણૂક કરી. તેઓ ચિલીના મિશેલ બેશેલેટનું સ્થાન લીધુ, જેમનો કાર્યકાળ 31 ઓગસ્ટના રોજ સમાપ્ત થયો હતો.
- પરંપરાગત રીતે, યુએન ચીફ હાઈ કમિશનરની પસંદગી કરતા પહેલા યુએન સિકયુરિટી કાઉન્સિલના સ્થાયી સભ્યો – ચીન, ફ્રાન્સ, રશિયા, યુનાઈટેડ કિંગડમ અને યુએસ – સાથે પરામર્શ કરે છે.
- વોલ્કર ટર્કની નિમણૂકને ન્યુયોર્કમાં સંયુકત રાષ્ટ્ર મહાસભા દ્વારા મંજૂર કરવી જરૂરી છે.
- આ પદ માટેના અન્ય ઉમેદવારોમાં આર્જેન્ટિનાના કારકિર્દી રાજદ્વારી ફેડરિકો વિલેગાસ અને સેનેગલના એડમા ડિએંગનો સમાવેશ થાય છે.

### વોલ્કર ટર્ક વિશે...

- વોલ્કર ટર્ક વિયેના યુનિવર્સિટીમાંથી ઈન્ટરનેશનલ લોમાં ડોકટરેટ અને લિન્ઝ યુનિવર્સિટી, આfસ્ટ્રિયામાંથી માસ્ટર ઓફ લાf પ્રાપ્ત કરેલ છે.
- ટર્કે તેની કારકિર્દી દરમિયાન અનેક મહત્વના હોદ્દાઓ સંભાળ્યા છે. તેમણે 2009 થી 2015 દરમિયાન આંતરરાષ્ટ્રીય સુરક્ષા વિભાગના નિયામક તરીકે પણ સેવા આપી હતી, જેમાં UNHCR એજન્સી માટે સંયુકત રાષ્ટ્રના ઉચ્ચ કમિશનર તરીકેનો સમાવેશ થાય છે.
- વોલ્કર ટર્ક આ પહેલા એન્ટોનિયો ગુટેરેસની ઓફિસમાં નીતિના અન્ડર–સેક્રેટરી–જનરલ તરીકે કામ કર્યુ છે. આ પહેલા ટર્ક જીનીવામાં સંયુકત રાષ્ટ્ર શરણાર્થીઓ, UNHCR ખાતે સુરક્ષા માટે સહાયક ઉચ્ચ કમિશનર હતા, જ્યાં તેમણે શરણાર્થીઓ પર ઐતિહાસિક વૈશ્વિક કોમ્પેકટના વિકાસમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

### યુએન હ્યુમન રાઈટ્સ હાઈ કમિશનર...

- હાઈ કમિશનર એ મુખ્ય અધિકારી છે જે સમગ્ર યુનાઈટેડ નેશન્સ સિસ્ટમમાં માનવ અધિકારો માટે બોલે છે. તે માનવ અધિકાર પ્રણાલીને મજબૂત બનાવે છે, સમાનતાને પ્રોત્સાહન આપે છે અને તમામ પ્રકારના ભેદભાવ સામે લડે છે.
- તે જવાબદારી અને કાયદાના શાસનને પણ મજબૂત બનાવે છે.

## FIFA U-17 મહિલા વિશ્વકપ 2022 ભારતમાં આયોજિત કરવામાં આવશે.

- કેન્દ્રીય કેબિનેટ FIFA U-17 મહિલા વિશ્વકપ 2022ની યજમાની માટે ભારતને હસ્તાક્ષર કરવાની મંજૂરી આપી છે.
- વર્ષ 2022 FIFA U-17 મહિલા વિશ્વકપ એ FIFA U-17 મહિલા વિશ્વકપની 7મી આવૃત્તિ છે. તે 11 ઓકટોબરથી 30 ઓકટોબર, 2022 દરમિયાન યોજાનાર છે.
- ફિફા અંડર–17 મહિલા વર્લ્ડકપ દર બે વર્ષે યોજાય છે. તેનું આયોજન 2008થી ફેડરેશન ઈન્ટરનેશનલ ડી ફૂટબોલ એસોસિએશન (FIFA) દ્વારા કરવામાં આવે છે.
- ભારત 2020 આવૃત્તિની યજમાની કરવાની હતી, જે કોવિડ–19 રોગચાળાને કારણે રદ કરવામાં આવી હતી. 2022ની આવૃત્તિમાં પુરુષોના 2017 ફિફા અંડર–17 વર્લ્ડકપ બાદ ભારત બીજી વખત ફિફા ટુર્નામેન્ટનું આયોજન કરશે.
- આ ટુર્નામેન્ટમાં સ્પેન ડિફેન્ડિંગ ચેમ્પિયન છે. આ ટુર્નામેન્ટમાં મોરોક્કો, તાન્ઝાનિયા અને ભારત પદાર્પણ કરશે. આ ટુર્નામેન્ટ ત્રણ સ્થળો ભુવનેશ્વર, નવી મુંબઈ અને ગોવામાં યોજાશે.

### International Federation of Association Football (FIFA) વિશે...

**સ્થાપના :** 21 મે, 1904
**વડુમથક :** ઝયુરિચ (સ્વિટ્ઝર્લેન્ડ)
**પ્રમુખ :** જિયાની ઈન્ફેન્ટિનો

# 9 એવોર્ડ અને પુરસ્કાર

## ડૉ. અસગર વજાહતને 31મો વ્યાસ સન્માન




- તાજેતરમાં 31મો વ્યાસ સન્માન જાણીતા હિન્દી લેખક ડૉ. અસગર વજાહતને નવી દિલ્હીમાં એક કાર્યક્રમમાં એનાયત કરવામાં આવ્યો.
- તેમના નાટક મહાબલીમાં ડૉ. અસગર વજાહતે મુઘલ સમ્રાટ અકબર અને કવિ તુલસીદાસ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. નાટક દ્વારા તે વાસ્તવિક મહાબલી, કવિ કે સમ્રાટ કોણ છે તેનો જવાબ આપવાનો પ્રયાસ કરે છે.
- છેલ્લા 10 વર્ષો દરમિયાન પ્રકાશિત ભારતીય નાગરિક દ્વારા હિન્દીમાં ઉત્કૃષ્ટ સાહિત્યિક કૃતિ માટે કે.કે બિરલા ફાઉન્ડેશન દ્વારા વ્યાસ સન્માન આપવામાં આવે છે.




# 10 મહત્વના દિવસો

## 9 સપ્ટેમ્બર : હિમાલય દિવસ (Himalaya Day)




- હિમાલય દિવસની ઉજવણી દર વર્ષે 9 સપ્ટેમ્બરે હિમાલયન ઈકોસિસ્ટમ અને પ્રદેશને બચાવવાના ઉદ્દેશ્ય સાથે કરવામાં આવે છે.
- વર્ષ 2015માં ઉત્તરાખંડના તત્કાલિન મુખ્યમંત્રી દ્વારા 9 સપ્ટેમ્બરને સત્તાવાર રીતે હિમાલય દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યો હતો.
- હિમાલય પ્રકૃતિને બચાવવા અને જાળવવામાં અને દેશને પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓથી બચાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.
- હિમાલય દિવસ એ સામાન્ય લોકોમાં જાગૃતિ લાવવા અને સરંક્ષણ પ્રવૃત્તિઓમાં સમુદાયની ભાગીદારી લાવવાનો પણ ઉત્તમ દિવસ છે. આ વખતે હિમાલયના નવ રાજ્યો તેમજ બિહાર, ઉત્તર પ્રદેશ, હરિયાણા, દિલ્હીમાં વિશે કાર્યક્રમો યોજાશે.
- હિમાલય દિવસ 2022 'હિમાલય ત્યારે જ સુરક્ષિત રહેશે જ્યારે તેના રહેવાસીઓના હિતોનું રક્ષણ થશે' થીમ હેઠળ ઉજવવામાં આવી રહ્યો છે.

### હિમાલય દિવસનું મહત્વ...

- આ દિવસ હિમાલયના મહત્વને દર્શાવવા માટે ઉજવવામાં આવે છે. હિમાલયના પહાડી શહેરો નબળા બિલ્ડિંગ પ્લાનિંગ અને ડિઝાઈન, રસ્તાઓ, પાણી પુરવઠા, ગટર વગેરે જેવી નબળી માળખાકીય સુવિધાઓ અને વૃક્ષોના અભૂતપૂર્વ કાપને કારણે ઘણા પડકારોનો સામનો કરે છે. આ ગંભીર ઈકોલોજીકલ સમસ્યાઓમાં પરિણમે છે.
- પર્યાવરણ – સંવેદનશીલ હિલ ટાઉન પ્લાન અને ડિઝાઈન વિકસાવવાની તાતી જરૂરિયાત છે તે દર્શાવતા આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. હિમાલય સમગ્ર વિશ્વ માટે ઊર્જાનો સ્ત્રોત અને મૂલ્યવાન વારસો છે. આથી તેનું રક્ષણ કરવું જરૂરી છે.

## 10 સપ્ટેમ્બર – વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ (World Suicide Prevention Day)




- દર વર્ષે 10 સપ્ટેમ્બરના દિવસે ઈન્ટરનેશનલ એસોસિએશન ફોર સ્યૂસાઈડ પ્રિવેન્શન (IASP) દ્વારા 'વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ' (World Suicide Prevention Day – WSPD)નું આયોજન કરવામાં આવે છે.
- તેનો મુખ્ય ઉદ્દેશ આત્મહત્યાની પ્રવૃત્તિ રોકવા માટે તથા તે અંગે લોકોમાં જાગૃતિ લાવવાનો છે.
- વર્ષ 2022ની થીમ : "Creating hope Through Action"
- હાલમાં ગુજરાતના સ્યૂસાઈડ પ્રિવેન્શન પ્રોગ્રામનાં બ્રાન્ડ એમ્બેસેડર પી.વી.સિંધુ છે.
- સૌપ્રથમ 10 સપ્ટેમ્બર, 2003ના રોજ ઈન્ટરનેશનલ એસોસિએશન ફોર સ્યૂસાઈડ પ્રિવેન્શન (IASP)એ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) અને વર્લ્ડ ફેડરેશન ફોર મેન્ટલ હેલ્થ (WFMH) ની સાથે મળીને પ્રથમ વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસનું આયોજન કર્યું હતું.
- વર્ષ 2014માં સૌ પ્રથમ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) દ્વારા 'વર્લ્ડ સ્યૂસાઈડ રિપોર્ટ' બહાર પાડવામાં આવ્યો હતો. જેમાં જણાવ્યું કે વિશ્વભરમાં દર વર્ષે 8 લાખ લોકો આત્મહત્યાથી મૃત્યુ પામે છે. એટલે કે પ્રત્યેક સેકન્ડે એક વ્યકિત આત્મહત્યા કરે છે.
- વર્ષ 2019માં કેન્દ્રીય ગૃહ મંત્રાલયે નેશનલ ક્રાઈમ રેકોર્ડસ બ્યૂરો (NCRB) અંતર્ગત જાહેર કરેલ રિપોર્ટ 'એકિસડેન્ટલ ડેથ એન્ડ સ્યૂસાઈડ ઈન ઈન્ડિયા (ADSI), 2019' મુજબ ભારતમાં વર્ષ 2019માં અકસ્માતથી લગભગ 1,49,123 અને આત્મહત્યાથી 4,21,104 લોકો મૃત્યુ પામ્યા છે.

### ભારતમાં 'આત્મહત્યા' પર કાયદા વિશે...

- ભારતમાં IPC કલમ 306 મુજબ જો કોઈ વ્યકિત બીજી કોઈ વ્યકિતને આપઘાત કરવા માટે દુષ્પ્રેરણ કરે તો તે વ્યકિત 10 વર્ષ સુધીની બે માંથી (સાદી અથવા સખત) એક પ્રકારની કેદ અને દંડને પાત્ર થશે.
- IPCની કલમ 309 અનુસાર આત્મહત્યા કરવાનો પ્રયત્ન કરવો એ ગુનો બને છે. પરંતુ, સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ દીપક મિશ્રાની અધ્યક્ષતાવાળી 5 ન્યાયાધીશોની ખંડપીઠે 9 માર્ચ,, 2018ના રોજ કોમન કોઝ નામની NGO સંસ્થાએ કરેલી અપીલનો સીમારૂપ ચૂકાદો આપતા જણાવ્યું કે, અનુચ્છેદ 21 અંતર્ગત ગરિમાપૂર્ણ જીવવાના અધિકારની સાથે સુપ્રીમ કોર્ટે નિષ્ક્રિય ઈચ્છામૃત્યુ (Passive Euthanasia) ને મંજૂરી આપી છે.
- આથી 16 વર્ષ કે તેથી વધુ ઉંમરની કોઈપણ વ્યકિત પોતાનું લિવિંગ વિલ (વસિયતનામું) લખીને ગંભીર અને અસાધ્ય રોગથી પીડાતી હોય તો તે ઈચ્છામૃત્યુની માંગ કરી શકે છે.
- ઈચ્છામૃત્યુ એટલે ગંભીર અને અસાધ્ય બિમારીથી પીડિત વ્યકિતના જીવનનો ડોકટરની મદદથી અંત લાવવો.


## 12 સપ્ટેમ્બર : દક્ષિણ – દક્ષિણ સહકાર માટે આંતરરાષ્ટ્રીય દિવસ (International Day for South South Co-operation)

- દર વર્ષે 12 સપ્ટેમ્બરને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા દક્ષિણ–દક્ષિણ સહકાર માટે આંતરરાષ્ટ્રીય દિવસ તરીકે ઉજવવામાં આવે છે.
- દક્ષિણ–દક્ષિણ સહકાર દિવસનો ઉદ્દેશ્ય વિકાસશીલ દેશોમાં આત્મનિર્ભરતા વધારવા અને તેમની વિકાસ સમસ્યાઓના સર્જનાત્મક ઉકેલો શોધવાનું છે.
- આ દિવસ વિકાસશીલ દેશો વચ્ચે સહયોગ માટે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા કરવામાં આવેલા પ્રયાસોને પ્રકાશિત કરે છે.
- આ દિવસ પૃથ્વીના દક્ષિણ ક્ષેત્રમાં સ્થિત દેશોના આર્થિક, સામાજિક અને રાજકીય વિકાસ માટે એક પહેલ છે. મૂળભૂત રીતે દક્ષિણ–દક્ષિણ સહકાર એ વૈશ્વિક દક્ષિણમાં વિકાસશીલ દેશો વચ્ચેના "તકનીકી સહકાર"નો સંદર્ભ આપે છે.
- સંયુક્ત રાષ્ટ્ર અનુસાર, દક્ષિણ–દક્ષિણ સહયોગ માટેની આ પહેલ દક્ષિણના લોકો અને દેશો વચ્ચેની એકતા સ્પષ્ટપણે દર્શાવે છે.
- તે લોકોની રાષ્ટ્રીય અને સામૂહિક આત્મનિર્ભરતા અને આંતરરાષ્ટ્રીય સ્તરે સંમત વિકાસ લક્ષ્યોની સિદ્ધિની સાથે સાતત્યપૂર્ણ વિકાસ માટેના 2030 એજન્ડાને પણ પ્રતિબિંબિત કરે છે.




- આ દિવસ "બ્યુનોસ આયર્સ પ્લાન ઓફ એક્શન (BAPA)"ને અપનાવવાની યાદમાં છે. વિકાસશીલ દેશો વચ્ચે ટેકનીકલ સહકારને પ્રોત્સાહન આપવા અને અમલમાં મૂકવા માટે 138 સભ્ય દેશો દ્વારા BAPAને વર્ષ 1978માં અપનાવવામાં આવ્યું હતું.

## 14 સપ્ટેમ્બર : રાષ્ટ્રીય હિન્દી દિવસ




- ભારતમાં વર્ષ 1953થી દર વર્ષે 14 સપ્ટેમ્બરને 'રાષ્ટ્રીય હિન્દી દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે 70મો રાષ્ટ્રીય હિન્દી દિવસ ઉજવાઈ રહ્યો છે.
- હિન્દી ભાષાને રાષ્ટ્રભાષા બનાવવા માટે લાંબા સમય સુધી સંઘર્ષ કરનાર હિન્દી ભાષાના સાહિત્યકાર બ્યોહાર રાજેન્દ્ર સિંહાનો 14 સપ્ટેમ્બર, 1949ના રોજ 50મો જન્મદિવસ હતો. તેમના જન્મદિવસની યાદમાં 14 સપ્ટેમ્બર, 1949ના રોજ બંધારણસભાએ દેવનાગરી લિપિમાં લખાતી હિન્દી ભાષાને 'રાજભાષા' તરીકે માન્યતા આપી હતી.
- બંધારણનો ભાગ 17ના અનુચ્છેદ 343 થી 351 માં રાજભાષા સંબંધિત જોગવાઈઓ તથા પરિશિષ્ટ 8 માં બંધારણ માન્ય ભાષાઓની જોગવાઈ છે.
- ભારતીય બંધારણના અનુચ્છેદ 343(1) મુજબ સંઘની સત્તાવાર ભાષા દેવનાગરી લિપીવાળી હિન્દી રહેશે. હાલમાં બંધારણમાં 8મી અનુસૂચિમાં કુલ 22 ભાષાઓ સમાવિષ્ટ
- ભારતમાં હિન્દી ભાષા સૌથી વધુ ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, દિલ્હી, હિમાચલ પ્રદેશ, ચંદીગઢ, બિહાર, ઝારખંડ, મધ્યપ્રદેશ, હરિયાણા, રાજસ્થાન અને છત્તીસગઢ રાજ્યોમાં તથા વિશ્વમાં પાકિસ્તાન, મોરેશીયસ, થાઈલેન્ડ, ફિજી અને સૂરીનામ દેશોમાં બોલાય છે. ફિજીમાં ત્રણ ઓફિસિયલ લૅંગ્વેજ પૈકીની એક હિન્દી ભાષા છે.
- હિન્દી ભાષા ભારત દેશમાં સૌથી વધુ લોકો દ્વારા બોલાતી ભાષા છે. વર્ષ 2011ની વસતી ગણતરી મુજબ 43.63% ભારતીયો હિન્દી ભાષાનો માતૃભાષા તરીકે ઉપયોગ કરે છે.
- હિન્દી ભાષા પ્રત્યે લોકોને પ્રોત્સાહિત કરવા માટે દર વર્ષે ભારતના રાષ્ટ્રપતિ દ્વારા પસંદ કરવામાં આવેલ વ્યકિતઓને 'રાષ્ટ્રીય ભાષા ગૌરવ એવોર્ડ' અને 'રાષ્ટ્રીય ભાષા કીર્તિ એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવે છે.
- દર વર્ષે યુ.એન. દ્વારા 10 જાન્યુઆરીને 'વિશ્વ હિન્દી દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.


## 15 સપ્ટેમ્બર – દૂરદર્શન સ્થાપના દિવસ

- દૂરદર્શનની શરૂઆત 15 સપ્ટેમ્બર, 1959 ના રોજ નવી દિલ્હીમાં થઈ હતી તેથી 15 સપ્ટેમ્બરને દૂરદર્શન સ્થાપના દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે દૂરદર્શનને 62 વર્ષ પૂર્ણ થયા છે.
- દૂરદર્શનનું ઉદ્ઘાટન તત્કાલિન રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્ર પ્રસાદ દ્વારા કરવામાં આવ્યું હતું.
- દૂરદર્શન સ્ટુડિયો અને ટ્રાન્સમીટર ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ભારતની સૌથી મોટી બ્રોડકાસ્ટિંગ સંસ્થાઓમાંની એક છે.
- દૂરદર્શનનો લોગો DD Eye અને ધ્યેય વાક્ય 'સત્યમ શિવમ સુંદરમ્' છે.
- શરૂઆતમાં દૂરદર્શન 'ઓલ ઈન્ડિયા રેડિયો' (AIR)નો એક ભાગ હતો.
- શરૂઆતમાં દૂરદર્શનનું પ્રસારણ અઠવાડિયામાં 2 દિવસમાં એક – એક કલાક માટે થતું હતું. વર્ષ 1965માં કાર્યક્રમોનું દૈનિક પ્રસારણ શરૂ થયું હતું.
- વર્ષ 1967માં દૂરદર્શને તેનો પહેલો કાર્યક્રમ 'કૃષિ દર્શન' શરૂ કર્યો હતો.

- વર્ષ 1975-76માં ભારત સરકારે શૈક્ષણિક હેતુઓ માટે સેટેલાઈટ ટીવી પ્રયોગ હાથ ધર્યો હતો.
- વર્ષ 1975 સુધી માત્ર 7 ભારતીય શહેરોમાં ટીવી સેવા ઉપલબ્ધ હતી. જેમાં નવી દિલ્હી, મુંબઈ, કોલકાતા, ચેન્નાઈ, શ્રીનગર, લખનૌ અને અમૃતસરનો સમાવેશ થાય છે.
- વર્ષ 1976માં 'ઓલ ઈન્ડિયા રેડિયો' (AIR) અને ટીવી સેવાઓને અલગ કરવામાં આવી હતી.
- ગુજરાતમાં દૂરદર્શનની શરૂઆત 15 માર્ચ, 1976ના રોજ અમદાવાદ ખાતેથી 'દૂરદર્શન કેન્દ્ર' દ્વારા થઈ હતી.
- વર્ષ 1997થી 'દૂરદર્શન' અને 'ઓલ ઈન્ડિયા રેડિયો' (AIR) બંનેની માલિકી 'પ્રસાર ભારતી' ધરાવે છે. પ્રસાર ભારતીનું સંચાલન માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા કરવામાં આવે છે.

## 15 સપ્ટેમ્બર – આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસ (International Democracy Day)


- દર વર્ષે 15 સપ્ટેમ્બરના રોજ આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસ (International Day of Democracy) ની ઉજવણી કરવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો મુખ્ય હેતુ વિશ્વમાં લોકશાહીની સ્થિતિ, તેની સમસ્યાઓ અને તેનું નિરાકરણ લોકશાહી ઢબે કરવું તેમજ તેના સિદ્ધાંતોનું સમર્થન અને તે અંગે પ્રોત્સાહન આપવાનો છે.
- **વર્ષ 2022ની થીમ :** "Importance of Media Freedom to Democracy, Peace and delivering on the Sustainable Development Goals"
- સંયુક્ત રાષ્ટ્રસંઘની સામાન્ય સભા દ્વારા વર્ષ 2007માં ઠરાવ પસાર કરી 15 સપ્ટેમ્બર, 2008ના રોજ સૌપ્રથમ આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસની ઉજવણી સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા કરવામાં આવી હતી.




### લોકશાહી (Democracy) વિશે...

- લોકશાહી એટલે લોકોનું લોકો દ્વારા અને લોકો માટે ચાલતુ શાસન.
- લોકશાહીના ઈતિહાસ મુજબ ઈ.સ. પૂર્વે પાંચમી સદીમાં ગ્રીસના એથેન્સમાં લોકશાહીનો ઉદ્ભવ થયો હોવાનું માનવામાં આવે છે.
- લોકશાહીને અંગ્રેજીમાં ડેમોક્રેસી કહેવામાં આવે છે. ડેમોક્રેસી શબ્દ પ્રાચીન ગ્રીક શબ્દ 'ડેમોક્રેસિયા' (Demokratia) પરથી આવ્યો છે. જે બે ગ્રીક શબ્દો 'ડેમોસ' – જેનો અર્થ લોકો થાય અને 'ક્રેટોસ' – જેનો અર્થ સત્તા અથવા શકિત થાય. આમ ડેમોક્રેસી એટલે લે લોકશાહી જેનો અર્થ લોકોના હાથમાં સત્તા હોય એવી શાસનની વ્યવસ્થા.
- વિશ્વના અલગ–અલગ દેશોમાં વિવિધ શાસન પદ્ધતિઓ અસ્તિત્વમાં છે. આ શાસન પદ્ધતિઓમાં લોકશાહી, રાજાશાહી, સરમુખત્યારશાહી વગેરેનો સમાવેશ થાય છે.
- હાલમાં મોટાભાગના દેશોએ લોકશાહી શાસન પદ્ધતિનો સ્વીકાર કર્યો છે. ભારત વિશ્વનો સૌથી મોટો લોકશાહી દેશ છે.
- ખાડી દેશો જેવા કે સાઉદી અરબ, કતાર, યુ.એ.ઈ. વગેરેમાં રાજાશાહી પદ્ધતિ છે, જ્યારે ઉત્તર કોરિયામાં સરમુખત્યાર પદ્ધતિ છે.

## 15 સપ્ટેમ્બર : રાષ્ટ્રીય ઈજનેર દિવસ (National Engineer Day)




- ભારતમાં દર વર્ષે 15 સપ્ટેમ્બરને 'રાષ્ટ્રીય ઈજનેર દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો મુખ્ય ઉદ્દેશ્ય ભારત દેશના ઈજનેરો દ્વારા દેશની આર્થિક પ્રગતિ અને વિકાસ તેમજ વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં તેમના યોગદાન બદલ તેમની સિદ્ધિઓને ઓળખવાનો છે.
- ભારતના મહાન ઈજનેર એમ. વિશ્વેશ્વરૈયાના જન્મદિવસ નિમિત્તે ભારત સરકાર દ્વારા વર્ષ 1968થી દર વર્ષે 15 સપ્ટેમ્બરને 'ઈજનેર દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.
- યુનેસ્કો દ્વારા દર વર્ષે 4 માર્ચને 'વિશ્વ ઈજનેર દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

### એમ. વિશ્વેશ્વરૈયાની વિશે...

- ભારતના મહાન ઈજનેર એમ. વિશ્વેશ્વરૈયાનો જન્મ 15 સપ્ટેમ્બર, 1861ના રોજ કર્ણાટકના મદ્દેનાહલ્લી ખાતે બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. આ વર્ષે તેમની 161મી જન્મજયંતી છે.
- તેમનું પૂરું નામ મોક્ષગુંડમ વિશ્વેશ્વરૈયા હતું.
- તેમણે મદ્રાસ યુનિવર્સિટીમાંથી ગોલ્ડ મેડલ સાથે સિવિલ એન્જિનિયરીંગની ડિગ્રી મેળવી હતી અને લંડનની સિવિલ એન્જિનિયરીંગ સોસાયટીમાં સભ્યપદ સંભાળ્યું હતું.
- તેમણે વર્ષ 1903માં પૂણેના ખડકવાસલા ડેમ પર સ્વયં સંચાલિત પૂર નિયંત્રણ દરવાજાઓ (બ્લોક સિસ્ટમ)ની રચના કરી હતી.
- મૈસૂર રાજ્યમાં તેમના યોગદાનથી પ્રભાવિત થઈને મૈસૂરના મહારાજાએ વર્ષ 1912માં તેમને મૈસૂર રાજ્યના દિવાન તરીકે નિયુક્ત કર્યા હતા. મૈસૂરના દિવાનના પદે રહીને તેમણે રાજ્યમાં શૈક્ષણિક અને ઔદ્યોગિક વિકાસ માટે અથાગ પ્રયત્નો કર્યા હતા. તેમના પ્રયત્નથી મૈસૂર રાજ્યમાં ચંદન તેલ ફેકટરી, સાબુ ફેકટરી, ધાતુ ફેકટરી, ક્રોમ ટોનિંગ ફેકટરી, સ્ટેટ બેંક ઓફ મૈસૂર અને ભદ્રાવતી આયર્ન એન્ડ સ્ટીલ વકર્સની સ્થાપના થઈ હતી.
- તેમણે મુસી નદીને લગતા એન્જિનિયરીંગા કામોની દેખરેખ રાખવા હૈદરાબાદ રાજ્યના સલાહકાર ઈજનેર તરીકે સેવા આપી હતી.
- તેમણે સિંચાઈ માટેના દરવાજાની 'લોકિંગ સિસ્ટમ' વિકસાવી હતી. જે હાલમાં 'વિશ્વેશ્વરૈયા ગેટ' તરીકે જાણીતી છે.
- તેમણે વર્ષ 1934માં ભારતના આયોજનની પ્રથમ બ્લુપ્રિન્ટ પોતાના પુસ્તક "The Planned Economy of India"માં આપી હતી. જેમાં તેમનું લક્ષ્ય કૃષિક્ષેત્રમાંથી શ્રમને ઉદ્યોગક્ષેત્રમાં લઈ જઈ એક દશકમાં રાષ્ટ્રીય આવક બમણી કરવાનો હતો.
- તેમને વર્ષ 1955માં દેશના સર્વોચ્ચ પુરસ્કાર 'ભારતરત્ન' થી નવાજવામાં આવ્યા હતા.
- તેમના જન્મદિવસ નિમિત્તે ધી એસોસિયેશન ઓફ સીનિયર એન્જિનિયર્સ એન્ડ આર્કિટેકટસ એશિયા દ્વારા વર્ષ 1968થી દર વર્ષે 15 સપ્ટેમ્બરને 'ઈજનેર દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે ઈજનેરી વિજ્ઞાનના પ્રદર્શન, વ્યાખ્યાનો અને કાર્યક્રમો યોજવામાં આવે છે.
- 14 એપ્રિલ, 1962ના રોજ બેંગ્લોર ખાતે તેમનું નિધન થયું હતું. તેમની સમાધિ મુદ્દેનાહલ્લી ખાતે આવેલી છે.

## 16 સપ્ટેમ્બર – વિશ્વ ઓઝોન દિવસ (World Ozone Day)




- સમગ્ર વિશ્વમાં દર વર્ષે 16 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ ઓઝોન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો મુખ્ય ઉદ્દેશ ઓઝોન સ્તરના સંરક્ષણ માટે તેમજ ઓઝોન સ્તરના મહત્વ પ્રત્યે લોકોમાં જાગરૂકતા લાવવાનો છે.
- વર્ષ 2022ની થીમ : 'Global Cooperation to Protect Life on Earth.'
- 16 સપ્ટેમ્બર, 1987માં ઓઝોન સ્તરના સંરક્ષણ માટે કેનેડામાં મોન્ટ્રીયલ પ્રોટોકોલ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ પ્રોટોકોલનો ઉદ્દેશ ઓઝોન સ્તરને નુકસાન કરનારા પદાર્થોના ઉત્પાદન અને વપરાશ પર નિયંત્રણ મૂકવા માટેનો હતો.
- ઓઝોન સ્તરના સંરક્ષણ માટે સંયુકત રાષ્ટ્રસંઘ (UN)ની સામાન્ય સભા દ્વારા 19 ડિસેમ્બર, 1994ના રોજ 16 સપ્ટેમ્બરના દિવસને 'વિશ્વ ઓઝોન દિવસ' તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ દિવસ સૌપ્રથમવાર વર્ષ 1995માં ઉજવવામાં આવ્યો હતો.

### ઓઝોન વાયુ (Ozone Gas) વિશે...

- ઓઝોન વાયુ ($O_3$) ની શોધ વર્ષ 1840માં સ્વિટ્ઝર્લેન્ડના વૈજ્ઞાનિક ક્રિશ્ચિયન ફ્રેડરિક સોર્બેને બસેલ શહેરમાં કરી હતી.
- પૃથ્વીના બીજા આવરણ સમતાપ આવરણ (આ આવરણ ક્ષોભ સીમાની ઉપર આશરે 16 થી 50 કિ.મી.ની ઊંચાઈ સુધી વિસ્તરેલું છે)માં આશરે 20 થી 40 કિ.મી.ની વચ્ચે ઓઝોન વાયુનું પાતળું આવરણ આવેલું છે.
- ઓઝોન સ્તર એ ઓકિસજનનું સ્વરૂપ છે. તે ડોબ્સન યુનિટમાં મપાય છે. તેના સ્તરની જાડાઈ 300 ડોબ્સન છે.
- ભારત દેશના પ્રથમ મહિલા હવામાન શાસ્ત્રી વૈજ્ઞાનિક અને 'વેધર વુમન ઓફ ઈન્ડિયા' તરીકે જાણીતા અન્ના મણિએ વર્ષ 1960માં વાતાવરણીય ઓઝોનને માપવા માટે 'ઓઝોનસોન્ડે' નામનું સાધન તૈયાર કર્યું હતું.
- સૂર્યમાંથી આવતા હાનિકારક અલ્ટ્રાવાયોલેટ (પારજાંબલી) કિરણો અત્યંત જ્વલનશીલ હોય છે, ઓઝોનનું સ્તર આ કિરણોને શોષી લે છે. તેથી પૃથ્વીને શીતળ રાખવામાં ઓઝોનની ભૂમિકા મહત્વની છે.


- આધુનિક ટેકનોલોજીના વર્તમાન યુગમાં મનુષ્યની વિવિધ પ્રવૃત્તિઓને કારણે ઓઝોનના આ પડમાં ક્ષતિ ઊભી થઈ છે અને પૃથ્વીને સૂર્યની પ્રચંડ ગરમીથી બચાવનાર ઓઝોનના સ્તરમાં ગાબડા પાડયાં છે.
- હાલમાં વપરાતા મિથાઈલ બ્રોમાઈડ, મિથાઈલ કલોરોફોર્મ, કાર્બન ટેટ્રા કલોરાઈડ, કલોરોફલોરો કાર્બન (CFC) અને હાઈડ્રોફલોરો કાર્બન (HFC) જેવા રસાયણોના વધતા પ્રમાણને કારણે ઓઝોન સ્તરમાં ઘટાડો થઈ રહ્યો છે. આ વાયુ ફ્રીઝ અને એ.સી. જેવા ઉપકરણોમાંથી ઉત્પન્ન થાય છે.
- ઓઝોન સ્તરના સંરક્ષણ માટે મોન્ટ્રિયલ પ્રોટોકોલ (Montreal Protocol), કિગાલી પ્રોટોકોલ (Kigali Protocol) અને વિએના કન્વેન્શન (Vienna Convention) જેવી સમજૂતિઓ વિશ્વ સ્તરે કરવામાં આવી છે.

## 17 સપ્ટેમ્બર : વિશ્વ દર્દી સલામતી દિવસ (World Patient Safety Day)




- દર વર્ષે સમગ્ર વિશ્વમાં 17 સપ્ટેમ્બરને ‘વિશ્વ દર્દી સલામતી દિવસ’ તરીકે ઉજવવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો મુખ્ય ઉદ્દેશ્ય દર્દીઓની સલામતી અંગે વૈશ્વિક સમજ વધારવા અને દર્દીના આરોગ્યને થતું નુકસાન ઘટાડવા વૈશ્વિક ક્રિયાઓને પ્રોત્સાહન આપવાનો છે.
- વર્ષ 2022ની થીમ : “Medication Safety”
- મે, 2019માં યોજાયેલી 72મી વર્લ્ડ હેલ્થ એસેમ્બલીમાં દર વર્ષે 17સપ્ટેમ્બરના રોજ ‘વિશ્વ દર્દી સલામતી દિવસ’ ઉજવવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. સૌપ્રથમ વાર 17 સપ્ટેમ્બર, 2019ના રોજ ‘વિશ્વ દર્દી સલામતી દિવસ’ની ઉજવણી કરવામાં આવી હતી.

## 18 સપ્ટેમ્બર : વિશ્વ વાંસ દિવસ (World Bamboo Day)




- દર વર્ષે 18 સપ્ટેમ્બરના રોજ વિશ્વ વાંસ દિવસ ઉજવવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો મુખ્ય ઉદ્દેશ વાંસ દ્વારા તૈયાર થયેલ વસ્તુઓ અંગે જાગૃતતા લાવવાનું તેમજ તેનો ઘરગથ્થું ઉપયોગ વધે તે માટે પ્રોત્સાહન આપવાનો છે.
- 18 સપ્ટેમ્બર, 2009ના રોજ થાઈલેન્ડના બેંગકોક ખાતે વિશ્વ વાંસ સંગઠન દ્વારા આયોજિત 8મી વિશ્વ વાંસ કોંગ્રેસ અધિવેશનમાં 18 સપ્ટેમ્બરા રોજ વિશ્વ વાંસ દિવસ ઉજવવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી.
- વિશ્વ વાંસ સંગઠનનો મુખ્ય ઉદ્દેશ કુદરતી સંસાધનો અને પર્યાવરણની રક્ષા કરવાનો અને વિશ્વમાં વાંસની ખેતીને પ્રોત્સાહન આપી આર્થિક વિકાસ માટે વાંસથી સંબંધિત ઉદ્યોગોને વેગવંતો કરવાનો છે.

**World Bamboo Organisation વિશે...**

| | |
|---|---|
| **સ્થાપના** – | વર્ષ 2005 |
| **વડુમથક** – | એન્ટવર્પ (બેલ્જિયમ) |

- ભારતમાં વાંસ સંસાધનોમાં 50% ભાગ ઉત્તરપૂર્વના રાજ્યો અને પશ્ચિમ બંગાળનો છે. વિશ્વમાં વાંસના કુલ ઉત્પાદનમાં ભારતનો હિસ્સો 4% છે.
- ભારતમાં મુખ્યત્વે અરુંડિનારિયા, બમ્બૂસા ચિમોનોબામુસા, ડેંડ્રોકલામસ, ડિનોકોલા, ગિગૈન્ટોયોલા વગેરે વાંસની મુખ્ય પ્રજાતિઓ છે.

## 18 સપ્ટેમ્બર : આંતરરાષ્ટ્રીય સમાન વેતન દિવસ (International Equal Pay Day)




- દર વર્ષે 18 સપ્ટેમ્બરને ‘આંતરરાષ્ટ્રીય સમાન વેતન દિવસ’ (International Equal Pay Day) તરીકે ઉજવવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો મુખ્ય ઉદ્દેશ્ય સમાન કામ માટે સમાન વેતન દ્વારા જાતિ સમાનતા, મહિલા સશક્તિકરણ અને ટકાઉ વિકાસના લક્ષ્યો પ્રાપ્ત કરવાનો છે.
- 15 નવેમ્બર, 2019ના રોજ સંયુકત રાષ્ટ્ર (UN)ની સામાન્ય સભા દ્વારા 18 સપ્ટેમ્બરને આંતરરાષ્ટ્રીય સમાન વેતન દિવસ તરીકે ઉજવવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી.
- નાગરિક અધિકાર સંગઠનો, વ્યવસાયિક સંગઠનો અને મજૂર સંગઠનો દ્વારા જાતિ આધારિત વેતન ભેદભાવને દૂર કરવા અને વેતનની સમાનતા પ્રાપ્ત કરવા માટે કાર્યરત વ્યકિતઓના ગઠબંધન દ્વારા આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ દિવસ સમાન મૂલ્યના કામ માટે સમાન વેતનને સંયુકત રાષ્ટ્રની માનવ અધિકાર પ્રત્યેની પ્રતિબદ્ધતા અને મહિલાઓ પ્રત્યેના ભેદભાવ સામે પ્રતિબદ્ધતા દર્શાવે છે.

# 11 Current Affairs Booster

1. તાજેતરમાં મોટા પાયાના ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ માટે કઈ યોજના હેઠળ સત્તા પ્રાપ્ત સમિતિ દ્વારા ઈલકેટ્રોનિક્સ ઉત્પાદનના પ્રથમ વિતરણને મમંજૂરી આપવામાં આવી છે?

(A) PLI (B) Startup India (C) Stand up India (D) ઉપરોક્ત પૈકી કોઈ નહી

2. તાજેતરમાં ભારતના વડા પ્રધાન દ્વારા કયા પથનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે?

(A) રાજપથ (B) કર્તવ્ય પથ (C) મંજિલ પથ (D) ઉપરોક્ત પૈકી કોઈ નહી

3. તાજેતરમાં કયા રાજયના મુખ્યમંત્રી દ્વારા વિષ્ણુપદ મંદિર પાસે ફાલ્ગુ નદી પર દેશનો સૌથી મોટા રબર ડેમ (ગયાજી ડેમ) અને સ્ટીલ બ્રિજનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે?

(A) મહારાષ્ટ્ર (B) બિહાર (C) ગુજરાત (D) ઉત્તરપ્રદેશ

4. 'પ્રમોશન ઓફ બલ્ડ ડ્રગ પાર્ક' યોજના સંદર્ભે નીચેના વિધાનો ધ્યાનમાં લો.

(i) તાજેતરમાં એગ્રિકલ્ચર વિભાગ દ્વારા આ યોજના હેઠળ ત્રણ રાજ્યો – હિમાચલ પ્રદેશ, ગુજરાત અને આંધ્રપ્રદેશમાં બલ્ક ડ્રગ પાર્ક સ્થાપવાની દરખાસ્તોને સૈદ્ધાંતિક મંજૂરી આપી.

(ii) આ યોજના હેઠળ ગુજરાતમાં ભરૂચ જિલ્લા જંબુસર તાલુકામાં બલ્ક ડ્રગ પાર્ક સ્થાપવામાં આવશે.

(iii) ગુજરાત અને આંધ્રપ્રદેશમાં સૂચિત બલ્ક ડ્રગ પાર્ક માટે નાણાકીય સહાય વહેંચાયેલ ઈન્ફ્રાસ્ટ્રકચરના પ્રોજેકટ ખર્ચના 70% રહેશે.

ઉપરોક્ત પૈકી કયું / કયા વિધાન સાચું / સાચા છે ?

(A) માત્ર (i) અને (iii) (B) માત્ર (ii) અને (iii) (C) માત્ર (i) અને (ii) (D) (i), (ii) અને (iii)

5. ભારતીય નૌકાદળના નવા ચિહ્નના અનાવરણ સંદર્ભે નીચેના વિધાનો ધ્યાનમાં લો :

1. આ નવા ધ્વજમાં બે મુખ્ય ઘટકો છે : (i) ઉપલા ડાબી બાજુએ કેન્ટન રાષ્ટ્રીય ચિહ્ન અને (ii) ફલાય સાઈડની મધ્યમાં નેવી બ્લુ–ગોલ્ડ અષ્ટકોણ છે.

2. આ નવા ધ્વજમાંથી સેન્ટ જ્યોર્જ ક્રોસ દૂર કરવામાં આવ્યો નથી, કેમ કે આ ક્રોસ ભારતીય નૌકાદળ ઈતિહાસનું પ્રતિક છે.

3. ધ્વજની ઉપર ડાબી બાજુએ ત્રિરંગો બનાવવામાં આવ્યો છે.

ઉપરોક્ત પૈકી કયું(કયા) વિધાન સાચું(સાચા) છે ?

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1 અને 2 (D) 1, 2 અને 3

6. PLI સ્કીમને કયા મંત્રાલય દ્વારા નિધારીત કરવામાં આવી છે ?

(A) નાણાં મંત્રાલય (B) ગૃહ મંત્રાલય

(C) વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલય (D) ઈલેકટ્રનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય

7. તાજેતરમાં વડા પ્રધાન દ્વારા ઈન્ડિયાગેટ પર સુભાષ ચંદ્ર બોસની કેટલા ફૂટ ઊંચી પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું છે?

(A) 32 ફૂટ (B) 33 ફૂટ (C) 28 ફૂટ (D) 18 ફૂટ

8. ગયાજી રબર ડેમનું નિર્માણ કઈ IIT ના નિષ્ણાતોની સલાહ પર હૈદરાબાદની નાર્ગાજુન કન્સ્ટ્રકશન કંપનીના સહયોગથી ઓસ્ટ્રિયા (યુરોપનું એક દેશ) ની રૂબીના કંપની દ્વારા કરવામાં આવ્યું છે?

(A) IIT મદ્રાસ (B) IIT ગાંધીનગર (C) IIT રૂરકી (D) IIT બોમ્બે

9. તાજેતરમાં નીતિ આયોગ (Niti Ayog) દ્વારા કયા વર્ષ સુધીમાં ભારતના દરેક રાજયોમાં નીતી આયોગ જેવી સંસ્થાઓની સ્થાપના કરવામાં આવશે?

(A) વર્ષ 2030 (B) વર્ષ 2047 (C) વર્ષ 2050 (D) વર્ષ 2070

**10. INS વિક્રાંત સંદર્ભે નીચેના વિધાનો ધ્યાનમાં લો :**

**1. સ્વદેશી એરક્રાફ્ટ કેરિયર 'વિક્રાંત' 2 સપ્ટેમ્બર, 2022ના રોજ સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહની હાજરીમાં કાર્યરત કરવામાં આવ્યું હતું.**

**2. INS વિક્રાંત પર એરક્રાફ્ટ લેન્ડિંગ ટ્રાયલ નવેમ્બરમાં શરૂ થશે અને મધ્ય 2023 સુધીમાં પૂર્ણ થશે.**

**3. તે સ્વદેશી એરક્રાફ્ટ કેરિયર વન (IAC-1) તરીકે પણ ઓળખાય છે. તે ભારતીય નૌકાદળ માટે કોચીન શિપયાર્ડ, કેરળ દ્વારા બનાવવામાં આવ્યું છે. તેની કુલ સ્વદેશી સામગ્રી 76% છે.**

**ઉપરોક્ત પૈકી કયું(કયા) વિધાન સાચું(સાચા) છે ?**

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1 અને 2 (D) 1, 2 અને 3

**11. તાજેતરમાં PLI સ્કીમ હેઠળ ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદનના પ્રથમ વિતરણથી કેટલા લોકોને રોજગારી મળી છે ?**

(A) 25000 (B) 27226 (C) 28636 (D) 29535

**12. તાજેતરમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા 'કર્તવ્ય પથ' નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે તેના વિશે નીચેનામાંથી કયા / કયું વિધાન / વિધાનો સાચું / સાચા છે ?**

(1) આ પથને રાષ્ટ્રપતિ ભવનથી ઈન્ડિયા ગેટ સુધી બનાવવામાં આવ્યો છે.

(2) કર્તવ્ય પથને 8.90 લાખ ચોરસ મીટરનો વિસ્તાર ચારેબાજુથી હરિયાળી સાથે વિકસાવવામાં આવ્યો છે.

(3) કર્તવ્ય પથ બ્રિટિશ રાજ દરમિયાન કિંગ્સવે તરીકે ઓળખાતો હતો.

(A) 1 અને 3 (B) 2 અને 3 (C) 1 અને 2 (D) આપેલ તમામ

**13. તાજેતરમાં બિહારમાં ગયાજી રબર ડેમનું નિમાર્ણ કરવામાં આવ્યું છે તેના વિશે નીચેનામાંથી કયો વિધાન સાચું છે?**

(1) આ રબર ડેમ 27 મી.મી. જાડા રબરનો બનેલો છે.

(2) આ રબર ડેમ ની ઉંચાઈ 3 મીટર, પહોળાઈ 411 મીટર અને લંબાઈ 60 થી 65 મીટર છે.

(3) આ ડેમ પર લગભગ 2000 મીટરની લંબાઈમાં નદીની નીચે રબર શીટ લગાવવામાં આવી છે.

(4) આ ડેમ બૂલેટપ્રૂફ છે, જે વર્ષ 100 વર્ષ સુધી બગડશે નહી.

(A) 1, 2 અને 4 (B) 2 અને 4 (C) 3 અને 4 (D) આપેલ તમામ

**14. તાજેતરમાં નીતિ આયોગ મુજબ કેટલા રાજયોમાં નીતિ આયોગ જેવી સંસ્થા સ્થાપવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે?**

(A) 8 થી 10 (B) 12 થી 14 (C) 15 થી 18 (D) 4 થી 6

**15. તાજેતરમાં Production linked incentive scheme હેઠળ ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદનના પ્રથમ વિતરણને મંજૂરી આપવામાં આવી તેના વિશે નીચેનામાંથી કયા / કયું વિધાન / વિધાનો સાચું / સાચા છે ?**

(1) PLI Scheme હેઠળ 82 લાભાર્થીઓને મંજૂરી આપવામાં આવી છે જેમાંથી છે 5 વૈશ્વિક અને સ્થાનિક કંપનીને મોબાઈલ ઉત્પાદન માટે મંજૂરી આપવામાં આવી છે.

(2) આ યોજના હેઠળ અરજદારોએ જૂન 2022 ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળા દરમિયાન રૂા. 1,67,770 કરોડનું વેચાણ કર્યુ છે, જેમાં રૂા.65,240 કરોડની નિકાસ પણ સામેલ છે.

(3) આ યોજના હેઠળ છેલ્લા 3 વર્ષમાં નિકાસમાં 139% ની વૃદ્ધિ નોંધાઈ છે.

(A) 1 અને 3 (B) 2 અને 3 (C) ફકત 1 (D) આપેલ તમામ

**16. તાજેતરમાં બહાર પાડવામાં આવેલ 'The Gender Snapshot 2022' રિપોર્ટ વિશે નીચેનામાંથી કયો વિધાન સાચો છે?**

(1) આ રિપોર્ટ અનુસાર વર્ષ 2030 સુધીમાં બાળવિવાદને નાબૂદ કરવા છેલ્લા દાયકાની પ્રગતિ કરતા 27 ગણી ઝડપી પ્રગતિ થવી જોઈએ.

(2) આ રિપોર્ટ મુજબ વર્ષ 2022 ના અંતસુધીમાં 368 મિલિયન પુરષો અને છોકરાઓની તુલનામાં 383 મિલિયન સ્ત્રીઓ અને છોકરીઓ અત્યંત ગરીબીમાં જીવશે.

(3) આ રિપોર્ટ અનુસાર વર્ષ 2021 માં યુદ્ધના લીધે અસરગ્રસ્ત વિસ્તારોમાં લગભગ 38% સ્ત્રી મુખ્ય પરિવારો 20% પુરુષ મુખ્ય પરિવાર કરતા મધ્યમ અને ગંભીર 'ખાદ્ય અસુરક્ષા' નો સામનો કર્યો છે.

(4) આ રિપોર્ટ અનુસાર વર્તમાન પ્રગતિના દરે સંપૂર્ણ લિંગ સમાનતા (Gender equality) હાંસલ કરવા માટે લગભગ 500 વર્ષ લાગશે.

(A) 1, 2 અને 3 (B) 1 અને 3 (C) 2 અને 3 (D) આપેલ તમામ

**17. ગયાજી રબર ડેમ કયા નદીમાં આખું વર્ષ પાણી સાચવવા મદદ કરશે?**

(A) કુશિયારા નદી (B) બેતવા નદી (C) પુન પુન નદી (D) ફાલ્ગુ નદી

**18. તાજેતરમાં નીતિ આયોગ અનુસાર કેટલા રાજયોમાં નીતિ આયોગ જેવી સંસ્થા સ્થાપવાનું કામ શરૂ કરવામાં આવ્યું છે?**

(A) 10 (B) 5 (C) 4 (D) 8

**19. તાજેતરમાં ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કયા શહેરના એક્સ્પો સેન્ટર અને માર્ટ ખાતે 'International Dairy Federation's world dairy summit- 2022' નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે?**

(A) નવી દિલ્હી (B) મુંબઈ (C) કોલકાતા (D) ગ્રેટર નોઈડા

**20. તાજેતરમાં કઈ સંસ્થા દ્વારા માનવ વિકાસ રિપોર્ટ (Human development report) – 2022 બહાર પાડવમાં આવ્યો છે.**

(A) UNDP (B) UNEP (C) IMF (D) ILO

**21. The Gender Snapsho રિપોર્ટ 2022 મુજબ SDG 5 અથવા લિંગ સમાનતા કયા વર્ષ સુધીમાં પૂર્ણ થશે નહીં?**

(A) વર્ષ 2050 (B) વર્ષ 2030 (C) વર્ષ 2060 (D) વર્ષ 2070

**22. તાજેતરમાં કઈ એજન્સી દ્વારા ચીન સાથે જોડાયેલી 'Shell Company' ઓની સ્થાપના અને ડમી (નકલી) ડિરેકટરોના સપ્લાય સાથે વ્યાપક રેકેટના માસ્ટરમાઈન્ડની ધરપકડ કરવામાં આવી છે.**

(A) CBI (B) NIA (C) SFIO (D) ઉપરોક્ત પૈકી કોઈ નહી

**23. IDF – WDS 2022 સમિટ કયા વર્ષ સુધીમાં 100% પ્રાણીઓને પગ, મોઢાના રોગ અને બ્રુસેલોસિલ રોગને અટકાવવા માટે રસી આપવામાં આવશે?**

(A) વર્ષ 2050 (B) વર્ષ 2025 (C) વર્ષ 2030 (D) વર્ષ 2060

**24. તાજેતરમાં વડા પ્રધાન નરેન્દ્રમોદીની અધ્યક્ષતાઓ કેન્દ્રીય કેબિનેટ દ્વારા કેટલા રાજયોની આદિવાસીઓને અનુસૂચિત જનજાતિ કેટેગરીમાં સામેલ કરવામાં આવી છે?**

(A) 10 (B) 5 (C) 3 (D) 8

**25. રક્ષા ક્ષેત્રમાં ભારત આત્મનિર્ભર બને તે ઉદ્દેશથી Defexpo-2022 નું આયોજન કયાં કરવામાં આવી રહયું છે?**

(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) લખનઉ (D) ગુવાહાટી

**26. માનવ વિકાસ રિપોર્ટ (HDR) મુજબ વૈશ્વિક સ્તરે કેટલા ટકા દેશોમાં વર્ષ 2020 અને 2021 માં તેમના માનવ વિકાસ સૂચકાંક (Human Development Index) માં ઘટાડો થયો છે?**

(A) 50% (B) 90% (C) 70% (D) 30%

**27. તાજેતરમાં Unite Nations Women અને કયા સંસ્થા દ્વારા Progress on the Sustainable development Goals.'The gender snap-shot -2022 રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો છે ?**

(A) UNSC (B) UNGA (C) UNDESA (D) UNHRC

**28. તાજેતરમાં પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના (PMMSY) નો કેટલા વર્ષ પૂર્ણ થયા છે?**

(A) 2 (B) 4 (C) 1 (D) 3

**29. International Dairy Federation's world dairy summit – 2022 એ ડેરી સેકટરની કેવી બેઠક છે?**

(A) ત્રિમાસિક (B) માસિક (C) વાર્ષિક (D) અર્ધવાષિક

**30. તાજેતરમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટ 5 રાજ્યોની આદિવાસીઓને અનુસૂચિત જનજાતિ કેટેગરીમાં સામેલ કરવામાં આવ્યા છે, તેના વિશે નીચેનામાંથી કયા / કયું વિધાન / વિધાનો સાચું / સાચા છે ?**

(1) છત્તીસગઢ, તમિલનાડુ, કર્ણાટક, હિમાચલ પ્રદેશ અને ઉત્તરપ્રદેશમાંથી 22 સમુદાયોને ST યાદીમાં સામેલ કરવામાં આવ્યા છે.

(2) ST યાદીમા નવા લિસ્ટેડ સમુદાયોને દેશમાં અનૂસૂચિત જનજાતિને લક્ષિત કરતી વર્તમાન યોજનાઓનો લાભ મળશે.

(3) આ સમુદાયોના સભ્યોને સેવાઓના અનામત અને શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશનો લાભ પણ મળશે.

(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 1 અને 3 (D) ફક્ત 3

**31. Human Development Report (HDR) મુજબ ભારતનું માનવવિકાસ સૂચકાંક વર્ષ 2021 માં કેટલા છે, જે વિશ્વની સરેરાશ (0.732) કરતા ઓછી છે?**

(A) 0.540 (B) 0.680 (C) 0.710 (D) 0.633

**32. તાજેતરમાં બહાર પાડવામાં આવેલ 'The gender snapshot રિપોર્ટ 2022' મુજબ રાષ્ટ્રીય સસંદોમાં સમાન પ્રતિનિધિત્વ (મહિલા અને પુરુષ) પ્રાપ્ત કરવામાં કેટલા વર્ષ લાગશે?**

(A) 50 વર્ષ (B) 40 વર્ષ (C) 100 વર્ષ (D) 80 વર્ષ

**33. તાજેતરમાં ચર્ચામાં રહેલ પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના (PMMSY) વર્ષ 2024 – 25 ના અંત સુધીમાં કેટલા લાખ રોજગારીનું સર્જન કરવાનું લક્ષ્ય ધરાવે છે?**

(A) 68 લાખ (B) 90 લાખ (C) 50 લાખ (D) 40 લાખ

**34. તાજેતરમાં ભારતમાં ડેરી ઉદ્યોગની સ્થિતિ વિશે નીચેનામાંથી કયુ વિધાન સાચું છે?**

(1) દૂધ ઉત્પાદનમાં ભારત બીજા ક્રમે છે જે વૈશ્વિક દૂધના ઉત્પાદનમાં 23% ફાળો આપે છે. ત્યાર બાદ US, ચીન, પાકિસ્તાન અને બ્રાઝિલ છે.

(2) ભારતમાં વર્ષ 2021 માં 210 મિલિયન ટન દૂધનું ઉત્પાદન કયું છે, જે વર્ષ 2014 માં 146 મિલિયન હતું.

(3) ભારતમાં ડેરી ઉદ્યોગ 8 લાખથી વધુ પરિવારોને રોજગારી પ્રદાન કરે છે.

(4) ભારતમાં વધારે પ્રમાણમાં ઉત્પાદન કરતા 5 રાજ્યો છે જેમાં ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ગુજરાત અને આંધ્રપ્રદેશનો સમાવેશ થાય છે.

(A) 1, 2 અને 4 (B) 2 અને 4 (C) 3 અને 4 (D) આપેલ તમામ

**35. તાજેતરમાં ભારત સરકારના અમૃત સરોવર મિશન હેઠળ કયા રાજયે સૌથી વધુ અમૃત સરોવર બનાવ્યા છે?**

(A) બિહાર (B) ઉત્તરપ્રદેશ (C) ગુજરાત (D) રાજસ્થાન

**36. માનવ વિકાસ રિપોર્ટ (HDR) અનુસાર માનવવિકાસ સૂચકાંકમાં ભારતનો ક્રમ વર્ષ 2020 માં 130 થી ઘટીને વર્ષ 2021 માં કેટલો થયો છે?**

(A) 133 (B) 134 (C) 132 (D) 131

**37. The gender snapshot રિપોર્ટ 2022 મુજબ કેટલા બિલિયનથી વધુ પ્રજનનક્ષમ વય (15-49) જૂથની સ્ત્રીઓ અને છોકરીઓ એવા દેશ અથવા વિસ્તારમાં રહે છે જયાં સુરક્ષિત ગર્ભપાતની એકસેસ (access to safe abortion) પર પ્રતિબંધ છે?**

(A) 7.5 બિલિયન (B) 1.2 બિલિયન (C) 5 બિલિયન (D) 2.2 બિલિયન

**38. પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના વિશે નીચેનામાંથી કયા / કયું વિધાન / વિધાનો સાચું / સાચા છે ?**

(1) આ યોજના અંર્તગત માછલી અને ઝીંગાનું નિકાસ વર્તમાનમાં ચીન, થાઈલેન્ડ, જાપાન, તાઈવાન, ટ્યુનિશિયા, યુનાઈટેડ સ્ટેટ્સ, હોંગકોગં, કુવેત વગેરે સહિત 123 દેશોમાં નિકાસ થઈ રહ્યો છે.

(2) આ યોજના અંર્તગત અત્યાર સુધીમાં 22 રાજયો અને 7 કેન્દ્રશાસિત પ્રદેશો 31.47 લાખ માછલી ખેડુતોને વીમા કવરેજ આપવામાં આવ્યું છે.

(3) આ યોજના મુજબ છેલ્લા બે વર્ષમાં મત્સ્યઉદ્યોગની વૃદ્ધિ દર જે વર્ષ 2019-20 ની સરખામણીમાં વર્ષ 2021-22 માં 20% વૃદ્ધિ થઈ છે.

(A) 1 અને 3 (B) 1 અને 2 (C) 2 અને 3 (D) આપેલ તમામ

**39. અમૃત સરોવર મિશન વિશે નીચેનામાંથી કયા / કયું વિધાન / વિધાનો સાચું / સાચા છે ?**

(1) આ મિશન હેઠળ ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા 8462 અમૃત સરોવરોનું નિમાર્ણ કરવામાં આવ્યું છે.

(2) આ મિશન હેઠળ ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ અમૃત સરોવર પ્રતાપગઢમાં બાંધવામાં આવ્યું છે.

(3) આ અમૃત સરોવરોના લીધે રાજયમાં ખેડૂતોને સિંચાઈના મદદ મળશે.

(4) આ મિશન 15 ઓગસ્ટ 2023 સુધી પૂર્ણ થવાની ધારણા છે.

(A) 1, 3 અને 4 (B) 2 અને 4 (C) ફક્ત 3 (D) આપેલ તમામ

**40. તાજેતરમાં ભારતમાં પ્રથમવાર 'સેન્ટર સ્ટેટ સાયન્સ & ટેકનોલોજી મિનિસ્ટર્સ કોન્કલેપ' નું આયોજન કયાં કરવામાં આવ્યું?**

(A) અમદાવાદ (B) નવી દિલ્હી (C) ભોપાલ (D) લખનઉ

**41. તાજેતરમાં Human Development Report – 2022 બહાર પાડવામાં આવ્યું છે તેના વિશે નીચેનામાંથી કયો વિધાન સાચો છે?**

(1) આ રિપોર્ટ મુજબ ભારતમાં અપેક્ષિત આયુ 67.8 નોધાયું છે.

(2) આ રિપોર્ટ મુજબ ભારતની માથાદીઠ કુલ રાષ્ટ્રીય આવક USD 6,590 છે.

(3) આ રિપોર્ટ અનુસાર ભારત Gender Inequality Index માં 132 માં ક્રમે છે.

(4) આ રિપોર્ટ અનુસાર ભારતનુ HDI મૂલ્ય વર્ષ 2019 માં 0.642 અને વર્ષ 2020 માં 0.645 છે.

(A) 1, 2 અને 4 (B) 1 અને 2 (C) 2, 3 અને 4 (D) ફક્ત 2 અને 3

**42. The gender snapshot રિપોર્ટ 2022 મુજબ વૈશ્વિક સ્તરે કોવિડ – 19 કારણે મહિલાઓ વર્ષ 2020 માં કેટલા બિલિયન ડોલરની આવક ગુમાવી છે?**

(A) 800 બિલિયન ડોલર (B) 500 બિલિયન ડોલર (C) 400 બિલિયન ડોલર (D) 900 બિલિયન ડોલર

**43. તાજેતરમાં Indian railway catering and Tourism Corporation (IRCTC) કયાં વૈષ્ણોદેવી જવા માટે નવરાત્રી સ્પેશિયલ ટૂરિસ્ટ ટ્રેન 30 સપ્ટેમ્બર ના રોજ શરૂ કરવામાં આવશે?**

(A) કટરા (જમ્મુ કાશ્મીર) (B) બિહાર (C) ઉત્તરપ્રદેશ (D) ઉપરોક્ત પૈકી કોઈ નહી

**44. તાજેતરમાં ગુજરાતના અમદાવાદ ખાતે સેન્ટર સ્ટેટ સાયન્સ & ટેકનોલોજી મિનિસ્ટર્સ કોન્કલેવ નું કેટલામું આયોજન કરવામાં આવ્યું હતું?**

(A) પ્રથમ (B) બીજું (C) ત્રીજું (D) પાંચમું

**45. તાજેતરમાં ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અગિયારમાં 'એગ્રી એશિયા પ્રદર્શન' કયાં સ્થળે ખુલ્લો મુકયો?**

(A) અમદાવાદ (B) સુરત (C) ગાંધીનગર (D) રાજકોટ

**46. તાજેતરમાં કયા બેંક દ્વારા ઈલેક્ટ્રોનિક બેંક ગેરન્ટી (e-BG) જાહેર કરવામાં આવી છે?**

(A) HDFC (B) ICICI (C) SBI (D) RBI

**47. The gender snapshot 2022 રિપોર્ટ અનુસાર કેટલા મિલિયન સ્ત્રીઓ અને છોકરીઓને વર્ષ 2021 માંબળજબરથી વિસ્થાપિત કરવામાં આવ્યું છે?**

(A) 44 મિલિયન (B) 50 મિલિયન (C) 54 મિલિયન (D) 64 મિલિયન

**48. ગુજરાતમાં ફિલ્મ અને ટુરિઝમ ક્ષેત્ર માટે કઈ નીતીની જાહેરાત કરવામાં આવી?**

(A) ફિલ્મ શુટિંગ પોલીસી (B) સીનેમેટિક ટુરિઝમ પોલિસી (C) ફિલ્મ પ્રદર્શન પોલિસી (D) ઉપરમાંથી એકેય નહિ.

**49. તાજેતરમાં ગુજરાતની કઈ સંસ્થાને 'નેશનલ હેપીનેસ યુનિકોર્ન એવોર્ડ' થી સન્માનિત કરવામાં આવી?**

(A) ગુજરાત યુનિવર્સિટી (B) મારવાડી યુનિવર્સિટી

(C) સરદાર પટેલ યુનિવર્સિટી (D) ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી

**50. તાજેતરમાં કેન્દ્રિય ગૃહ મંત્રી અમિત શાહે કઈ જગ્યાએ હનુમાન દાદાની 16 ફૂટ ઉંચી પ્રતિમાનું અનાવરણ કર્યું?**

(A) અંબાજી (B) સોમનાથ (C) ધરમપુર (D) સારંગપુર

**51. તાજેતરમાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીની ઉપસ્થિતિમાં 7 સહકારી મંડળીઓની સામાન્ય સભા કયાં યોજાય હતી?**

(A) સુરત (B) ગાંધીનગર (C) ભુજ (D) અમરેલી

**52. તાજેતરમાં ગાંધીનગર ખાતે કેટલામાં Defexpo નું આયોજન કરવામાં આવશે?**

(A) 12 મું (B) 10 મું (C) 15 મું (D) 13 મું

**53. તાજેતરમાં ગુજરાત સરકારે રાજયમાં સેમી કન્ડકટર અને ડિસ્પ્લે નિર્માણ માટે કઈ કંપની સાથે કરાર કર્યો?**

(A) અદાણી – ટાટા (B) ફોકસકોન – વેદાંતા (C) સેમસંગ – વિવો (D) ફેસબુક – મેટા

**54. તાજેતરમાં ગુજરાત રાજયમાં ફિલ્મ ક્ષેત્રને આકર્ષવા 'સીનેમેટિક ટુરિઝમ પોલીસી' લોન્ચ કરવામાં આવી જેનો સમયગાળો જણાવો?**

(A) 2022 – 25 (B) 2022 - 26 (C) 2022 - 27 (D) 2022 - 28

**55. સેમી કન્ડકટર નીતિ જાહેર કરનાર ભારતનું પ્રથમ રાજય કયું બન્યું છે?**

(A) ગુજરાત (B) રાજસ્થાન (C) કર્ણાટક (D) મહારાષ્ટ્ર

**56. કેન્દ્રીય પશુપાલન, મત્સય ઉદ્યોગ અને ડેરી મંત્રી પુરુષોત્તમ રૂપાલાએ ગાય અને ભેંસના જતન માટે કયા જીલ્લામાં 'સંવર્ધન કેન્દ્ર' સ્થાપવાની જાહેરાત કરી?**

(A) અમરેલી (B) જામનગર (C) કચ્છ (D) જુનાગઢ

**57. તાજેતરમાં કયા રાજય દ્વારા ફિલ્મ અને પ્રવાસન ક્ષેત્રને આર્કષવા માટે 'સીનેમેટિક ટુરિઝમ પોલીસી' લોન્ચ કરવામાં આવી?**

(A) મહારાષ્ટ્ર (B) ગુજરાત (C) રાજસ્થાન (D) ઉત્તરપ્રદેશ

**58. તાજેતરમાં કયા સ્થળે 'શિપ રિસાયકિલંગ એન્ડ વ્હીકલ સ્ક્રેપ પોલીસી' અંગેનો આંતરરાષ્ટ્રીય સેમિનાર યોજાયો?**

(A) ગાંધીનગર (B) ભોપાલ (C) નવી દિલ્હી (D) જયપુર

**59. મૈત્રી સુપર થર્મલ પાવર પ્રોજેકટ સંદર્ભે નીચેના વિધાનો ધ્યાનમાં લો અને તે પૈકી કયું (કયા) વિધાન સાચું (સાચા) છે?**

(1) તે બાંગ્લાદેશના ખુલના વિભાગના બાગેરહાટ જિલ્લામાં રામપાલ ખાતે આવેલું છે.
(2) 1320 (2 × 660) મેગાવોટનો કોલસા આધારિત પાવર પ્લાન્ટ લગભગ $20 બિલિયનના ખર્ચે સ્થાપવામાં આવી રહયો છે.
(3) આ પ્રોજેકટ ભારતની રાહત ધિરાણ યોજના હેઠળ વિકસાવવામાં આવી રહયો છે એ તે બાંગ્લાદેશના રાષ્ટ્રીય ગ્રીડમાં 1320 મેગાવોટ ક્ષમતા ઉમેરશે.

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1 અને 2 (D) 1, 2 અને 3

**60. ગુજરાત રાજયની ભુપેન્દ્રભાઈ પટેલની નવી સરકારના એક વર્ષ પૂર્ણ થતાં કયા કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી?**

(A) વંદે ભારત વિકાસ યાત્રા (B) આઝાદી કા અમૃત મહોત્સવ (C) વિશ્વાસ થી વિકાસ યાત્રા (D) વિશ્વાસ ગુજરાત યાત્રા

**61. તાજેતરમાં Crop and Food security Assessment Mission (CFSAM) રિપોર્ટ Food and Agriculture organization (FAO) અને કઈ સંસ્થા દ્વારા સંયુકત રીતે બહાર પાડવામાં આવ્યો છે?**

(A) UN (B) WFP (C) ILO (D) IMF

**62. ભારતની પ્રથમ ઈન્ટ્રાનાસલ કોરોના રસી સંદર્ભે નીચેના વિધાનો ધ્યાનમાં લો :**

**1. ChAd36-SARS-CoV-S કોવિડ–19 (ચિમ્પાન્ઝી એડેનોવાયરસ વેકટરેડ) ભારત બાયોટેક દ્વારા કોવિડ–19 માટે રિકોમ્બિનન્ટ નેસલ વેકિસન તેની પ્રકારની સોય–મુકત રસીમાંથી પ્રથમ છે.**
**2. આ રસીની મંજૂરી પહેલા, હૈદરાબાદ સ્થિત ભારત બાયોટેક ઈન્ટરનેશનલ લિમિટેડ લગભગ 4,000 સ્વયંસેવકો પર આ રસીના ત્રીજા તબક્કાના ટ્રાયલ હાથ ધર્યા હતા.**
**3. આ ટ્રાયલમાં રસી અસરકારક સાબિત થઈ નથી.**
**ઉપરોકત પૈકી કયું(કયા) વિધાન સાચું(સાચા) છે ?**

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1 અને 2 (D) 1, 2 અને 3

**63. તાજેતરમાં ગુજરાત રાજયમાં ભુપેન્દ્રભાઈ પટેલની નવી સરકારના એક વર્ષ પૂર્ણ થતાં 'વિશ્વાસથી વિકાસ યાત્રા' નું રાજયકક્ષાનું આયોજન કયાં કરવામાં આવ્યું?**

(A) ગાંધીનગર (B) અમદાવાદ (C) રાજકોટ (D) સુરત

**64. તાજેતરમાં બહાર પાડવામાં આવેલ CFSAM રિપોર્ટ મુજબ 6.3 મિલિયન લોકો શ્રીલકાંમાં કઈ સમસ્યનો સામનો કરી રહયા છે?**

(A) સામાજિક સુરક્ષા (B) આંતરિક સુરક્ષા (C) ખાદ્ય અસુરક્ષા (D) ઉપરોકત પૈકી કોઈ નહી

**65. ગુજરાત રાજયના કલાઈમેન્ટ ચેન્જ વિભાગ દ્વારા વિશ્વ ઓઝોન દિવસ નિમિત્તે કઈ તારીખથી કઈ તારીખ સુધી 'પંચામૃત – યુવા જાગૃતિ પખવાડિયા' નું આયોજન કરવામાં આવ્યું?**

(A) 17 સપ્ટેમ્બર થી 30 સપ્ટેમ્બર (B) 16 સપ્ટેમ્બર થી 29 સપ્ટેમ્બર
(C) 15 સપ્ટેમ્બર થી 30 સપ્ટેમ્બર (D) 25 સપ્ટેમ્બર થી 5 ઓકટોબર

**66. તાજેતરમાં ગુજરાતના કયા શહેરમાં 14 સપ્ટેમ્બરના રોજ 'હિન્દી સમારોહ દિવસ - 2022' નું આયોજન કરવામાં આવ્યું?**

(A) અમદાવાદ (B) સુરત (C) ગાંધીનગર (D) રાજકોટ

**67. Crop and Food security Assessment Mission (CFSAM) રિપોર્ટ વિશે નીચેનામાંથી કયા / કયું વિધાન / વિધાનો સાચું / સાચા છે ?**

(1) આ રિપોર્ટ અનુસાર ડાંગરનું ઉત્પાદન વર્ષ 2022 માં 3 મિલિયન મેટ્રિક થવાનો અંદાજ છે, જે વર્ષ 2017 ના દુષ્કાળથી અસરગ્રસ્ત લણણી પછીનું સૌથી ઓછુ ઉત્પાદન હશે.
(2) આ રિપોર્ટ મુજબ મકાઈનું ઉત્પાદન છેલ્લા 5 વર્ષની સરેરાશ કરતા 50% ઓછું છે જેના કારણે મરઘા અને પશુધન ઉછેર પર પ્રતિકૂળ અસર થાય છે.
(3) આ રિપોર્ટ મુજબ ગંભીર વ્યાપક આર્થિક કટોકટીના લીધે ખોરાક, કૃષિ ઉત્પાદન સામગ્રીઓ, ઈંધણ અને દવા જેવી આવશ્યકચીજ તીવ્ર અછત અને ભાવમાં વધારો થયો છે જેના પરિણામે ઓગસ્ટ 2022 માં વાર્ષિક ધોરણે ખાદ્ય ફુગાવાનો દર 94% નોંધાયો છે.

(A) 1 અને 3 (B) 2 અને 3 (C) ફકત 3 (D) આપેલ તમામ

**68. કલાઈમેટ ચેન્જ વિભાગ શરૂ કરનારુ ભારતનું તથા એશિયાનું પ્રથમ રાજય કયું છે?**

(A) મહારાષ્ટ્ર (B) રાજસ્થાન (C) ગુજરાત (D) મધ્યપ્રદેશ

**69. વિશ્વભરમાં કઈ તારીખે 'વિશ્વ ઓઝોન' દિવસ ઉજવવામાં આવે છે?**

(A) 16 ઓકટોબર (B) 16 સપ્ટેમ્બર (C) 15 જુલાઈ (D) 25 સપ્ટેમ્બર

**70. તાજેતરમાં 'દ્વિતીય અખિલ રાજભાષા સંમેલન' નું આયોજન કયાં કરવામાં આવ્યું?**

(A) ભોપાલ (B) નવીદિલ્હી (C) સુરત (D) ચેન્નઈ

**71. તાજેતરમાં કઈ સંસ્થા દ્વારા 'global estimates of Modern Slavery report – 2022 ' જાહેર કરવામાં આવ્યું છે?**

(A) IMF (B) UN (C) WEF (D) ILO

**72. તાજેતરમાં વોલ્કર તુર્કને સંયુકત રાષ્ટ્ર (UN)ના માનવ અધિકાર માટેના હાઈ કમિશનર તરીકે નિમણૂક કરવામાં આવી છે. તેઓ કયા દેશના રહેવાસી છે ?**

(A) પોલેન્ડ (B) આfસ્ટ્રિયા (C) જર્મની (D) ફ્રાન્સ

**73. તાજેતરમાં હિન્દી દિવસના અવસરે વિશ્વસ્તરી સ્વદેશી અનુવાદ સોફટવેર લોન્ચ કરવામાં આવ્યું જેનું નામ જણાવો?**

(A) ભાષિકા 1.0 (B) કંઠસ્થ 2.0 (C) કાવ્યગાથ 2.0 (D) ભાષિણી 2.0

**74. દેશનો પ્રથમ 'એર ટેકસી પ્રોજેકટ' નો અમલ ગુજરાતના કયા સ્થળે કરવામાં આવશે?**

(A) હાસોલ – અમદાવાદ (B) ઈસનપુર – ગાંધીનગર (C) મોડાસ – અરવલ્લી (D) ઝાલોદ – દાહોદ

**75. તાજેતરમાં બહાર પાડવામાં આવેલ 'global estimates of modern slavery report - 2022' વિશે નીચેનામાંથી કયા / કયું વિધાન / વિધાનો સાચું / સાચા છે ?**

(1) આ રિપોર્ટ મુજબ તમામ બળજબરી મજૂરીના કેસોમાંથી 62% કેસો ઉચ્ચ આવક ધરાવતા દેશોમાં જોવા મળે છે અને 86% બળજબરી મજૂરીના કેસો ખાનગી ક્ષેત્રોમાં જોવા મળે છે.
(2) આ રિપોર્ટ અનુસાર બિન સ્થળાંતરિત પુખ્ત કામદારો કરતા સ્થળાંતરિત પુખ્ય કામદારોની સંખ્યા બળજબરી મજૂરીમાં 3 ગણી વધી છે.
(3) આ રિપોર્ટ મુજબ 50 મિલિયન લોકો વર્ષ 2021 માં આધુનિક ગુલામીમાં જીવી રહયા છે, જેમાંથી 25 મિલિયન લોકો બળજબરી મજૂરી અને 25 મિલિયન લોકો બળજબરી લગ્નમાં ફસાયા છે.
(4) આ રિપોર્ટ મુજબ બળજબરી લગ્નોની સંખ્યા સૌથી વધુ અરબ દેશોમાં છે.

(A) 1, 2 અને 4 (B) 2, 3 અને 4 (C) 1, 3 અને 4 (D) 2 અને 4

**76. તાજેતરમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ દ્વારા ગુજરાતના કયા સ્થળે બાયો ઈથેનોલ પ્લાન્ટનો શિલાન્યાંસ કર્યો?**

(A) હજીરા – સુરત (B) દહેજ – ભરૂચ (C) અલંગ – ભાવનગર (D) આણંદ – અમદાવાદ

**77. તાજેતરમાં નેશનલ ફેડરેશન ઓફ કો – ઓપરેટીવ સુગર ફેકટરી (NFCSC) નવી દિલ્હી દ્વારા શ્રેષ્ઠ નાણાંકીય વ્યવસ્થાપન અને વધુ સારી વસુલાતનો પ્રથમ – રાષ્ટ્રીય પુરસ્કાર કઈ સંસ્થાને આપવામાં આવ્યો?**

(A) પુણે – સુગરમિલ (B) નર્મદા સુગર – ધારીખેડા (C) કામરેજ સુગર – સુરત (D) ઉપરમાંથી એકેય નહિ.

**78. તાજેતરમાં Automotive Component Manufacturers Association (ACMA) ના કેટલામી વાર્ષિક સત્રનું આયોજન કરવામાં આવ્યું?**

(A) 62 મી (B) 7 મી (C) 15 મી (D) 68 મી

**79. 'E-Baal Nidan' પોર્ટલ વિશે નીચેનામાંથી કયુ વિધાન સાચા/ સાચું છે?**

(1) આ પોર્ટલ વર્ષ 2016 માં શરૂ કરાયેલ એક ઓનલાઈન ફરિયાદ પદ્ધિત છે.

(2) આ પોર્ટલ NCPCR (National Commission for Protection Child rights) ની પ્રક્રિયાને સરળ બનાવે છે અને નિવારણની પ્રક્રિયામાં પારદર્શિતા સુનિશ્ચિત કરે છે.

(3) આ પોર્ટલ નોંધાયેલ ફરિયાદો જોવા અને કાયદા દ્વારા ફરજિયાત જરૂરી પગલા લેવા માટે State Commission for Protection Child Rights (SCPCR) માટે User ID અને Password આવે છે.

(4) આ પોર્ટલ NCPCR તરફથી નોંધાયેલ ફરિયાદોને સંબંધિત રાજય આયોગ (SCPCR) ને ટ્રાન્સફર કરવાનો વિકલ્પ આપે છે.

(A) 1, 2 અને 4 (B) 2, 3 અને 4 (C) 1 અને 4 (D) આપેલ તમામ

**80. તાજેતરમાં National logistics policy 2022 નવી દિલ્હીમાં કયાં લોન્ચ કરવામાં આવ્યો છે ?**

(A) વિજ્ઞાન ભવન (B) સાહિત્ય ભવન (C) રાષ્ટ્રપતિ ભવન (D) ઉપરોક્ત પૈકી કોઈ નહી.

**81. ACMA નો 62 મી વાર્ષિક સત્રમાં ઓટોમોબાઈલ (Automotive) ઉદ્યોગ માટે કેટલા પોઈન્ટનો એકશન એજન્ડા આપવામાં આવ્યો છે?**

(A) 2 (B) 3 (C) 5 (D) 6

**82. તાજેતરમાં કયા મંત્રાલય હેઠળ આવતા 'National Commission for Protection Child Right' દ્વારા E-Ball Nidan પોર્ટલમાં સુધારો કરવામાં આવ્યો છે?**

(A) નાણા મંત્રાલય (B) ગૃહ મંત્રાલય

(C) મહિલા અને બાળવિકાસ મંત્રાલય (D) સામાજિક અને ન્યાય અધિકારિતા મંત્રાલય

**83. તાજેતરમાં National Logistic Policy 2022 કોના દ્વારા જાહેર કરવામાં આવી છે.**

(A) નાણામંત્રી (B) ગૃહ મંત્રી (C) વડાપ્રધાન (D) રાષ્ટ્રપતિ

**84. ઓટોમોબાઈલના ઉત્પાદનમાં ભારત વિશ્વમાં કયા ક્રમે છે?**

(A) 10 (B) 1 (C) 2 (D) 4

**85. તાજેતરમાં જાહેર થયેલ National Logistics Policy 2022 વિશે નીચેનામાંથી કયુ વિધાન સાચા / સાચું છે?**

(1) આ પોલિસીની જાહેરાત વર્ષ 2020 ના બજેટમાં સૌપ્રથમવાર કરવામાં આવી હતી.

(2) આ પોલિસીનો ઉદ્દેશ લોજિસ્ટિક ખર્ચમાં ઘટાડો કરવાનો છે.

(3) આ પોલિસીનો હેતુ સમ્રગ ભારતમાં માલ સામાનની સરળ અવર – જવર ને પ્રોત્સાહન આપવા અને સ્થાનિક તથા આંતરરાષ્ટ્રીય બજારોમાં માલસામાનની સ્પર્ધાત્મકતા વધારવાનો છે.

(4) ભારતની વર્તમાન લોજિસ્ટિક કિંમત ભારતના GDP નાં 10 થી 11% છે.

(A) 1, 2 અને 4 (B) 2, 3 અને 4 (C) 2 અને 4 (D) 1, 2 અને 3

**86. 'કિવક રિએકશન સરફેસ ટુ એર મિસાઈલ' (QRSAM) ના સંદર્ભે સાચા વિધાન જણાવો.**

**(i) આ મિસાઈલનું પરીક્ષણ ઓડિશાના દરિયાકાંઠે ચાંદીપુર ખાતે કરવામાં આવી.**

**(ii) DRDO અને ભારતીય નૌકાદળ દ્વારા QRSAM મિસાઈલનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું.**

(A) માત્ર (i) (B) માત્ર (ii) (C) (i) અને (ii) (D) એકપણ નહીં

**87. તાજેતરમાં ભારતની મદદથી બાંગ્લાદેશમાં મૈત્રી સુપર થર્મલ પાવર પ્રોજેકટ હેઠળ પાવર પ્લાન્ટ સ્થાપવામાં આવ્યું છે. આ પ્લાન્ટની ક્ષમતા કેટલા મેગાવોટની છે ?**

(A) 1620 MW (B) 1220 MW (C) 1320 MW (D) 1520 MW

**88. તાજેતરમાં ભારતીય સેનાએ 'પર્વત પ્રહાર' અભ્યાસ નીચેનામાંથી કયા રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશમાં હાથ ધર્યો હતો ?**

(A) લદ્દાખ (B) મેઘાલય (C) મણિપુર (D) જમ્મુ કાશ્મીર

**89. હાલ સમાચારમાં રહેનાર 'કુનો નેશનલ પાર્ક' વિશે નીચેના વિધાનો ચકાસો અને સાચા વિધાન જણાવો.**

**(i) તાજેતરમાં કેનિયાથી લાવવામાં આવેલ ચિત્તાઓની પ્રથમ બેચ (8 ચિત્તાઓને) કુનો નેશનલ પાર્કમાં છોડવામાં આવ્યા.**
**(ii) કુનો નેશનલ પાર્ક બિહાર રાજ્યના છાપરા શહેરમાં આવેલું છે.**

(A) માત્ર (i) (B) માત્ર (ii) (C) (i) અને (ii) (D) એકપણ નહીં

**90. તાજેતરમાં જાપાન–ભારત મેરીટાઈમ એકસરસાઈઝ (JIMEX-2022) નું કેટલામું સંસ્કરણનું આયોજન બંગાળની ખાડીમાં કરવામાં આવ્યું ?**

(A) દસમું (B) બારમું (C) છઠ્ઠું (D) આઠમું

**91. સમગ્ર વિશ્વમાં 'વર્લ્ડ સ્યૂસાઈડ પ્રિવેન્શન ડે' કયારે ઉજવવામાં આવે છે ?**

(A) 09 સપ્ટેમ્બર (B) 10 સપ્ટેમ્બર (C) 12 સપ્ટેમ્બર (D) 16 સપ્ટેમ્બર

**92. તાજેતરમાં ઓસ્ટ્રેલિયામાં યોજાયેલી લશ્કરી કવાયત કાકડુ 2022 (KAKADU-2022) માં ભારત તરફથી કયા INS જહાજે ભાગ લીધો હતો ?**

(A) INS વિક્રાંત (B) INS અરિહંત (C) INS વિશાખાપટ્ટનમ (D) INS સતપુડા

**93. તાજેતરમાં વિનોબા ભાવેની 127મી જન્મ જયંતી ઉજવવામાં આવી. ભારત સરકાર દ્વારા કયા વર્ષે તેમને ભારતરત્નથી સન્માનિત કરવામાં આવ્યું હતું ?**

(A) વર્ષ 1982 (B) વર્ષ 1984 (C) વર્ષ 1986 (D) વર્ષ 1988

**94. તાજેતરમાં કયા દેશમાં આયોજિત 'ઝ્યુરિચ ડાયમંડ લીગ' નીરજ ચોપરાએ જીતી લીધી છે ?**

(A) ઓસ્ટ્રિયા (B) ન્યુઝીલેન્ડ (C) સ્વિટ્ઝર્લેન્ડ (D) નેધરલેન્ડ

**95. તાજેતરમાં પ્રિવેન્શન ઓફ મની લોન્ડરીંગ એકટના અપીલ ટ્રિબ્યુલના અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી ?**

(A) મુનીશ્વરનાથ ભંડારી (B) જયદીપ દંગણ (C) ધર્મેશ પટેલ (D) શિવપુરી રૈના

**96. સમગ્ર ભારતમાં 'રાષ્ટ્રીય હિન્દી દિવસ' કયારે ઉજવવામાં આવે છે ?**

(A) 10 ઓગસ્ટ (B) 8 સપ્ટેમ્બર (C) 14 સપ્ટેમ્બર (D) 22 ઓગસ્ટ

# 12 Facts.... Inshort

1. તાજેતરમાં કયા રાજગયના Idol wing CID એ વર્ષ 1960 ના દાયકામાં નારેશ્વર શિવન મંદિરમાંથી ચોરાયેલી અને હાલમાં યુનાઈટેડ સ્ટેટ્સના વિવિધ સંગ્રહાલયોમાં રાખવામાં આવેલી ચોલા યુગની 6 કાંસાની મુર્તિઓ પુનઃપ્રાપ્ત કરવા માટે પગલાં શરૂ કર્યા છે? – **તમિલનાડુ**

2. તાજેતરમાં નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસ (NSO) ના ડેટા અનુસાર જુલાઈમાં વધીને છુટક ફુગાવો કેટલો થયો છે? – **7%**

3. તાજેતરમાં કયા મંત્રાલય દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે ભારત આગામી વર્ષ 2023 માં નવી દિલ્હી ખાતે G-20 સમિટનું આયોજન કરશે? – **ભારતના વિદેશ મંત્રાલય**

4. તાજેતરમાં બહાર પાડવામાં આવેલા નેશન હેલ્થ એકાઉન્ટસ વર્ષ 2018-19 ના ડેટા મુજબ કયો જાહેર ખર્ચ ઘટીને ભારતના GDP (Gross domestic product) ના 1.28% થયો? – **સ્વાસ્થ્ય પરનો ખર્ચ**

5. સમગ્ર દેશમાં પંચાયતી પંચાયતી રાજ સંસ્થાઓને મજબૂત કરવા માટે પંચાયતી રાજ મંત્રાલયે કઈ સંસ્થા સાથે કરાર કર્યા છે? – **ઈન્સ્ટિટ્યુટ ઓફ રૂરલ મેનેજમેન્ટ (IRMA)**

6. તાજેતરમાં Directorate of revenue intelligence (DRI) દ્વારા હેરોઈનની દાણાચોરીને રોકવા માટે કયું ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે? – **ગિયર બોક્સ**

7. વિશ્વનું સૌથી મોટુ 'નેશનલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પલેક્સ' કયાં બનાવવામાં આવશે? – **લોથલ (ગુજરાત)**

8. તાજેતરમાં ઓગસ્ટ 2022 માં છુટક ફુગાવો અને Conusmer price Index (CPI) આધારિત ફુગાવો કેટલા ટકા થયો છે, જે RBI (Reserve Bank of India) ના 'Comion level' 6 **કરતા વધારે છે? – 7%**

9. તાજેતરમાં નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસ (NSO) મુજબ જુલાઈ 2022 માં ઘટીને કેટલો થયો છે જે વર્ષ 2021 માં 11.5 હતો? – **2.4%**

10. ગુજરાત રાજય સરકાર રાજયમાં કેટલા નવા સ્થાયી પશુ દવાખાનાની શરૂઆત કરવામાં આવશે? – **40**

11. તાજેતરમાં DRI દ્વારા શરૂ કરાયેલ ઓપરેશન 'ગિયર બોક્સ' હેઠળ કયા બંદરથી 34.5 કિલો હેરોઈન જપ્ત કરવામાં આવ્યો છે? – **કોલકાતા**

12. તાજેતરમાં ચીને વિવાદિત ચીન – ભારત સરહદ નજીક કયા બે દેશો વચ્ચે યુદ્ધ અભ્યાસનો વિરોધ કર્યો. – **ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સ**

13. તાજેતરમાં ભારતીય બજારોમાં કઈ વસ્તુનો ભાવ 16 મહિનાની નીચી સપાટીએ જવાના કારણે ખેડુતો અને વિવિધ સંગઠનો દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે? – **પ્રાકૃતિક રબર (Natural rubur)**

14. ગુજરાતમાં યોજાનાર 36 મી નેશનલ ગેમ્સ અંતર્ગત 'Go for Gold' કાર્યક્રમનું આયોજન કયાં કરવામાં આવ્યું? – **અમદાવાદ**

15. તાજેતરમાં કયા બે દેશો વચ્ચે એગ્રી એન્ડ ફૂડ જિયોગ્રોફિકલ ઈન્ડિકેશન (GI) ઉત્પાદનો માટે વરર્ચુઅલ નેટવર્કિંગ મીટનું આયોજન કરવામાં આવ્યું છે? – **ભારત અને કતાર**

16. તાજેતરમાં શરૂ કરાયેલ ઓપરેશન 'ગિયર બોક્સ' શા માટે હાથ ધરવામાં આવ્યો છે? – **છુપાયેલી પ્રતિબંધિત દવાઓને શોધવા**

17. તાજેતરમાં યુનાઈટેડ નેશન્સ (UN) ના અનુમાન મુજબ વિશ્વમાં કેટલા લોકો વર્ષ 2030 સુધીમાં પાણીની અછતથી ગંભીર રીતે પ્રભાવિત થશે, જે તેમને 'One water Approach' ને અપનાવવા માટે આગળ વધારશે? – **4 બિલિયન લોકો**

18. તાજેતરમાં 16 મી સપ્ટેમ્બર (મેકિસકોના રાષ્ટ્રીય દિવસ) ના અવસર પર કયા દેશ દ્વારા મેકિસકોના નાગરિકોને તેની શુભેચ્છાઓ અને અભિવાદન આપવામાં આવ્યું અને રાજદ્વારી સંબંધોની સ્થાપનાના 72 મા વર્ષની ઉજવણી કરવામાં આવી? – **ભારત**

19. તાજેતરમાં યુરોપિયન સંસદના અહેવાલમાં જણાવ્યા મુજબ કયા દેશને વર્તમાનમાં કયા યુરોપિયન દેશને બિન – લોકશાહી જાહેર કરવામાં આવ્યું છે? – **Hungary (હંગેરી)**

20. તાજેતરમાં કયા કિંગ દ્વારા રાણી એલિઝાબેથ – II ના અવસાન બિટ્રિશ બંધારણીય રાજાશાહીનાં રાજયના વડા તરીકે શપથ લેવામાં આવ્યા? – **કિંગ ચાર્લ્સ – III**

21. તાજેતરમાં ભારતીય પોલીસ સેવાના અધિકારીએ કયાં રાજયમાં ગેરકાયદેસર દારૂની ભઠ્ઠીઓ પર કાર્યવાહી કરવા માટે 'Soft Palicing' નો ઉપયોગ કર્યો છે? – **સોલાપરુ, મહારાષ્ટ્ર**

22. તાજેતરમાં કોના દ્વારા 86 બિન–અસ્તિત્વ ધરાવતો Registered Unrecognized Political Parties (Rupp) અને વધારાના 235 પોલિટિક પાર્ટીને નિષ્ક્રિય Rupp તરીકે જાહેર કરવામાં આવ્યું છે? – **ચૂંટણીપંચ (Election Commission)**

23. તાજેતરમાં FMGC, NON-FMGC (Fast Moving consumer goods) અને ટેકનોલોજી બ્રાન્ડ પર ધ્યાન કેન્દ્રીત કરીને ભારતીય બ્રાન્ડસ પર કોવિડ – 19 માં અસરનું વ્યાપક મૂલ્યાંકન માટે કયો રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો છે? – **Kantar Brandz india 2022 રિપોર્ટ**

24. તાજેતરમાં યોજાયેલી SCO સમિટ દરમિયાન કયા શહેરને સૌપ્રથમ SCO ની પ્રવાસન અને સાંસ્કૃતિક રાજધાની તરીકે નામાંકિત કરવામાં આવી છે? – **વારાણસી, ઉત્તરપ્રદેશ**

25. તાજેતરમાં કયા દેશની સેન્ટ્રલ બેંક 'Norges Bank' દ્વારા ડિજિટલ ચલણ લોન્ચ કરવામાં આવ્યું છે? – **નોર્વે (Norway)**

26. તાજેતરમાં કયા દેશ દ્વારા બાસમતી ચોખાના તૂટેલા ચોખાની નિકાસ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે અને 20% ડ્યુટી લાદવામાં આવી છે? – **ભારત**

27. તાજેતરમાં નાણાં મંત્રાલય દ્વારા ભારતીય સ્ટાર્ટઅપ્સમાં Private equity અને Venture capital દ્વારા રોકાણને પ્રોત્સાહન આપવા માટે નિયમનકારી મુદ્દાઓનું મુલ્યાંકન કરવા અને ઉકેલવાના રીતોનું મુલ્યાંકન કરવા અને ભલામણ કરવા માટે કઈ નિષ્ણાત સમિતિની રચના કરવામાં આવી છે? – **એમ.દામોદરન (SEBI ના ભૂર્તપૂર્વ વડા)**

28. તાજેતરમાં કયાં હડપ્પન સંસ્કૃતિ પર વિશ્વનું સૌથી મોટું સંગ્રહાલય બનાવવામાં આવી રહયું છે? – **રાખીગઢી (હરિયાણા)માં**

29. તાજેતરમાં કેન્દ્રીય નાણા અને કોર્પોરેટ બાબતોના મંત્રી દ્વારા 'Financial Stability and development council' ની કેટલામી બેઠકની અધ્યક્ષતા કરવામાં આવી છે? – **26 મી**

30. તાજેતરમાં આર્મેનિયા અને અઝરબૈંજાન વચ્ચે અથડામણ દરમિયાન કઈ જગ્યાએ બંને દેશના સૈનિકોની હત્યા કરવામાં આવી? – **લાચીન (Lachin) કોરિડોર**

31. તાજેતરમાં કઈ સંસ્થા દ્વારા ચાલુ નાણાકીય વર્ષ 2022-23 ના પ્રથમ ત્રિમાસિક (April to July) કર્વાટર માટે ભારતના કૃષિ અને પ્રોસેસ્ડ ફૂડ (processed Food), નિકાસ 30% થી વધીને USD 9.6 બિલિયન થઈ છે? – **Directorate General of Commecia Intelligence and statistics (DGCI&S)**

32. તાજેતરમાં કેન્દ્રિય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહની ઉપસ્થિતિમાં ગુજરાતના કયા જિલ્લામાં 'સાત સહકારી' મંડળીની સામાન્ય સભા યોજાઈ ? – **અમરેલી**

33. તાજેતરમાં કયા બંદરગાહ (Port) વચ્ચે દેશની પ્રથમ રોપેક્સ ફેરી સેવા શરૂ કરવામાં આવી ? – **હજીરા થી ઘોઘા**

34. તાજેતરમાં ગુજરાતના કયા જિલ્લામાં 'શિપ રિસાઈકલીંગ એન્ડ વેહીકલ સ્ક્રેપ પોલિસી' અંગેનો આંતરરાષ્ટ્રીય સેમિનાર યોજાયો હતો ? – **ગાંધીનગર**

35. કોના દ્વારા Global Estimates of Modern Slavery Report-2022 જાહેર કરવામાં આવ્યો ? – **International Labour Organisation (ILO)**

## Govt.Jobs જેવી કે

BANK | SBI | IBPS | LIC | SSC | RRB | RBI

તેમજ

GPSC | PSI | નાયબ મામલતદાર | રાજ્યવેરા નિરીક્ષક | તલાટી

બિન સચિવાલય | કોન્સ્ટેબલ | TET/TAT | ચીફ ઓફીસર

ની માહિતી / ભરતીઓ / તૈયારી ના માર્ગદર્શન /Materials / ઓનલાઈન ફોર્મ ની સંપૂર્ણ માહિતી તેમજ Regular Update માટે આજે જ અમારા Social Media Platforms જેવા કે ટેલીગ્રામ / ઈન્સ્ટાગ્રામ / ફેસબુક Youtube સાથે નીચેના Icon પર Click કરીને જોડાઓ.

BANKING ACADEMY

## GPSC Class - I/II માટે સંપૂર્ણ મટીરીયલ સેટ




**COMBO BOOKS SET**

**8140858555**

આ સંપૂર્ણ મટીરીયલ સેટ મેળવવા માટે સંપર્ક કરો

## GPSC Class - III માટે સંપૂર્ણ મટીરીયલ સેટ




### Head Office-Surat (Udhna Branch)

Shree Arc, Opp. Shanidev Temple, Sosyo Corcle, Udhna-Magdalla Road, SURAT.

| Contact | Visit us | Email |
|---|---|---|
| 70466 33255 | www.bankingacademy.co.in | info@bankingacademy.co.in |

### Branches

**VARACHHA (Surat)**
4th Floor, "Silver Business Hub"
Simada-Naka to Yogichowk,
150ft BRTS Road, Varachha, Surat.
Ph. 70464 16555

**NAVSARI**
J.P. Plaza, Nr. Sushrusha Hospital,
Vijalpore, Navsari.
Ph. 70466 41555

**VYARA**
1st Floor, Skyline,
Railway Station Road,
Opp. New Bus Stand, Vyara.
Ph. 90998 64658